૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 210 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 September 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૭ | ૮ | ૯ | ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઘરનું બાંધકામ સસ્તું થશે

## સિમેન્ટ, ગ્રેનાઈટ, ઈંટ સહિતની સામગ્રીના ભાવ ઘટ્યા

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 97,650/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હીઃ જીએસટી કાઉન્સિલે આરસપહાણ અને ટ્રેવર્ટીન બ્લૉક પરનો જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો છે. ગ્રેનાઈટ બ્લૉક અને સૅન્ડ લાઈમ બ્રિક્સ પર પણ હવે અગાઉના ૧૨ ટકાને બદલે પાંચ ટકા જીએસટી વસૂલવામાં આવશે જેને કારણે ઘરનું બાંધકામ સસ્તું થશે.

બુધવારે યોજાયેલી જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં સિમેન્ટ પરનો જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ડેકોરેટિવ સ્ટોનના ભાવમાં પણ ઘટાડો થશે.

નવો નિર્ણય બાવીસ ઑગસ્ટથી અમલી બનશે. ઈમારતના બાંધકામમાં સિમેન્ટનો હિસ્સો ઉલ્લેખનીય હોય છે. સિમેન્ટના ભાવમાં થનારા ઘટાડાને કારણે બિલ્ડરો અને ડેવલપરોને રેસિડન્શિયલ અને કમર્શિયલ બાંધકામના ખર્ચમાં અર્થપૂર્ણ રાહત મળશે.

બાંધકામ માટે વપરાશમાં લેવાતી મહત્ત્વની સામગ્રી પરનો જીએસટી ઘટાડવાના જીએસટી કાઉન્સિલે લીધેલા નિર્ણયને કારણે રિયલ એસ્ટેટ, હાઉસિંગ ઈન્ડસ્ટ્રિઝ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને લાભ થશે અને બાંધકામનો ખર્ચ ઘટશે.

જીએસટી કાઉન્સિલના આ નિર્ણયને કારણે ઘર કે કમર્શિયલ પ્રોપર્ટી ખરીદનારાઓને પણ લાભ થશે.

સિમેન્ટ પરનો જીએસટી અગાઉના ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાના જીએસટી કાઉન્સિલના નિર્ણયને કારણે બાંધકામનો ખર્ચ ઘટશે અને તેને લીધે ગ્રાહકો તેમ જ રિયલ એસ્ટેટ ઉદ્યોગને લાભ થશે, એમ કૉન્ફેડરેશન ઑફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (ક્રેડાઈ)એ ગુરુવારે કહ્યું હતું.

જીએસટી દરના માળખાનું સરળીકરણ અને જીએસટીના ચાર સ્લેબમાં ઘટાડો કરી બે સ્લેબ કરવાના સરકારના નિર્ણયને પણ ક્રેડાઈએ વધાવી લીધો હતો.

આરબીઆઈએ રેપોરેટ યથાવત રાખ્યો હોવા ઉપરાંત જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડાને કારણે ગ્રાહકોની ખરીદશક્તિ વધશે અને તહેવારોની સિઝનમાં વેચાણ વધશે એમ જણાવતાં બાંધકામ ક્ષેત્રના નિષ્ણાતોએ કહ્યું હતું કે જીએસટી કાઉન્સિલનો આ નિર્ણય ગેમચેન્જર પુરવાર થશે. (એજન્સી)■

મુંબઈ સમાચાર
શરૂ થઈ રહી છે
એક નવી ધારાવાહિક
નવલકથા
...............
સોમ થી શનિ રોજ
એક તાજું પ્રકરણ
વાંચવાનું ચૂકશો નહીં
...............
તમારી આતુરતાનો અંત
ટૂંક સમયમાં જ!

## દરેક ઘર, દુકાનની બહાર ‘સ્વદેશી’નું બોર્ડ લગાવોઃ મોદી

### ‘નવરાત્રિથી લોકોની ખુશી વધશે અને જીવનધોરણ સુધરશે’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને દરેક ઘર અને દુકાનોની બહાર ‘હર ઘર સ્વદેશી’નું બોર્ડ લગાવવા અનુરોધ કર્યો હતો અને શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને સ્વદેશી ઉત્પાદનો જ વાપરવા માટેની ચળવળનું નેતૃત્વ કરવા હાકલ કરી હતી.

મોદીએ જણાવ્યું હતું કે જીએસટીમાંના દરમાં ઘટાડાથી દેશના નાગરિકોની ખુશી વધશે અને તેઓનું જીવનધોરણ સુધરશે. નવરાત્રિના પહેલા દિવસથી જ જીએસટીના નવા દર અમલમાં આવશે. મેં દિવાળી અને છઠ પૂજાની પહેલા ખુશીના ડબલ ધમાકાનું આપેલું વચન પૂરું કર્યું છે.

જીએસટીનું માળખું વધુ સરળ થયું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે જીએસટીના પાંચ અને ૧૮ ટકાના નવા દર નવરાત્રિના પ્રથમ દિવસથી અમલી બનશે. જીએસટીમાં સુધારા મારફતે સરકારે ભારતના વાઈબ્રન્ટ અર્થતંત્રમાં પાંચ

(જુઓ પાનું ૨) ▸▸

## ચાંદીના દાગીના પર હૉલમાર્કિંગ શરૂ

નવી દિલ્હીઃ સરકારે ચાંદીના દાગીના અને ચીજો પર હૉલમાર્કિંગ મરજિયાત ધોરણે શરૂ કરાવ્યું છે. ચાંદીની શુદ્ધતા પ્રમાણિત કરતી ડિજિટલ આઈડેન્ટિફિકેશન સિસ્ટમનો પ્રારંભ પહેલી સપ્ટેમ્બરથી કરાવ્યો છે.

અગાઉના આઈએસ ૨૧૧૨:૨૦૧૪નું સ્થાન લેનાર આઈએસ ૨૧૧૨:૨૦૨૫ની જાહેરાતને પગલે બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બીઆઈએસ)એ તેના હૉલમાર્કિંગ સ્ટાન્ડર્ડમાં સુધારો કર્યો છે.

હૉલમાર્કિંગ યુનિક આઈડેન્ટિફિકેશન (એચયુઆઈડી)ના આધારે ચાંદીના દાગીના અને ચીજોનું હૉલમાર્કિંગ ચાંદીની શુદ્ધતાની પરખને વેગ આપશે.

ચાંદીની શુદ્ધતા પ્રમાણિત કરતી ડિજિટલ આઈડેન્ટિફિકેશન સિસ્ટમને ગૉલ્ડ હૉલમાર્કિંગ સિસ્ટમ સાથે સાંકળી લેવામાં

(જુઓ પાનું ૨) ▸▸

RAAS
SAREES | BRIDAL & MUCH MORE
FLAT 40% OFF
ON BANDHANI & PATOLA
FROM 19TH AUG TO 5TH SEPT
Rest of the Collection Up To 40% OFF
S.V.ROAD, SANTACRUZ (WEST)
022 4748 3803 | 88799 63976

## દેશના ૪૭ ટકા પ્રધાનો સામે ફોજદારી કેસ

નવી દિલ્હીઃ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના તાજેતરના અહેવાલ મુજબ, દેશના લગભગ ૪૭ ટકા મંત્રીઓએ પોતાની સામે ફોજદારી કેસ હોવાનું કબૂલ કર્યું છે. આમાં હત્યા, અપહરણ અને મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ જેવા ગંભીર આરોપોનો સમાવેશ થાય છે. ૨૭ રાજ્ય વિધાનસભાઓ, ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રી પરિષદના ૬૪૩ મંત્રીઓના સોગંદનામાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ૩૦૨ મંત્રીઓ પર ફોજદારી કેસ નોંધાયેલા છે, જેમાંથી ૧૭૪ પર ગંભીર ફોજદારી કેસ છે.

આ રિપોર્ટ કેન્દ્ર સરકાર ત્રણ બિલ રજૂ કર્યાના થોડા દિવસો પછી આવ્યો છે જેમાં પાંચ વર્ષ કે તેથી વધુ સજા સહિતના

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદ-મુંબઈ હાઈ-વે પર ૧૫ કિ.મી.નો ટ્રાફિકજૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈ-વે પર આવેલા જાંબુવા બ્રિજ પર ફરી એકવાર ૧૫ કિ.મી. લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ટ્રાફિકજૅમના કારણે વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. ટ્રાફિકમાં એમ્બ્યુલન્સો પણ ફસાઇ ગઈ હતી. જાંબુવાથી લઇને પુનિયાદ સુધી વાહનોની લાંબી-લાંબી કતારો લાગી હતી. વારંવાર ખાડા પૂરવાની કામગીરી છતાં વરસાદને કારણે ફરી ખાડા પડી જતા હોવાથી આ સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ આવતું નથી, જેથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સૂત્રોના કહેવા પ્રમાણે, દર વખતે ચોમાસામાં વાહનચાલકો પરેશાન થાય છે અને ટ્રાફિકજૅમમાં અટવાઈ જાય છે. કોઈને હૉસ્પિટલ તો કોઈને મહત્ત્વનું કામ હોવાથી લોકો નીકળતા હોય છે પરંતુ, ટ્રાફિકજૅમના કારણે કોઈ સમયસર પહોંચી શકતું નથી. હાઇ-વે પર આવતી એમ્બ્યુલન્સો પણ

(જુઓ પાનું ૨) ▸▸

## જીએસટીના કાપને સામાન્ય જનતા, વેપારીઓએ આવકાર્યો

નવી દિલ્હીઃ જીએસટીમાંના ઘટાડાને સામાન્ય જનતા, વેપારીઓ, ઉદ્યોગોએ વ્યાપક આવકાર આપ્યો હતો અને તેના લાભ સામાન્ય જનતા સુધી પહોંચવાની આશા વ્યક્ત કરી હતી.

જીએસટીના દરમાંના ઘટાડાને લીધે દૈનિક વપરાશની મોટા ભાગની ચીજો, ઘરનું બાંધકામ, ડેરી ઉત્પાદનો, દવા,

(જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરની ઝેલમ નદીમાં ૧૧ વર્ષ પછી પૂર

*સુરેશ ડુગ્ગર*

જમ્મુ : પંપોરના જૈનપોરાના રહેવાસીઓને અડધી રાત્રે એવા અવિશ્વાસ અને આંચકાનો સામનો કરવો પડ્યો કે સુમારે અઢી વાગ્યે ઝેલમ નદીનું પાણી તેમના વિસ્તારમાં ઘૂસી ગયું હતું. ૧૧ વર્ષ પહેલાં ઝેલમે આ જ રીતે કાશ્મીરીના ઘરોમાં દસ્તક દીધી હતી. આ ૧૧ વર્ષમાં ન કોઈ બોધ લેવામાં આવ્યો કે પૂરથી બચવા કોઈ ઉપાય કરવામાં આવ્યા. સ્થાનિક લોકોએ માહિતી આપી કે પાણી અચાનક ઘરો અને ગલીઓમાં પ્રવેશ્યું એ પહેલાં જોરદાર ધડાકા સંભળાયા. આ અવાજ બંધ તૂટવાનો હશે.

રોડ પરનું પોતાનું ઘર ડૂબી ગયું એ જોઈને એક મહિલાએ કહ્યું કે અમને એમ પ્રતીત થયું કે નદી અમારા પર વરસી.

(જુઓ પાનું ૨) ▸▸

## વીમા કંપનીઓએ ટૅક્સ ક્રેડિટ રિવર્સ કરવી પડશે

નવી દિલ્હી : જીએસટીમાં છૂટ અમલી બનશે ત્યારે જીવન અને આરોગ્ય વીમાની કંપનીઓને ૨૧ સપ્ટેમ્બર સુધી જમા થયેલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી)ને રિવર્સ કરવી પડશે અને આને પગલે કંપની પર વધારાનો બોજો આવશે, એવી માહિતી વેરાના નિષ્ણાતોએ આપી હતી.

બાવીસ સપ્ટેમ્બરથી ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સમાં પ્રીમિયમ પેમેન્ટને છૂટ આપવામાં આવશે. હાલમાં આવી પૉલિસીમાં ૧૮ ટકા જીએસટી લાદવામાં આવ્યો હતો.

નાણા ખાતાએ જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક બાદ પ્રશ્નોત્તરીના સેટ મૂક્યા છે.નાણા મંત્રાલયે કહ્યું છે કે જીએસટીના દરના સરળીકરણ બાદ જો બિઝનેસમાં આઉટવર્ડ સપ્લાયમાં છૂટ મળી છે એ બિઝનેસે તેમના લેજરમાં ભેગી થયેલી આઈટીસી ઊલટાવી પડશે.

મંત્રાલયે કહ્યું હતું કે ભેગી થયેલી આઈટીસીનો ફક્ત આઉટવર્ડ લાયેબિલિટીને દૂર કરવા માટે જ ઉપયોગ કરી શકાશે. સીજીએસટી

(જુઓ પાનું ૨) ▸▸

સમીર શાહ ના સથવારે...
JAPAN 2025
10 NIGHTS - ALPINE AUTUMN
Dates: 14 & 25 Oct. | 07 Nov.



Per Adult (2 in 1 Room) = US$ 4200 = ₹3,65,000*
Per Child No Bed = US$ 2200 = ₹1,92,000*
EARLY BIRD OFFER - BEFORE 30 SEP. 2025
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
Excludes: Flight Ticket (Approx ₹50,000), GST, TCS
9769000799
9820026046
Dolphin Tours

શું તમને લાગે છે કે દિવાળીના વેકેશન માટે પ્લાનિંગ મોડું થઈ ગયું છે?
બિલકુલ નહીં, વેલ્વેટ વેકેશન તમારી બધી ચિંતાઓ દૂર કરવા માટે અહીં છે.
તમારા પ્રવાસને યાદગાર બનાવવા માટે અમે લઇ આવ્યા છે ખાસ દિવાળી પેકેજ.
આજે જ અમારી અંધેરી સ્થિત ભવ્ય ઓફિસની મુલાકાત લો અથવા ફોન કરો.




VELVET VACATIONS
Skyline Holidays
અમારા પેકેજમાં શું સામેલ છે?
▸ વિમાન ભાડું, વિઝા, લક્ઝરી હોટેલમાં રોકાણ, ભોજન, ટેક્સ, પ્રોફેશનલ ટૂર મેનેજર, દરેક મુખ્ય જોવાલાયક સ્થળોની મુલાકાત અને બધી જ ટિપ્સ પણ!
▸ અમારી કિંમતોમાં કોઈ છુપા ચાર્જ નથી. અમે ડોલર કે યુરોનો ભાવ ઓછો ગણીને પાછળથી કિંમત વધારવાની પદ્ધતિમાં માનતા નથી. અમારી કિંમતો સંપૂર્ણપણે સ્પષ્ટ અને અંતિમ છે.
▸ વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ ચાલુ છે!
વેલ્વેટ વેકેશન - તમારી ખુશી, અમારી પ્રાથમિકતા.
OTHER DESTINATIONS - ALMATY | BALI | NEW ZEALAND | BAKU | DUBAI | SCANDINAVIA MIDNIGHT SUN | EGYPT | ICELAND | SINGAPORE MALAYSIA
મોનિષ: +91 8849003031 | કમલેશ: +91 8108012096 | કુનાલ: +91 8422820391
B/301, 3rd Floor, Remi Biz Court, Plot No. 9, Shah Industrial Estate, Off Veera Desai Rd, Andheri (W), Mumbai, Maharashtra 400053.
Novex Encourages Copyright Compliance.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીએ વચન પાળ્યું, હવે પૂરો લાભ લોકોને મળે એ જરૂરી

**વડા** પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઑગસ્ટે લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસે કરેલા ભાષણમાં જીએસટીના દરોમાં ઘટાડો કરીને દિવાળી પહેલાં દેશના મધ્યમ વર્ગને મોટી ભેટ આપવાની જાહેરાત કરેલી. મોદીએ આ વચન પાળ્યું છે અને જીએસટીના ચાર સ્લેબની જગાએ બે જ સ્લેબ કરી નાંખીને લોકોને મોટી રાહત આપી છે. આ સ્લેબ નવરાત્રિના પહેલા દિવસથી એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવવાના છે તેથી લોકોની દિવાળી તો સુધરશે જ પણ નવરાત્રિ પણ સુધરશે.

લક્ઝુરીયસ ચીજો અને તમાકુ ઉત્પાદનો પર ૪૦ ટકા જીએસટી લાદવામાં આવશે એવી જાહેરાત પણ નાણામંત્રી નિર્મલા સીતારમણે કરી છે તેથી વાસ્તવિક રીતે જીએસટીના ત્રણ સ્લેબ રહેશે પણ સામાન્ય માણસને અસર કરતી મોટા ભાગની નહીં બલ્કે તમામ ચીજો બે સ્લેબમાં આવરી લેવાઈ છે તેથી સામાન્ય માણસ માટે આ જાહેરાત ફાયદાકારક છે.

નિર્મલા સીતારમણે કરેલી જાહેરાત પ્રમાણે હવે જીએસટીના પાંચ ટકા અને ૧૮ ટકા એમ બે જ સ્લેબ હશે. પહેલાં જીએસટીનો સૌથી વધારે દર ૨૮ ટકા હતો એ સીધો નાબૂદ કરી દેવાયો છે તેથી જે ચીજો પર ૨૮ ટકા ટેક્સ લાગતો હતો એ બધી ચીજો પરનો ટેક્સ સીધો ૧૦ ટકા ઘટી ગયો છે. જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લેવાયેલા આ નિર્ણયના કારણે સામાન્ય માણસની રોજિંદા વપરાશની ઘણી ચીજોના ભાવ ઘટી જશે એવી આશા રખાય છે.

દૂધ, રોટલી, પીત્ઝા બ્રેડ સહિતની ઘણી ખાદ્ય ચીજો પરથી જીએસટી હટાવી દેવાયો છે જ્યારે હેર ઓઈલ, સાબુ, ટૂથપેસ્ટ, ટેબલવેર અને કિચનવેર જેવી તમામ ઘરવપરાશની વસ્તુઓ હવે ૫ ટકાના સ્લેબમાં આવી ગઈ છે. મધ્યમ વર્ગ માટે હવે અનિવાર્ય બની ગયેલાં એસી-ટીવી અને ફ્રિજ પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે તેથી પણ લોકોને રાહત થશે. ટ્રેક્ટર, ટ્રેક્ટર ટાયર અને પાર્ટસ, ડ્રીપ ઇરિગેશન સિસ્ટમ અને સ્પ્રિકંલર, એગ્રીકલ્ચરલ, હાર્ટિકલ્ચરલ અને ફોરેસ્ટી મશીન પર જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો તેથી ખેડૂતોને ફાયદો થશે.

મધ્યમ વર્ગને સૌથી મોટો ફાયદો હેલ્થ ઈન્સ્યોરન્સ એટલે કે મેડિક્લેઈમ અને લાઈફ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ નાબૂદ કરવાથી થશે કેમ કે તેનું સીધું ભારણ મધ્યમ વર્ગના ખિસ્સા પર આવતું હતું. મધ્યમ વર્ગ માટે હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ અનિવાર્ય થઈ ગયા છે કેમ કે માંદગી ક્યારે આવે એ નક્કી નહીં ને મેડિક્લેઈમ ના હોય તો હૉસ્પિટલના ખર્ચમાં લાંબા થઈ જવાય. જીવનનો કંઈ ભરોસો નહીં એટલે લાઈફ ઈન્સ્યોરન્સ પણ લેવો જ પડે કે જેથી અચાનક કંઈ થઈ જાય તો પરિવારને તકલીફ ના પડે. હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર અત્યારે ૧૮ ટકા જીએસટી લાગે છે. આપણે પ્રીમિયમ ભરીએ ત્યારે બધું આપણા ખાતામાં જાય છે એમ માનીએ છીએ પણ વાસ્તવમાં હેલ્થ કે લાઈફ ઈન્સ્યોરન્સ પૉલિસીના પ્રીમિયમ પર ૧૮ ટકા ટેક્સ આપવો પડતો. સીધા શબ્દોમાં કહીએ તો વરસે લાખ રૂપિયા પ્રીમિયમમાં જતા હોય તો તેના પર ૧૮ હજાર તો જીએસટી લાગતો હતો. હવે નવરાત્રિના પહેલા દિવસથી આ ટેક્સ ઝીરો થઈ જશે તેથી સામાન્ય લોકોને બહુ રાહત થશે.

મોદી સરકારની જાહેરાત એ રીતે પણ મહત્ત્વની છે કે, મધ્યમ વર્ગને રાહત આપવા માટે જીએસટીમાં કરાયેલા ફેરફારથી સરકારની આવક ના ઘટે તેનું પણ ધ્યાન રખાયું છે. તેના કારણે વિકાસનાં કામો ખોટકાશે કે તેમના માટે ઓછું ફંડ મળશે એ ડર રાખવા જેવો નથી. સિગારેટ સહિતનાં તમાકુ ઉત્પાદનો અને કાર સહિતની લક્ઝરીયસ ચીજો પરનો ટેક્સ વધારીને ૪૦ ટકા કરી દેવાયો છે. વધારાની ખાંડ, સ્વીટનર અથવા ફ્લેવર ધરાવતી કોલ્ડ ડ્રિંક્સ સહિતની ચીજો પરનો જીએસટી પણ ૨૮ ટકાથી વધારીને ૪૦ ટકા કરાયો છે. છેલ્લાં કેટલાંક વરસોમાં આ બધી ચીજોનો વપરાશ પુષ્કળ વધ્યો છે તેથી ૧૨ ટકા ટેક્સ વધારાના કારણે સરકારની આવક વધશે. કોલ્ડ ડ્રિંક્સ, સિગારેટ સહિતની ચીજો તો સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે તેથી મોદી સરકારે એક કાંકરે બે પક્ષી મારવા પ્રયત્ન કર્યો છે, પણ તેના કારણે લોકોમાં તેનો વપરાશ ઘટશે એવી બહુ આશા રાખવા જેવી નથી. અલબત્ત એ વ્યક્તિગત પસંદગીની બાબત છે તેથી જેને ધીમા ઝેરથી મરવું હોય તેને કોઈ ના રોકી શકે પણ સમજદાર હશે એ પૈસાનું પાણી કરીને મોત તરફ જવાનું પસંદ નહીં કરે.

મોદી સરકારે લોકોને ફાયદો કરાવતી જાહેરાતો કરીને પ્રસંશનીય કામ કર્યું છે તેમાં શંકા નથી પણ વધારે જરૂરી બાબત તેનો પ્રમાણિકતાથી અમલ થાય અને લોકોને સીધો ફાયદો મળે એ છે. આપણે ત્યાં ઊંટે કાઢ્યા ઢેકા તો માણસે કર્યા કાઠાં જેવી હાલત છે. સરકાર લોકોને ફાયદો કરાવવા માટે કોઈ પણ જાહેરાત કરે એટલે તેમાંથી કઈ રીતે વધારે નફો કમાવવો તેનાં તિકડમ શરૂ થઈ જતાં હોય છે. રિઝર્વ બૅંક રેપો રેટમાં ઘટાડો કરે પછી મોટા ભાગની બૅંકો ઘટાડો થયો હોય તેના પ્રમાણમાં લોકોને રાહત નથી આપતી એ આપણો વરસોનો અનુભવ છે. રેપો રેટ ૨૫ બેઝિસ પોઈન્ટ વધે તો વ્યાજના દરમાં અડધા ટકાનો વધારો કરી નાંખનારી બૅંકો ૫૦ બેઝિસ પોઈન્ટના ઘટાડા વખતે વ્યાજમાં ૨૫ બેઝિસ પોઈન્ટ એટલે કે પા ટકાનો જ ઘટાડો કરીને નફાખોરી કરે છે એ આપણે વરસોથી જોઈએ છીએ.

વીમા કંપનીઓ અને કંપનીઓ પણ આ જ ખેલ કરે એવી પૂરી શક્યતા છે તેથી કેન્દ્ર, રાજ્ય સરકારો અને લોકોએ પણ સતર્ક રહેવું પડે, બાકી મોદી સરકારે સારા ઉદ્દેશથી કરેલી જાહેરાતનો અર્થ નહીં રહે. સરકારી નિયમ પ્રમાણે, વીમા પ્રીમિયમ પર જીએસટી વસૂલાય એ વીમા કંપનીઓને કમિશન એજન્ટ કે ઓફિસ સહિતની સુવિધાઓમાં બાદ મળે છે. વીમા કંપનીઓ વસૂલેલા જીએસટીની ૭૦ ટકા રકમ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) તરીકે પાછી મેળવી શકે છે તેથી જીએસટીમાંથી વીમા કંપનીઓનો ખર્ચ નિકળતો. હવે જીએસટી જ નિકળી જતાં વીમા કંપનીઓને આઈટીસી નહીં મળે તેથી કંપનીઓ પોતાનો ખર્ચ કે ખોટ ગ્રાહકો પર નાખવા પ્રીમિયમ વધારે એવી પૂરી શક્યતા છે. એ જ રીતે કંપનીઓ પણ ચીજોના ભાવ થોડાક વધારીને લોકોને પૂરેપૂરી રાહત ના આપે એવી શક્યતા પ્રબળ છે તેથી સરકારે લોકોને પૂરેપૂરો ફાયદો મળે એ માટે ગાળિયો કસવો પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૫–૯–૨૦૨૫,
પ્રદોષ, ગોત્રિ – રાત્રિ પ્રતારંભ

- ભારતીય દિનાંક ૧૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ–૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૩–૩૭ સુધી, પછી ધનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સાંજે ક. ૧૭–૧૪,
- ઓટઃ સવારે ક. ૧૧–૫૬, મધ્યરાત્રે ક. ૦૦–૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – ત્રયોદશી. પ્રદોષ, ગોત્રિ – રાત્રિ પ્રતારંભ, ઓનમ–થીરુઓનમ (કેરાલા), ઈદે મિલાદ (મુસ્લિમ), સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ–પાર્વતી પૂજા, જાપ, કિર્તન ભક્તિ, રાત્રિ જાગરણ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વદેવ પ્રતિષ્ઠા, પ્રયાણ, ઔષધ ઉપચાર, રાજ્યાભિષેક, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરગામ પ્રયાણ મધ્યમ, પરદેશનું પસ્તાનું, વાહન–સવારી દુકાન, વિદ્યારંભ, હજામત, માલ લેવો, પ્રયાણ શુભ, બાળકને અન્નપ્રાશન, મંદિરમાં પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, વૃક્ષ વાવવા, આભૂષણ, શાંતિ પૌષ્ટિક, નામકરણ, દેવદર્શન, ખેતીવાડી, ધાન્ય ભરવું. આચમનઃ મંગળ–ગુરુ ચતુષ્કોણ વધારે પડતા ઉત્સાહી, ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર–મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ
- ખગોળ જ્યોતિષઃ મંગળ–ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર–મંગળ ત્રિકોણ (તા. ૬)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–સિંહ, ગુરુ–મિથુન, શુક્ર–કર્ક, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# જીએસટી કપાતનો લાભ ગ્રાહકોને આપજોઃ ગોયલ

નવી દિલ્હીઃ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જીએસટી સુધારાઓને 'ગેમ ચેન્જર' ગણાવ્યા છે. તેમણે ઉદ્યોગોને તેના સંપૂર્ણ લાભો ગ્રાહકો સુધી પહોંચાડવા કહ્યું છે. ઇન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૫ કાર્યક્રમને સંબોધતા મંત્રીએ કહ્યું હતું કે જીએસટીમાં ઘટાડાથી દરેક ગ્રાહકને ફાયદો થશે. તેમણે કહ્યું હતું કે, ''છેલ્લા ૧૧ વર્ષમાં શરૂ કરવામાં આવેલી અનેક યોજનાઓના પરિણામે ગઈકાલે જીએસટીમાં પરોક્ષ કરમાં જે સુધારો કરવામાં આવ્યો તે પરિવર્તનકારી છે. તેની ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર અને ખેડૂતોથી લઈને આપણા એમએસએમઈ (સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો) સુધીના ઘણા ક્ષેત્રો પર નોંધપાત્ર અસર પડશે.'' ગોયલે કહ્યું હતું કે, ''દેશના દરેક હિસ્સેદાર, દરેક ગ્રાહકને આનો લાભ મળશે.''

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સુધારાઓને 'ગેમ ચેન્જર' ગણાવતા મંત્રીએ કહ્યું હતું કે આ પગલું ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનવાનોી સફરમાં આગામી મહિનાઓ અને વર્ષોમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગોયલે ઉદ્યોગને ''જીએસટીના તમામ લાભો ગ્રાહકો સુધી પહોંચાડવા'' વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે ફાર્માસ્યુટિકલ અને ન્યુટ્રાસ્યુટિકલ ઉદ્યોગોને પણ આ જીએસટી સુધારાઓથી ફાયદો થશે. ■

# પંજાબ, હરિયાણામાં વરસાદથી ભારે નુકસાન

ચંડીગઢ : મેઘરાજાએ પૂરગ્રસ્ત પંજાબ અને પડોશી રાજ્ય હરિયાણાને ધમરોળી નાખ્યું હતું. બન્ને રાજ્યની સામાન્ય રાજધાની ચંડીગઢમાં ગુરુવારે સવારના સાડાઆઠ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૨૦.૪ મિલીમીટર વરસાદ પડ્યો હતો. વરસાદને લીધે પંજાબની પૂરની પરિસ્થિતિ વણસી હતી. પંજાબમાં મરણાંક ૩૭ પર પહોંચી ગયો હતો. ૧૯૮૮ પછીના સૌથી ભયાનક પૂરમાં પંજાબના ૨૩ જિલ્લાના ૧.૭૫ લાખ હેકટર જમીન પરના પાકને નુકસાન થયું હતું.

પંજાબના મોહાલીમાં ૧૮ મિલીમીટર, ગુરદાસપુરમાં ૧૪.૮ મિલીમીટર, અમૃતસરમાં ૬.૪ મિલીમીટર, પતિયાળામાં ૨.૩ મિલીમીટર અને લુધિયાણામાં ૦.૪ મિલીમીટર વરસાદ પડ્યો હતો. હરિયાણામાં છેલ્લા ૨૪ કલાકમાં પંચકુલામાં ૭૬ મિલીમીટર, કરનાલમાં ૧૬.૮ મિલીમીટર, હિસારમાં ૧૨.૬ મિલીમીટર, અંબાલામાં ૫.૩ મિલીમીટર અને રોહતકમાં ૧.૮ મિલીમીટર વરસાદ પડ્યો હતો. સતત પડી રહેલા વરસાદને લીધે પંજાબ અને હરિયાણામાં નદીઓની સપાટી વધી છે. હરિયાણાના યમુનાનગર જિલ્લામાં હાથીકુંડ બંધમાંથી સોમવારે સવારે નવ વાગ્યે ૩,૨૯,૩૧૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. (એજન્સી)■

# જીએસટી સૉફ્ટવૅર અપગ્રેડ કરાશે

નવી દિલ્હી : જીએસટીનું નવું માળખું ૨૨ સપ્ટેમ્બરથી લાગુ પાડવા માટે સૉફ્ટવૅર સુધારવા જીએસટી ડિપાર્ટમેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે સંકલન કરી રહ્યું છે, એવી માહિતી જીએસટીના ટોચના અધિકારીએ આપી હતી.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)ના ચેરમેન સંજય કુમાર અગ્રવાલે કહ્યું હતું કે ઉદ્યોગોએ જે માલમાં દર ઘટાડવામાં આવ્યા છે એની ભેગી થયેલી ઈન્પૂટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) અંગે ચિંતા કરવાની જરૂર નથી. તેઓ આઈટીસીનો ઉપયોગ વેરા ચૂકવવા માટે કરી શકે છે.

બુધવારે જીએસટી કાઉન્સિલે જીએસટીને બે સ્તરીય માળખું એટલે કે પાંચ અને ૧૮ ટકા વેરાનું માળખું કરવાના પ્રસ્તાવને સંમતિ આપી હતી. આ માળખું ૨૨ સપ્ટેમ્બરથી લાગુ પડશે. નવા માળખામાં તંબાકુ અને સંબંધિત ઉત્પાદનો અને અતિશય વૈભવી વસ્તુઓ પર ૪૦ ટકાનો ખાસ દર રાખવામાં આવ્યો છે. જીએસટીમાં હાલમાં ૫,૧૨,૧૮ અને ૨૮ ટકાના સ્લેબ છે. તદુપરાંત ૨૮ ટકાથી ઉપર કમ્પેન્સેશન સેસ લાગતો હતો.

અગ્રવાલે એક મુલાકાતમાં કહ્યું હતું કે દરમાં વ્યાપક ફેરફાર કરવામાં આવ્યા છે. ૪૦ ટકાનો નવો દર દાખલ કરવામાં આવ્યો છે. અમને વિશ્વાસ છે કે અમને નવા માળખાના અમલ પહેલાં મળનારા બે અઠવાડિયાંના સમયમાં અમે નવા જીએસટી માળખા માટે સુસજ્જ રહીશું. અમારા વિભાગે ઉદ્યોગનો સંપર્ક કર્યો છે અને તેમને હેડ અપ આપવામાં આવ્યા છે જેથી તેઓ તેમની સિસ્ટમ સુધારી શકે. ઉદ્યોગો આ ફેરફાર ઈઆરપી સિસ્ટમમાં મૂકી શકે જેથી આખી કાયાપલટ સરળ રહે અને એમાં કોઈ અડચણો ન આવે. (એજન્સી) ■

# યોગ સેન્ટર, જિમ, હજામત સસ્તાં થશે

નવી દિલ્હીઃ બ્યૂટી ઍન્ડ ફિઝિકલ વૅલબિઈંગ સર્વિસિસ સહિત હૅલ્થ ક્લબ, સલૂન, બાર્બર્સ, ફિટનેસ સેન્ટર, યોગ સેન્ટર વગેરે પરનો જીએસટી ઈનપુટ ક્રેડિટ ટેક્સ સહિત ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવતા યોગ સેન્ટર, જિમ, હજામત સસ્તાં થશે.

હૅર ઓઈલ, ટૉઈલેટ શૉપ બાર્સ, શેમ્પુ, ટૂથબ્રસ, ટૂથપેસ્ટ સહિત દૈનિક વપરાશમાં ઉપયોગમાં લેવાતી પરનો જીએસટી પણ હાલના ૧૨ અને ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવતાં આ તમામ વસ્તુઓ પણ સસ્તી થશે.

ટેલ્કમ પાઉડર, ફૅસ પાઉડર, શેવિંગ ક્રિમ, આફ્ટરશેવ લોશન સહિતની દૈનિક વપરાશમાં લેવાતી અન્ય વસ્તુઓ પરનો જીએસટી પણ ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યો છે. લિક્વિડ શૉપ પરનો જીએસટી ૧૮ ટકા જાળવી રાખવામાં આવ્યો છે.

જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં જીએસટીમાં ઘટાડાવાના લેવામાં આવેલા નિર્ણયનો બાવીસ સપ્ટેમ્બરથી અમલ થશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની સહમતીથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સમાજના નીચલા અને મધ્યમ વર્ગના લોકોના માસિક ખર્ચમાં ઘટાડો કરવાના આશયથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. (એજન્સી)■

# વૈશ્વિક સ્તરે ગૂગલ ડાઉન

## જીમેલ, સર્ચ, યુટ્યૂબ, મેપ્સના લાખો વપરાશકર્તાઓ મુશ્કેલીમાં મુકાયા

ઇન્ટરનેટ સર્ચ એન્જિન જાયન્ટ ગૂગલ, ઘણા દેશોમાં આઉટેજનો સામનો કરી રહી છે. વિશ્વની સૌથી લોકપ્રિય ઇમેઇલ સેવાઓમાંની એક, જીમેલ તેનું વીડિયો પ્લેટફોર્મ યુટ્યૂબ અને ગૂગલ મેપ્સ સહિત ગૂગલ દ્વારા ઓફર કરવામાં આવતી સેવાઓ પણ મોટી સંખ્યામાં વપરાશકર્તાઓ માટે બંધ છે.

ટ્રેકિંગ વેબસાઇટ ડાઉનડિટેક્ટર દ્વારા શૅર કરાયેલા ડેટા અનુસાર સૌથી વધુ નોંધાયેલી સમસ્યાઓમાં ગૂગલ વેબસાઇટ (૬૮%), સર્ચ (૨૧%) અને ગૂગલ ડ્રાઇવ (૧૧%)નો સમાવેશ થાય છે. અન્ય ઇન્ટરનેટ વોચડોગ સંસ્થા નેટબ્લોક્સે પણ આ આઉટેજની જાણ કરતા જણાવ્યું હતું કે ''ગુગલ સર્ચ અને યુટ્યૂબ સહિત અનેક ઓનલાઈન સેવાઓ હાલમાં આંતરરાષ્ટ્રીય આઉટેજનો અનુભવ કરી રહી છે; દેશ-સ્તરીય ઇન્ટરનેટ વિક્ષેપો અથવા ફિલ્ટરિંગ સાથે સંબંધિત ઘટનાઓ નથી.''

જે મુખ્ય શહેરોમાંથી ગૂગલ ડાઉન થયાની જાણ થઈ રહી છે તેમાં અમેરિકાના ન્યૂ યોર્ક અને શિકાગોનો સમાવેશ થાય છે. યુઝર્સે યુ.એસ.માં પૂર્વીય સમય મુજબ ગુરુવારે સવારે ૩.૩૮ વાગ્યે આઉટેજની જાણ કરવાનું શરૂ કર્યું હતું. પૂર્વી, દક્ષિણ-પૂર્વીય યુરોપ અને એશિયાના ઘણા યુઝર્સે પણ ગૂગલ ડાઉન થયા બાદ પોતાની નિરાશા વ્યક્ત કરી. ■

## પહેલા પાનાનું ચાલુ

### દરેક ઘર

રત્નનો ઉમેરો કર્યો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે બિઝનેસ કરવામાં સરળતા રોકાણ અને રોજગારને વેગ આપશે.

જીએસટીના માળખામાં કરવામાં આવેલા સુધારા સહકારી (કોઓપરેટિવ) ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે અને વિકસિત ભારતનું નિર્માણ કરવામાં સહાયરૂપ થશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે જીએસટી ૨.૦ દેશના વિકાસ અને ટેકાનો ડબલ ડોઝ છે.

દરમિયાન, મોદીએ યુરોપિયન યુનિયનના ટોચના નેતા ઍન્ટોનિયા કૉસ્ટા અને અર્સૂલા વૉન ડેર લૅયન સાથે ફોન પર વાત કરી હતી. (એજન્સી)■

### ચાંદીના દાગીના

આવશે. નવી સિસ્ટમ અંતર્ગત ગ્રાહકને બીઆઈએસ કૅર મોબાઈલ ઍપ્લિકેશનની મદદથી પહેલી સપ્ટેમ્બર પછી હૉલમાર્કિંગ કરવામાં આવેલી ચાંદીની વસ્તુનો પ્રકાર, શુદ્ધતા, ધોરણ, હૉલમાર્કિંગની તારીખ, ટેસ્ટિંગ સેન્ટરની વિગતો મળી શકશે.

સુધારેલા ધોરણ અંતર્ગત ગ્રાહક માટે શુદ્ધતાના નવા ઉમેરાયેલા સાત ગ્રેડ (૮૦૦, ૮૩૫, ૯૨૫, ૯૫૯, ૯૭૦, ૯૯૦ અને ૯૯૯) ઉપલબ્ધ બનશે. (એજન્સી)■

### અમદાવાદ-મુંબઈ

કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાઈ હતી. જેના કારણે લોકોના જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, વડોદરા નજીક હાઇ-વે ઉપરનો જામ્બુવા બ્રિજ, પોર બ્રિજ અને બામણગામ બ્રિજ માથાના દુખાવા સમાન બન્યા છે. આ ત્રણેય બ્રિજ સાંકડા હોવાથી તથા તેના પરનો રસ્તો ખરાબ હોવાથી વાહનની ગતિ ધીમી પડી જાય છે. જેના કારણે હાઇ-વે પર વાહનોની લાંબી કતારો લાગી જાય છે. ■

### જીએસટીના કાપને

અક્ષયઊર્જાના સાધનો, વીમો, હોટેલમાં રહેવાનું વગેરે સસ્તાં થશે અને તેને લીધે નવરાત્રિ, દિવાળી સહિતના તહેવારોમાં મોટા પાયે ખરીદીની આશા રખાય છે. ઉદ્યોગજગતના નિષ્ણાતોના મતાનુસાર જીએસટીના દરમાં કરવામાં આવેલા ફેરફારને કારણે દૈનિક વપરાશની વસ્તુઓનાં વેચાણમાં વધારો થશે જેને લીધે દેશના અર્થતંત્રને વેગ મળશે.

હિન્દુજા ગ્રૂપ ઑફ કંપની (ઈન્ડિયા)ના ચેરમેન અશોક હિન્દુજાએ કહ્યું હતું કે જીએસટીના દરમાં ઘટાડો કરવાની જાહેરાતને કારણે સમાજના નીચલા વર્ગના લોકોની ખરીદશક્તિ વધશે જેને લીધે ઘરવપરાશની ચીજવસ્તુઓની માગમાં વધારો થશે જે દેશની મેક્રોઈકોનોમીને સ્થિરતા આપશે.

ફીક્કીના પ્રમુખ હર્ષવર્ધન અગ્રવાલે કહ્યું હતું કે જીએસટી ટેક્સના માળખાના સરળીકરણને કારણે દેશના વિવિધ ક્ષેત્રને અનેક લાભ થશે.

મહિન્દ્રા ગ્રૂપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ કહ્યું હતું કે જીએસટીમાં ફેરફારને કારણે માગમાં વધારો થશે અને રોકાણને વેગ મળશે. (એજન્સી)■

### દેશના ૪૭ ટકા

ગંભીર ફોજદારી આરોપોમાં સતત ૩૦ દિવસ સુધી ધરપકડ અથવા અટકાયતમાં રહેવા પર વડા પ્રધાન, મુખ્ય પ્રધાનો અને મંત્રીઓને હટાવવાની માંગ કરવામાં આવી હતી. એડીઆરએ ૨૭ રાજ્ય વિધાનસભાઓ, ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રી પરિષદના ૬૪૩ મંત્રીઓના સ્વ-શપથ એફિડેવિટની તપાસ કરી અને શોધી કાઢ્યું કે ૩૦૨ મંત્રીઓ અથવા કુલ મંત્રીઓના ૪૭ ટકા સામે ફોજદારી કેસ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ૩૦૨ મંત્રીઓમાંથી, ૧૭૪ ગંભીર ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે.

પક્ષવાર આંકડાઓ મુજબ, ભાજપના ૩૩૬ મંત્રીઓમાંથી ૧૩૬ (૪૦ ટકા) મંત્રીઓએ ફોજદારી કેસ જાહેર કર્યા છે, જેમાંથી ૮૮ પર ગંભીર આરોપ છે. કૉંગ્રેસના ૬૧ મંત્રીઓમાંથી ૪૫ (૭૪ ટકા) મંત્રીઓ સામે ફોજદારી કેસ નોંધાયેલા છે, જેમાંથી ૧૮ પર ગંભીર કેસ છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ના ૨૩ મંત્રીઓમાંથી ૨૨ (૯૬ ટકા) અને ડીએમકેના ૩૧ માંથી ૨૭ મંત્રીઓ (૮૭ ટકા) સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. કેન્દ્ર સરકારના ૭૨ મંત્રીઓમાંથી ૨૯ (૪૦ ટકા) એ તેમના સોગંદનામામાં ફોજદારી કેસ જાહેર કર્યા છે.

એડીઆર રિપોર્ટમાં મંત્રીઓની નાણાકીય સંપત્તિનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સરેરાશ એક મંત્રીની સંપત્તિ ૩૭.૨૧ કરોડ રૂપિયાની છે અને કુલ ૬૪૩ મંત્રીઓ પાસે ૨૩,૯૨૯ કરોડ રૂપિયાની સંપત્તિ છે. કર્ણાટકમાં સૌથી વધુ અબજોપતિ મંત્રીઓ છે જેમાં આઠ છે. ત્યારબાદ આંધ્રપ્રદેશમાં છ અને મહારાષ્ટ્રમાં ચાર છે. ટીડીપીના ડો. ચંદ્ર શેખર પેમ્માસાની દેશના સૌથી ધનિક મંત્રી છે જેમની સંપત્તિ ૫,૭૦૫ કરોડ રૂપિયાથી વધુ છે, જ્યારે કર્ણાટક કૉંગ્રેસના નેતા ડી.કે. શિવકુમાર અને આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ પણ ટોચના ધનિક મંત્રીઓમાં સામેલ છે.

૩૦ વિધાનસભાઓમાંથી ૧૧ અબજોપતિ મંત્રીઓ છે. કર્ણાટકમાં સૌથી વધુ આઠ અબજોપતિ મંત્રીઓ છે, ત્યારબાદ આંધ્ર પ્રદેશમાં છ અને મહારાષ્ટ્રમાં ચાર અબજોપતિ મંત્રીઓ છે. અરુણાચલ પ્રદેશ, દિલ્હી, હરિયાણા અને તેલંગણામાં બે-બે છે, જ્યારે ગુજરાત, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને પંજાબમાં એક-એક અબજોપતિ મંત્રી છે. અહેવાલમાં જણાવાયું છે કે કેન્દ્ર સરકારમાં ૭૨ કેન્દ્રીય પરિષદ મંત્રીઓમાંથી છ (આઠ ટકા) અબજોપતિ હતા.

ભાજપ પાસે સૌથી વધુ ૧૪ અબજોપતિ મંત્રીઓ હતા, જોકે આ તેના કુલ મંત્રીઓના માત્ર ૪ ટકા હતા. કોંગ્રેસ બીજા ક્રમે રહી તેના ૬૧ મંત્રીઓમાંથી ૧૧ (૧૮ ટકા) અબજોપતિ હતા, જ્યારે ટીડીપીના ૨૩ મંત્રીઓમાંથી ૬ અબજોપતિ મંત્રીઓ (૨૬ ટકા) હતા. આમ આદમી પાર્ટી, જનસેના પાર્ટી, જેડી(એસ), એનસીપી અને શિવસેનામાં પણ અબજોપતિ મંત્રીઓ છે.

જોકે, કેટલાક મંત્રીઓએ ખૂબ ઓછી સંપત્તિ જાહેર કરી છે. ત્રિપુરાના ઇન્ડિજિનસ પીપલ્સ ફ્રન્ટના શુક્લા ચરણ નોઆટિયાએ માત્ર ૨ લાખ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે, જ્યારે પશ્ચિમ બંગાળના તૃણમૂલ કૉંગ્રેસના મંત્રી બિરબાહા હંસદાએ ૩ લાખ રૂપિયાથી થોડી વધુ સંપત્તિ જાહેર કરી છે. આ રિપોર્ટ ૨૦૨૦ અને ૨૦૨૫ વચ્ચેની ચૂંટણી દરમિયાન દાખલ કરાયેલા સોગંદનામા પર આધારિત છે અને આ કેસોની સ્થિતિ બદલાઈ શકે. ■

### કાશ્મીરની ઝેલમ

થોડી મિનિટોમાં બધે પાણી-પાણી થઈ ગયું. લોકો ડરના માર્યા બાળકો અને જરૂરી સામાન જ ઊંચકી શક્યા. તેમને સમજાયું જ નહીં કે શું થયું.

પોતાના અડધા ડૂબેલા ઘરની બહાર એક આધેડ મહિલાએ કહ્યું કે અમને એક વિચિત્ર અવાજ સંભળાયો અને અમે જાગી ગયા. બીજી ક્ષણે પાણી ઘરમાં વહેવા માંડ્યું. હું મારા છોકરાઓને મહામુશ્કેલીથી બચાવી શકી. અમારા ઘરના પહેલા માળનો અડધો ભાગ પાણીમાં ડૂબી ગયો.

સ્થાનિક લોકોએ રાતને અફડાતફડી અને ભયથી ભરેલી કહી. પરિવારો અંધારામાં ઘરોથી ભાગ્યા હતા અને પાણીનું સ્તર વધી રહ્યું હોવાની એકમેકને ચેતવણી દેતા હતા. અમુક લોકોએ ઊંચા સ્થાને શરણ લીધી. અમુક લોકોએ રાત ઘરની બહાર વીતાવી.

રહેવાસીઓ કહ્યું કે આ મુશ્કલે સમયમાં પણ સમુદાય સંગઠિત રહ્યો. વૃદ્ધોને બહાર કાઢવામાં મદદ કરી અને કિંમતી સામાન સલામત જગ્યાએ પહોંચાડ્યો. એક નિવાસીએ કહ્યું કે અમારી પાસે વિચારવાનો સમય ન હોવા છતાં અમે એકમેકને મદદ કરી. અધિકારીઓ અને બચાવ ટુકડીઓ આગળ નુકસાન ન થાય એ રોકવા અને લોકોને બહાર કાઢવા ઘટનાસ્થળે પહોંચ્યા. ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સની ક્યુઆરટીએ પોલીસ, એસડીઆરએફ અને બીજી ટીમો સાથે મળીને બચાવ કામગીરી કરી અને જરૂરી સામાનનું વિતરણ કર્યું.

દરમિયાન જમ્મુ અને કાશ્મીર પ્રશાસને ગુરુવારે લસજન, સોઈતેગ, નૌગામ, વ્યેથપોરા, ગોલપોરા, પદ્શીબાગ, મહજુર નગરના લોકોને શાલિના બડગામમાં પડેલી કથિત તીરાડને ધ્યાનમાં રાખીને સલામત સ્થળોએ જવાનું કહ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે ઝેલમ નદીએ સંગમ અને રામ મુંશી બાગની નજીક ભયજનક સપાટી વટાવી છે અને કાશ્મીરના અનેક કસબામાં પૂર આવ્યું છે. ઝેલમ નદી સંગમ પાસે ૨૭.૪૮ ફૂટની સપાટીએ વહી રહી છે, જ્યારે તેની ભયજનક સપાટી ૨૦ ફૂટ છે. રામ મુંશી બાગમાં તે ખતરાના નિશાન ૨૧ ફૂટને વટાવીને ૨૨.૩૧ ફૂટે વહી રહી છે.

દરમિયાન જમ્મુ-કાશ્મીર નેશનલ હાઈવે પર ૩,૦૦૦થી વધારે વાહન ફસાયેલા છે. આમાંના મોટા ભાગના મોટર (એચએમવી) છે. કેન્દ્રશાસિત પ્રદેશના બધા જ મુખ્ય રોડ તાજા વરસાદ પડવાથી બંધ થઈ ગયા છે.વરસાદ અને ભૂસ્ખલનને લીધે હાઈવેમાં અનેક અડચણો સર્જાઈ છે. ખીણને લદાખ સાથે જોડતો શ્રીનગર-સોનમર્ગ-ગુમરી (એસએસજી) રોડ પણ બંધ છે. ટ્રાફિક વિભાગના અધિકારીએ કહ્યું હતું કે જો મોસમ સારું રહેશે તો બે લેનમાં ટ્રાફિક શરૂ કરી શકાશે. અમારા લોકો અને મશીનો કામ કરી રહ્યા છે. કુલગામ પોલીસે ફસાયેલા વાહનચાલકો અને યાત્રીઓ માટે લંગરનું આયોજન કર્યું હતું.

દરમિયાન રેલવે મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર માટે બે મોટી પરિયોજનાને મંજૂરી આપી છે. આમાં બારામુલ્લા-ઉડી રેલવે લાઈન અને કાજીગુંડ-બડગામ રેલખંડને બમણા કરવાનો સમાવેશ થાય છે. ■

### વીમા કંપનીઓએ

એક્ટ, ૨૦૧૭ના કાયદાની જોગવાઈઓ પ્રમાણે આઈટીસીને રીવર્સ કરવી પડશે.

બુધવારે જીએસટી કાઉન્સિલે જીએસટીને બે સ્તરીય માળખું એટલે કે પાંચ અને ૧૮ ટકા વેરાનું માળખું કરવાના પ્રસ્તાવને સંમતિ આપી હતી. નવા માળખામાં તંબાકુ અને સંબંધિત ઉત્પાદનો અને અતિશય વૈભવી વસ્તુઓ પર ૪૦ ટકાનો ખાસ દર રાખવામા આવ્યો છે. જીએસટીમાં હાલમાં ૫,૧૨,૧૮ અને ૨૮ ટકાના સ્લેબ છે. (એજન્સી)■

તરોનીશ આર્ટ્સ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
રવિ ૭.૩૦ તેજપાલ બુ. ૯-૧૨, ૪-૭. Ph. 9930652094
શુક્ર. તા. ૫ સપ્ટે. રાતે ૯ અસ્પી, મલાડ
મંગળ. તા. ૯ સપ્ટે. રાતે ૯ કાલિદાસ, મુલુંડ
Online Bkg.open on bookmyshow
દિલીપ રાવલ લિખિત ફિરોઝ ભગત દિગ્દર્શિત

નમ્રતા પાઠક | સંદીપ મહેતા | કિંજલ ભટ્ટ
સાથી કલાકારો: દેવ જોશી, મધુરા રાઉત, મનીષ ગોધનીયા
ગમતાં મનગમતાં
GAMTAA MANGAMTA
Show Contact: 9699270184
9820080714 - 9821195796
KAAJAL ADS

# દક્ષિણ મુંબઈમાં આંદોલન કરવા પર પ્રતિબંધ મૂકવાની માગણી

મુંબઈ: મરાઠા સમુદાયને ઓબીસી શ્રેણીમાંથી અનામત આપવાની માગણી સાથે મનોજ જરાંગે પાટીલે ૨૯ ઓગસ્ટથી મુંબઈના આઝાદ મેદાનમાં ચાર દિવસ માટે ભૂખ હડતાળ કરી હતી. મનોજ જરાંગે પાટિલની ભૂખ હડતાલને સમર્થન આપવા માટે રાજ્યના લાખો આંદોલનકારીઓ મુંબઈ પહોંચ્યા હતા. આના કારણે મુંબઈમાં ભારે હાલાકી થઈ હતી. જેને પગલે એકનાથ શિંદેની શિવસેનાના રાજ્યસભા સાંસદ મિલિંદ દેવરાએ મુખ્ય પ્રધાનને પત્ર લખીને આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શનો પર પ્રતિબંધ મૂકવાની વિનંતી કરી હતી. એકનાથ શિંદેને લખેલા પત્રમાં સાંસદ મિલિંદ દેવરાએ જણાવ્યું હતું કે, લોકશાહી દરેકને વિરોધ કરવાનો અધિકાર આપે છે, પરંતુ આનાથી સામાન્ય નાગરિકોના રહેવા અને કામ કરવાના અધિકારો પર કોઈ અસર થવી જોઈએ નહીં. આ દરમિયાન એનસીપી (શરદ પવાર) ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે સાંસદ મિલિંદ દેવરા દ્વારા મુખ્યપ્રધાનને લખેલા પત્ર પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, શું મિલિંદ દેવરાએ ક્યારેય વિરોધ કર્યો છે? સોનાના ચમચા સાથે જન્મેલી વ્યક્તિને વિરોધ વિશે શું ખબર હોય છે? ■

# જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવાની માગણી

થાણે: મહારાષ્ટ્ર સ્ટેટ ગેઝેટેડ ઓફિસર્સ ફેડરેશને ઓલ્ડ પેન્શન સ્કીમ – જૂની પેન્શન યોજના (ઓપીએસ)ને ફરી અમલમાં મુકવાની માગણી કરી છે. નવી ચૂંટાયેલી એક્ઝિક્યુટિવ બોડીના એજન્ડામાં આ મુદ્દો ખાસ્સો ગાજવાનો છે.ફેડરેશનના ડિવિઝન વાઇસ પ્રેસિડેન્ટ સંદીપ માનેએ ગુરુવારે થાણેમાં જણાવ્યું હતું કે તેમની ત્રિવાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં બુલઢાણા જિલ્લાના શેગાંવ ખાતે સંપન્ન થઈ હતી.ઓપીએસ હેઠળ, સરકારી કર્મચારીને તેને મળેલા પગારના ૫૦ ટકા જેટલું માસિક પેન્શન મળે છે. એમાં કર્મચારીઓના યોગદાનની કોઈ જરૂર નથી. ■

# મુંબઈમાં હવે ઈદની રજા આઠ સપ્ટેમ્બરે

મુંબઈ: મુંબઈમાં ઈદ-એ-મિલાદની જાહેર રજા પાંચમી સપ્ટેમ્બરને બદલે આઠમી સપ્ટેમ્બરે રહેશે એવું મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે જણાવ્યું હતું. છઠ્ઠી સપ્ટેમ્બરે અનંત ચતુર્દશી હોવાથી શાંતિ જળવાઈ રહે એ હેતુથી મુસ્લિમ સમાજે આઠ સપ્ટેમ્બરે ઈદ-એ-મિલાદનો સરઘસ કાઢવાનો નિર્ણય લીધો છે. એક પરિપત્રમાં સામાન્ય વહીવટ વિભાગે જણાવ્યું હતું કે રાજ્યના અન્ય જિલ્લાઓ માટે પાંચ સપ્ટેમ્બરની રજા યથાવત્ રહેશે, પરંતુ મુંબઈ શહેર અને ઉપનગરોમાં રજા આઠ સપ્ટેમ્બરે રહેશે. પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે મુંબઈ શહેર અને ઉપનગરોમાં સરકારી કચેરીઓ પાંચ સપ્ટેમ્બરના રોજ રાબેતા મુજબ ખુલ્લી રહેશે.■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



# કઈ રીતે મલ્ટી એસેટ એલોકેશન ફન્ડો (MAAFs) રોકાણકારોને સંપત્તિ સર્જનની કળા શીખવે છે?

-આશિષ નાઈક, ફન્ડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફન્ડ

જેમ શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષણમાં સતત મદદ કરીને તેમને મુશ્કેલીમાંથી બહાર લાવે છે. એવી જ રીતે, મલ્ટી એસેટ એલોકેશન ફન્ડ (MAAFs) ઇન્વેસ્ટમેન્ટ મેન્ટોર તરીકે કામ કરે છે, જે વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને સંતુલિત રીતે સંપત્તિ સર્જન કરે છે. સર્વગ્રાહી શિક્ષણનાં માળખા પરથી પ્રેરણા લઇને ચાલો સમજીએ કે આ ફન્ડ કેમ માત્ર ઇન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ જ નથી, પણ તે આજીવન નાણાકીય સફળતા માટેની આવશ્યક માર્ગદર્શિકા બની શકે છે.

★ **ડાઇવર્સિફિકેશનની તાકાત: અનેક વિષયો શીખવા**

શિક્ષણનું મૂલ્ય ઊંડાઇ જેટલું જ પહોળાઇમાં પણ રહેલું છે. સારી શાળા ગણિતશાસ્ત્રીઓને ભાષાકીય કુશળતા અથવા શારીરિક શિક્ષણના ભોગે તાલીમ નથી આપતી. આ જ રીતે, માત્ર ઇક્વિટી પર આધાર રાખવો એ એવા શિક્ષણની સમકક્ષ છે, જે મહત્ત્વની ફેકલ્ટીની અવગણના કરે છે અને વિદ્યાર્થીઓને (અહીં રોકાણકારોને) બિનજરૂરી જોખમમાં મૂકે છે. MAAFs વૈવિધ્યસભર શિક્ષણની વર્ગખંડની ફિલોસોફીનું પાલન કરે છે, જેમાં વિવિધ પરિસ્થિતિઓમાં અલગ અલગ અથવા વિપરીત રીતે વળતર આપતી એસેટ ક્લાસનું મિશ્રણ કરીને રોકાણ કરવામાં આવે છે. જેમ કે ઇક્વિટી વધી શકે છે અથવા તો ડેટ ઘટી શકે છે. અર્થતંત્રમાં નરમાઇ વખતે સોનું ઉછળી શકે છે જ્યારે અન્ય એસેટ ઘટી શકે છે. આ વૈવિધ્યીકૃત માળખું તમામ પાયાના શિક્ષણને આવરીને તૈયાર કરાયેલા અભ્યાસક્રમની જેમ કામ કરે છે. ગમે તેટલી કટોકટી આવે તો પણ તેને અનુરૂપ વિષય (અહીં એસેટ ક્લાસ) હોય જ છે.

★ **રિબેલેન્સિંગ એક્ટ: શિક્ષકનું સમયપત્રક**

જો વર્ગખંડમાં શિક્ષકને લાગે કે વિદ્યાર્થીઓ કોઈ ચોક્કસ વિષયમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે તો તેઓ વધારના વર્ગ માટે સમય અને સંસાધનો ફાળવે છે અને સુનિશ્ચિત કરે છે કે કોઈ મુદ્દો રહી ન જાય. MAAFs માં પણ આ જ રીતે કામ થાય છે. ફન્ડ મેનેજરો બજારને રિયલ ટાઇમ ટ્રેક કરે છે અને બજારની બદલાતી પરિસ્થિતિ પ્રમાણે ફાળવણીમાં ફેરફાર કરીને પોર્ટફોલિયોનું રિબેલેન્સિંગ કરે છે, જેમ કે અન્ડરવેલ્યુડ એસેટ ખરીદીને જોખમી એસેટનું રોકાણ વેચીને. આ કાર્ય શિક્ષક દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સમયપત્રકને અનુકૂળ કરવા, દરેક વિષયને જરૂરિયાત અનુસાર ધ્યાન મળે તે સુનિશ્ચિત કરવા અને વિદ્યાર્થીની પ્રગતિમાં ફેરફાર કરવા સમાન છે.

★ **શા માટે દરેકને નાણાકીય શિક્ષકની જરૂર છે**

જે રીતે દરેક વિદ્યાર્થીને મહાન શિક્ષક દ્વારા લાભ થાય છે એ જ રીતે દરેક રોકાણકાર MAAFsના માળખાકીય, સંતુલિત અને શિસ્તબદ્ધ અભિગમ દ્વારા લાભ મેળવી શકે છે. આમ, આ ફન્ડો મહત્ત્વનાં નાણાકીય ગુણોનું સંશ્લેષણ કરે છે.: જ્ઞાનની વ્યાપકતા, અનુકૂલન સાધવાની સુગમતા અને લક્ષ્યોને સતત આગળ વધારવાનો સંકલ્પ.

જ્યાં ભાવિ અનિશ્ચિત છે તે દુનિયામાં MAAFs રોકાણકારોને સાધનો અને માર્ગદર્શન પૂરાં પાડે છે, જેને કારણે સંપત્તિ સર્જનની યાત્રા જુગાર નહીં પણ સુઆયોજિત અને આજીવન શિક્ષણ બને છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ડિવાઈડરમાં વૃક્ષો થી શહેરની શોભા વધી રહી છે 'ગ્રીનસીટી' ભાવનગરમાં ગુજરાતનું શ્રેષ્ઠ ડીવાઈડર બનાવશે

દેવેનશેઠ (ગ્રીનસીટી-શેઠબ્રધર્સ)



દરેક શહેરમાં કોર્પોરેશન દ્વારા રોડ પરના ડિવાઈડરો વૃક્ષારોપણ માટે દત્તક આપવામાં આવે છે. ભાવનગર શહેરનું પ્રવેશદ્વાર એવું ચિત્રાનું ડિવાઈડર ''ગ્રીનસીટી'' સંસ્થાને દત્તક આપવામાં આવ્યું છે. આ અંગે ગ્રીનસીટી-શેઠ બ્રધર્સ (કાયમચૂર્ણ) ના દેવેનભાઇ શેઠ એ જણાવ્યું હતું કે આ ડિવાઈડર ને અમો ગુજરાતનું શ્રેષ્ઠ ડિવાઈડર બનાવીશું. આ ડિવાઈડરમાં વિવિધ પ્રકારના રંગબેરંગી ફુલોના વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. તેને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે જેમાં મોટા વૃક્ષો બોહમીયા જેમાં જાંબલી કલરના ફુલો આવે છે અને શીયાળામાં આખુ વૃક્ષ ફુલોથી શોભી ઉઠે છે. બીજુ 'ટબેબુબીયા રોઝીયા' ના વૃક્ષો જેમાં શીયાળામાં ગુલાબી કલરના ફુલો આવે છે. મીડીયમ હાઈટના વૃક્ષોમાં હનુમાન ચંપોના વૃક્ષો નાખવામાં આવ્યા છે જે બારેય માસ સફેદ આકર્ષક ફુલોથી ભરેલું રહે છે અને નાની હાઈટના વૃક્ષોમાં એકઝોરાના ત્રણ કલર લાલ, કેસરી અને સફેદ કલરના વૃક્ષો નાખવામાં આવ્યા છે. આ ડિવાઈડર ૩ થી ૪ વર્ષમાં ગુજરાતનું શ્રેષ્ઠ ડિવાઈડર બનશે તેમ દેવેનભાઈ એ જણાવ્યું હતું. વધુમાં મોટા વૃક્ષોની વચ્ચેના ગેપમાં મહેંદી કે કરણના બદલે સાઈકસ પાર્મના ૫૦૦ વૃક્ષો નાખવામાં આવ્યા છે જે ડિવાઈડરને વધુ આકર્ષક બનાવશે. હાલમાં જ આ ડિવાઈડરમાં ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ૨૫૦ જેટલા હનુમાન ચંપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. આથી સોનામાં સુગંધ ભળશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે શેઠ બ્રધર્સ પરિવારના દેવેનભાઈ શેઠ છેલ્લા ૧૪ વર્ષોથી ભાવનગર શહેરને બેંગલોર જેવું ગ્રીનસીટી બનાવવા અથાગ મહેનત કરી રહ્યા છે અને આજ સુધીમાં તેમણે શહેરમાં ૨ લાખ કરતાં વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ 'વન મેન આર્મી' બનીને કર્યુ છે. આ માટે દર વર્ષે દેવેનભાઈ પોતાના તો રૂા.૩૬ લાખ વાપરે જ છે ઉપરાંત અનેક પર્યાવરણ પ્રેમી દાતાશ્રીઓ તરફથી પણ વધુ વૃક્ષો નાખવા માટે અનુદાન મળી રહ્યુ છે. એક વૃક્ષ નાખવા માટે રૂા. ૩૦૦૦ નું અનુદાન સંસ્થાને મળે છે. મુંબઈની મોટી મોટી કંપનીઓ પોતાના સી.એસ.આર. ફંડમાંથી મોટી સંખ્યામાં વૃક્ષારોપણ માટે દેવેનભાઈને પર્યાવરણ માટે મદદરૂપ બની રહી છે.




દેવેનભાઈએ જણાવ્યું હતું કે આ કાર્યમાં કોર્પોરેશનના કમીશ્નરશ્રી નરેન્દ્રકુમાર મીના, મેયર શ્રી ભતરભાઈ બારડ તથા સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન શ્રી રાજુભાઈ રાબડીયા તથા શહેર ભા.જ.પ. પ્રમુખ શ્રી કુમારભાઈ શાહનો અમોને ખૂબજ સહકાર મળી રહ્યો છે.

# બાણગંગામાં મૂર્તિના વિસર્જનની માગણી કોર્ટે ફગાવી

મુંબઈ: પર્યાવરણ અને કુદરતી જળસ્રોતોનું સંરક્ષણ કરવા માટે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી) ને માર્ગદર્શિકા બહાર પાડવાનો સંપૂર્ણ અધિકાર છે. તેથી હાઈ કોર્ટે ગુરુવારે સ્પષ્ટતા કરી કે તે છ ફૂટ સુધીની તમામ ગણેશ મૂર્તિઓનું કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવાના એમપીસીબીના નિર્ણયમાં દખલ કરશે નહીં.

ઉપરાંત આ જ કારણોસર કોર્ટે બાણગંગા તળાવમાં પર્યાવરણને અનુકૂળ મૂર્તિઓના વિસર્જનને મંજૂરી આપવાની માગણીને ફગાવી દીધી હતી. ■

॥ શત્રુંજય ભાવ યાત્રા ॥

श्री गुमानमलजी साँवलचंदजी दोशी
(15 नवम्बर 1942 – 01 सितम्बर 2025)
हम सब मिलकर श्रद्धाभाव से स्मरण करेंगे,
एक पावन और सुंदर जीवन को याद करने के लिए।
दिनांक : 5 सितम्बर 2025 वार : शुक्रवार
समय : दोपहर 3:00 बजे से 5:00 बजे तक
स्थान :
जलाराम हॉल, न.स. रोड नं. 6, हटकैश सोसायटी,
जे.वी.पी.डी. स्कीम, विले पार्ले (वेस्ट), मुंबई – 400049
परिवारजन
श्रीमती बबीबेन गुमानमलजी दोशी
मधु - नरपतराज मेहता, जयश्री - अनिल भंडारी, जयमाला - शैलेश नाहर, आरती - संजय भंडारी,
अनुराधा - ललित चौधरी, इंदिरा - प्रदीप छाजेड़, जया - ऋषि बाफना,
विमला - रमेश बोहरा, मंजू - हीरालाल बोहरा एवं दोशी परिवार
दोहीता – दोहीत्री
ऋचा – अश्विन, झील – अनुभव, गगन – स्नेहा, दीपम – पंकज
उत्सव – रूपांसी , यशवंत – तमन्ना, मीमांसा, हिमांशी, समृद्धि, राजवी, रिया
प्रपौत्र – प्रपौत्री
इरा, अर्जुन, इवांश, इफ़ा, इताशा
उनकी संस्थान, धर्म और सेवाएँ—अनंत विरासत
गुमानमल साँवलचंदजी दोशी चैरिटेबल ट्रस्ट, भीनमाल (राज.)
बबीबेन गुमानमलजी दोशी चैरिटेबल ट्रस्ट, पालीताणा (गुजरात)
सिद्ध ऋषि गुरु राजेन्द्र बबीबेन गुमानमलजी दोशी गौशाला , रानीवाडा (राज.)
9820908581, 9820082340
AGM GROUP

SAD DEMISE

08/10/1932 - 03/09/2025
Late. Smt. Suvarna Vrajlal Bhayani
Wife Of : Late. Shri Vrajlal Chotalal Bhayani
Mother Of : Shobhna Talati, Milan Bhayani,
Daughter Of : Late. Shri Popatlal Thakkar & Late. Chandrikaben Popat
Sister Of : Late. Mahendra Thakkar & Late. Meena Thakkar
Mother In Law Of : Chandrakant Talati & Amita Bhayani
Grandmother Of : Rahul Bhayani, Kruti Kachalia, Dhaval Talati
Fondly Remembered By : Dhruvi, Dia, Hiyasha, Ava, Zia
Remembered & Condolences:
Natvarlal Popat & Family
Rameshchandra Rachh & Family
Only condolences : milan@mbco.co.in
rahulmbhayani@gmail.com

# વેપારી સાથે લાખો રૂપિયાની ઠગાઈ: કંપનીના ડૅટાનો કર્યો દુરુપયોગ

થાણે: વ્યવસાય વધારવામાં મદદ કરવાને બહાને વેપારી સાથે લાખો રૂપિયાની ઠગાઇ આચરવા તથા સિસ્ટમને હૅક કરીને તેની કંપનીના ડૅટાનો દુરુપયોગ કરવા બદલ ત્રણ જણ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

થાણેમાં વેપારી પોતાની કંપની ધરાવે છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં તેની સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. અમરાવતીનું દંપતી અને વાશિમના તેના સાથીદારે ફરિયાદી વેપારીનો સંપર્ક સાધ્યો હતો અને કંપનીની નવી બ્રાન્ચ શરૂ કરીને, સોફ્ટવેર બનાવીને અને પ્રશિક્ષિત સ્ટાફ પૂરો પાડીને તેનો વ્યવસાય વધારવામાં મદદ કરવાનું વચન આપ્યું હતું.

વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓએ બાદમાં વેપારી પાસેથી સાત લાખ રૂપિયા લીધા હતા.

આરોપીઓએ વેપારીની કંપનીના સોશિયલ મીડિયા અકાઉન્ટમાં એક્સેસ મેળવ્યા બાદ સિસ્ટમ હૅક કરીને પાસવર્ડ રિસેટ કર્યો હતો અને બાદમાં કંપનીના ડૅટાનો પોતાના અંગત લાભ માટે દુરુપયોગ કર્યો હતો. દંપતીને આ માટે તેના સાથીદારે મદદ કરી હતી.

દરમિયાન કંપનીના ડૅટાનો દુરુપયોગ કરીને રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાનું વેપારીના ધ્યાનમાં આવતાં તેણે ૧ સપ્ટેમ્બરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ત્રણ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■


હંમેશાં અમારા હ્રદયમાં
ડૉ. ભૂપેન્દ્ર કે. કલાર્ક
અમે તેઓના જીવન અને વારસાનું સન્માન કરીએ છીએ,
તેઓ હૂંફ, બુદ્ધિ અને આનંદ સાથે જીવન જીવ્યા.
મંજુલા કલાર્ક । ગૌરવ & પ્રિતી પટેલ
શનય, રયાન અને ઉદિશા
મિનિતા & મહેશ દલાલ
કુશલ & નમ્રતા । શાર્દુલ & પૂજા
અમો તેમના જીવનની ઉજવણી કરવા તમારી
હાજરી ઇચ્છીએ છીએ.
૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ । સમય: ૧૧ થી ૧
કોરોનેશન રૂમ, ધ ઈમ્પિરિયલ ટાવર્સ, તારદેવ.
ડ્રેસ કોડ: સફેદ નહીં.

# નવી મુંબઈમાં ખાડીમાં ઝંપલાવનારા રિક્ષાચાલકને બચાવી લેવાયો

મુંબઈ: નવી મુંબઈમાં ઘરેલું વિવાદને લઇ આત્મહત્યા કરવા માટે ખાડીમાં ઝંપલાવનારા ૨૭ વર્ષના રિક્ષાચાલકને પોલીસે બચાવી લીધો હતો.

ચેમ્બુર વિસ્તારની સિદ્ધાર્થનગર કોલોનીમાં રહેતા રિક્ષાચાલકે ગુરુવારે સવારે ઐરોલી બ્રિજ પરથી ખાડીમાં કૂદકો માર્યો હતો.

ત્યાંથી પસાર થનારા લોકોની નજર પડતાં તેમણે તાત્કાલિક પોલીસને તેની જાણ કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રિક્ષાચાલકને બચાવી લીધો હતો.

રબાળે-એમઆઇડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે રિક્ષાચાલકને અન્ય મહિલા સાથે તેની પત્નીએ પકડી પાડ્યો હતો, જેને કારણે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. આથી ગુસ્સામાં તે બુધવારે રાતના ઘરેથી નીકળી ગયો હતો અને ગુરુવારે સવારે તેણે ખાડીમાં ઝંપલાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ફડણવીસે જીએસટી સુધારાની પ્રશંસા કરી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જીએસટી દરમાં વ્યાપક સુધારા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી દૃષ્ટિકોણની પ્રશંસા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે તેનાથી નાગરિકો પરનો બોજ ઓછો થશે.

જીએસટી કાઉન્સિલે બુધવારે પરોક્ષ કર સ્લેબને પાંચ ટકા અને ૧૮ ટકા સુધી મર્યાદિત કરીને કર વ્યવસ્થામાં મોટા ફેરફારોને મંજૂરી આપી છે, જે ૨૨ સપ્ટેમ્બર, નવરાત્રિના પહેલા દિવસથી લાગુ પડશે.

ફડણવીસે પ્રસંશા કરતા કહ્યું કે, વડા પ્રધાન મોદીએ પરોક્ષ કરમાં વ્યાપક સુધારા કર્યા છે.

આ તેમના દૂરંદેશી દૃષ્ટિકોણને કારણે થયું છે. મહારાષ્ટ્ર જીએસટીમાં અગ્રેસર છે અને સૌથી વધુ ફાળો આપે છે. આ સેકેન્ડ જનરેશન સુધારા ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેટલાક સ્લેબ દૂર કરવામાં આવ્યા છે અને સામાન્ય નાગરિક પર કરવેરાનો બોજ ઓછો કરવામાં આવ્યો છે.

માગણી, ઉત્પાદન, વેપાર અને રોજગાર સર્જનને વેગ મળતાં મહારાષ્ટ્ર જીએસટી સુધારાઓને સમર્થન આપે છે એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ) ■

# બાંધકામના સ્થળેથી ૩૯.૫૫ લાખની એલ્યુમિનિયમની પ્લૅટ્સ ચોરાઈ

થાણે: ભિવંડીના કન્સ્ટ્રક્શન યાર્ડમાંથી અજાણ્યા શખસો અંદાજે ૩૯.૫૫ લાખ રૂપિયાની એલ્યુમિનિયમની પ્લૅટ્સ ચોરી ફરાર થઈ ગયા હતા.

નારપોલી પોલીસના જણાવ્યા મુજબ ઘટના છઠ્ઠી એપ્રિલના મળસકે ભિવંડીના અપર થાણે વિસ્તારમાં આવેલા કન્સ્ટ્રક્શન યાર્ડમાં બની હતી. આ પ્રકરણે બાંધકામ કંપનીના જનરલ મૅનેજરે બુધવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જોકે ફરિયાદ મોડી નોંધાવવા પાછળનું કારણ તેમણે આપ્યું નહોતું. ફરિયાદને આધારે પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# ગારગાઈને ૨૦૪૧ સુધીમાં પૂર્ણ કરવું પાલિકા માટે મુશ્કેલ

## ૧૦ વર્ષમાં હજી પરવાનગીઓનું જ કામ થયું છે

મુંબઈ: મુંબઈની ૨૦૪૧ની સાલ સુધીમાં પાણીની દૈનિક માગણી વધીને ૬,૫૩૫ મિલ્યન લિટર સુધી પહોંચશે. પાણીની વધતી માગને પહોંચી વળવા સુધરાઈએ બે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પ્રસ્તાવિત કર્યા હતા, જેમાં ૨૦૧૪માં મિડલ વૈતરણા ડેમનો પ્રોજેક્ટ પૂરો કર્યો હતો, જ્યારે ગાગરાઈ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય પર્યાવરણથી લઈને અનેક પ્રકારની મંજૂર લેવામાં જ દાયકાથી વધુ સમય નીકળી ગયો છે. પિંજાળ અને કેન્દ્રના દમણગંગા-પિંજાળ લિંક પ્રોજેક્ટ સહિત પ્રસ્તાવિત ડિસાલિનેશન પ્લાન્ટ અને કોલાબા ખાતે ૧૨ મિલ્યિન લિટર એડવાન્સ ટેરીટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૩,૧૦૩ મિલ્યન લિટર પાણી પૂરું પાડશે એવી અપેક્ષા છે. જોકે ૨૦૪૧ની સાલ સુધીમાં આ પ્રોજેક્ટ પૂરા કરીને મુંબઈગરાના ઘર સુધી પાણી પહોંચાડવું પાલિકા માટે પડકારજનક માનવામાં આવે છે.

મુંબઈને હાલ ૪,૦૦૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડવામાં આવે છે, જોકે ગળતર અને ચોરીને કારણે લગભગ ૫૦૦ મિલ્યન લિટર પાણી ઓછું મળે છે. વધતી વસતી સાથે પાણીની જરૂરિયાત વધી રહી છે અને તેથી હાલના પાણીના સ્રોત સામે દબાણ વધશે. ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૨૪૬-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી ઈસ્ટ**

2800' + 2800' બે ઓફિસો ભાડેથી/ વેચાણથી કોમર્શિયલ બિલ્ડિંગમાં નવામાં રેડી વિથ OC સ્ટેશને ગંગર- 8080524858. (બી-૧૬૪૨૪)

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિજિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૪૩૩)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૪૨૫)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) મોહન ઘોસાલ | ૪૯ | ૮૦,૦૦૦ |
| ૨) મુક્તાર અલી | ૪૭ | ૨,૦૦,૦૦૦ |
| ૩) મનોજ કુમાર | ૪૨ | ૧,૦૦,૦૦૦ |
| ૪) મોહન મૈટી | ૫૩ | ૬૦,૦૦૦ |
| ૫) મીર મુલ્લા | ૪૪ | ૬૦,૦૦૦ |
| ૬) એમ ડી જમાલઉદ્દીન | ૬૩ | ૧,૫૦,૦૦૦ |
| ૭) નૂર ઈતિયાઝ | ૬૦ | ૧૫,૦૦૦ |
| ૮) મોયના ખાતુન | ૩૬ | ૩,૫૦,૦૦૦ |
| ૯) મનોજ કુંડુ | ૫૦ | ૧૫,૦૦,૦૦૦ |
| ૧૦) મધુ સુદાન રાણા | ૬૦ | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) માનીક ગોયલા | ૨૯ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) મફીઝા બીબી | ૩૮ | ૫૦,૦૦૦ |
| ૧૩) મણિયારો | ૪૧ | ૩૦,૦૦૦ |
| ૧૪) મનોજકુમાર શર્મા | ૫૫ | ૨,૫૦,૦૦૦ |
| ૧૫) મનોજકુમાર જયસ્વાલ | ૪૯ | ૧,૫૦,૦૦૦ |
| ૧૬) એમ ડી કેશ્ઠ અલી | ૩૨ | ૫૦,૦૦૦ |
| ૧૭) એમ ડી મનિરુદ્દીન શાહ | ૫૬ | ૧,૦૦,૦૦૦ |
| ૧૮) મોઉસમી ઘોષ | ૩૬ | ૪૦,૦૦૦ |
| ૧૯) એમ ડી નાસિર કુરેશી | ૩૧ | ૧,૫૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૦) મોહડ સલમાન સાદિકુએ શૈખ | ૩ | ૧,૦૦,૦૦૦ |
| ૨૧) મોહડ ઝૈન ખાન | ૦૩ | ૨૯,૦૦,૦૦૦ |
| ૨૨) મોહડ અયુબ અનવર રહેમની | ૦૬ | ૪,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૩) મોહડ મોજામિલ મો રુસ્તમ નાડફ | ૧ | ૧૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મહારાષ્ટ્ર સરકારમાં અજબ કારભાર, માર્કેટિંગ ડિરેક્ટરે પોતે જ પોતાની નિયુક્તિ કરી

વિપુલ વૈદ્ય

મુંબઈ: મહારાષ્ટ્રમાં સરકારી કારભારમાં એક અજબ ગજબનો કિસ્સો જોવા મળ્યો હતો. એક માર્કેટિંગ ડિરેક્ટરે પોતે જ પોતાની બઢતીના આદેશ પર સહી કરી હોવાથી હાલ આ કિસ્સો રાજ્યના વહીવટીતંત્રમાં ચર્ચાના ચકડોળે ચડી છે.

મહારાષ્ટ્ર એપીએમસી (કૃષિ ઉત્પન્ન માર્કેટ કમિટી)માં બનેલો આ બનાવ સરકારીતંત્રમાં કેવું લોલમલોલ ચાલે છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પુણે એપીએમસીના માર્કેટિંગ ડિરેક્ટર વિકાસ રસાળે ૨૯ ઑગસ્ટના રોજ એક આદેશ બહાર પાડ્યો હતો અને તેમાં તેમણે જણાવ્યું હતું કે પહેલી સપ્ટેમ્બરથી મુંબઈ એપીએમસીના પ્રશાસકીય અધિકારી તરીકે પુણેના એપીએમસી માર્કેટિંગ ડિરેક્ટર એટલે કે વિકાસ રસાળની નિયુક્તિ કરે છે.

અહીં ઉલ્લેખનીય છે કે મુંબઈ એપીએમસી માર્કેટના બધા જ સમિતિ સભ્યોની મુદત ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ પૂરી થઈ ગઈ છે. જેને પગલે માર્કેટ સમિતિ પર આ બધા જ પદો હવે ખાલી પડ્યા છે. જ્યાં સુધી એપીએમસી માર્કેટના નવા સંચાલક મંડળની ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી આ પદ ખાલી જ રહેશે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## સરકારના આશ્વાસન

હતી. રાષ્ટ્રીય ઓબીસી સંઘ મરાઠા સમુદાયને ઓબીસી શ્રેણીમાં સમાવવાનો વિરોધ કરી રહ્યો હતો.

તેમણે ૧૪ માગણીઓ રજૂ કરી હતી, જેમાં મરાઠાઓને ઓબીસી શ્રેણીમાં સમાવિષ્ટ ન કરવા અને તમામ મરાઠા સમુદાયના સભ્યોને કુણબી પ્રમાણપત્રો આપવામાં ન આવે તે સહિતની માગણીઓનો સમાવેશ થતો હતો.

આંદોલનકારીઓને સંબોધતા સાવેએ કહ્યું હતું કે, 'ઓબીસી ક્વોટા અસ્પૃશ્ય રહેશે. સરકાર ઓબીસી સમુદાયના હાલના અનામતનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.' તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે ઓબીસી ક્વોટામાં કોઈ ખલેલ પહોંચાડ્યા વિના મરાઠા અનામત પર સર્વસંમતિ સાધી છે.

સાવેએ રાષ્ટ્રીય ઓબીસી મહાસંઘને ખાતરી આપી કે તેમની ૧૪ માંગણીઓમાંથી ૧૨ સરકાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે, આગામી સપ્તાહે મુંબઈમાં (સરકારની) બેઠકમાં અન્ય બે માગણીઓ પર ચર્ચા કરવામાં આવશે અને તેનો ઉકેલ પણ શોધવામાં આવશે.

તેમના આશ્વાસન બાદ ઓબીસી સંસ્થાના રાષ્ટ્રીય પ્રમુખ બબન તાયવાડેએ કહ્યું હતું કે તેમણે આંદોલન સમાપ્ત કરી દીધું છે.

સાવેએ જણાવ્યું કે મુખ્ય પ્રધાન ફડણવીસે વિવિધ સમુદાયો માટે લક્ષિત કાર્યક્રમો અમલમાં મૂકવા માટે રાજ્યમાં ૧૮ વિવિધ વિકાસ નિગમોની સ્થાપના કરી છે.

'પહેલા તબક્કામાં, દરેક કોર્પોરેશનને પાંચ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ વર્ષે, ફાળવણી વધારીને લગભગ ૫૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. રાજ્ય સરકાર આ કોર્પોરેશનોને કાર્યક્ષમ રીતે કાર્ય કરવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયા આપવાની યોજના ધરાવે છે,' એમ તેમણે કહ્યું હતું.

કુલ ૨૨ વિકાસ કોર્પોરેશનોની રચના કરવામાં આવી છે અને ઓબીસી સમુદાયોને તેમના અને સંબંધિત યોજનાઓ દ્વારા લગભગ ૧,૨૦૦ કરોડ રૂપિયા મળવાની અપેક્ષા છે, એમ પણ સાવેએ જણાવ્યું હતું. ■

## પાત્ર મરાઠાને જ

કેબિનેટ ઉપરોક્ત જીઆર અંગે બેઠક મળી ત્યારે ભુજબળ બેઠક છોડીને ગયા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે એવી સ્પષ્ટતા કરી હતી કે, છગન ભુજબળે રાજ્ય કેબિનેટની બેઠકનો બહિષ્કાર કર્યો નહોતો. તેમની અને મારી વચ્ચે ચર્ચા થઈ છે. મેં તેમને ખાતરી આપી છે કે અમારી સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશ (જીઆર)ની ઓબીસી સમુદાય પર કોઈ અસર થશે નહીં. કારણ કે આ કોઈ સામાન્ય જીઆર નથી. આ ફક્ત પુરાવાઓનો જીઆર છે.

### ભૂજબળને મનાવી લેશું: દેવેન્દ્ર ફડણવીસ

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, મરાઠવાડામાં કોઈ બ્રિટિશ શાસન નહોતું. મરાઠવાડામાં નિઝામનું શાસન હતું. તેથી, મરાઠવાડામાં જાતિઓ અંગેના પુરાવા અન્યત્ર ઉપલબ્ધ નથી. તે ફક્ત નિઝામ પાસે જ ઉપલબ્ધ છે, એટલે કે હૈદરાબાદ ગેઝેટમાં. અમે ત્યાંના પુરાવા સ્વીકાર્યા છે. તે પુરાવા મુજબ, ફક્ત એ જ લોકોને આ પ્રમાણપત્ર મળશે જે ખરેખર કુણબી છે. તેથી, મને લાગે છે કે જે લોકો હકદાર છે તેમને જ લાભ મળશે. આ એક જીઆર છે જેના વિશે કોઈ ખોટું બોલી શકે નહીં.

'ઘણા ઓબીસી સંગઠનોએ પણ સરકારના જીઆરનું સ્વાગત કર્યું છે. ઘણા ઓબીસી નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમને આ જીઆર અંગે કોઈ શંકા નથી. મને લાગે છે કે અમે છગન ભુજબળના મનમાં રહેલી શંકાઓને પણ દૂર કરીશું. જો કોઈને શંકા હોય તો અમે તેમની શંકા પણ દૂર કરીશું.'

દેવેન્દ્ર ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, 'હું એક વાત સ્પષ્ટ કરવા માગું છું કે જ્યાં સુધી અમારી સરકાર આ રાજ્યમાં છે ત્યાં સુધી ઓબીસી સમાજને કોઈ અન્યાય થશે નહીં. એક સમુદાયની અનામત છીનવીને બીજા સમુદાયને આપવાનો અમારો કોઈ ઇરાદો નથી. મરાઠાઓને મરાઠાઓના અધિકારો મળશે, ઓબીસીને તેમના અધિકારો મળશે. અહીં બે સમુદાયોને એકબીજા સામે લડાવવાનો કોઈ પ્રકારનો પ્રયાસ થશે નહીં.' ■

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર અખંડ સૌ. જયોત્સનાબેન, મનહરલાલ રેવાશંકર સંઘવીના ધર્મપત્ની મંગળવાર, તા. ૨ સપ્ટેમ્બર, ૨૫ના મુંબઇ અરિહંતશરણ પામેલ છે. તે જયાલક્ષ્મી શામજીભાઇ મહેતાની સુપુત્રી. આત્માર્પિત મીતાજી, નીતા સુનિલ અવલાણી, રૂપા હિતેશ મહેતા તથા સોનલ તુષાર શેઠના માતુશ્રી. પૂજા, પાર્થ, ઉદિત, નિશિતા, પાર્શ્વ, મૈત્રીના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. રુપા હિતેશ મહેતા ૬૦૪ અનુપમ બિલ્ડિંગ, તેજપાલ સ્કીમ રોડ નંબર-૩, વિલેપાર્લે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ મલાડ રમણીકલાલ ડુંગરશી સલોતના પુત્ર ચંદ્રકાંત (ઉં.વ. ૭૫) તા. ૩-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. યશોમતીબેનના પતિ. રાજુ, ચિરાગ, જિજ્ઞાના પિતા. મેહુલકુમાર રમેશભાઇના સસરા. તે સ્વ. જીતેન્દ્રભાઇ, સ્વ. નીરુબેન વિનોદરાય, સરોજબેન જયંતકુમારના ભાઇ. વેદાંત અને શ્રેયાનના નાના. મોહનલાલ છગનલાલ દોશીના જમાઇ. પિતૃવંદના તા. ૫-૯-૨૫ શુક્રવારના ૧૦થી ૧૨. ઠે. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, શારદા સ્કૂલની બાજુમાં, દત્ત મંદિર રોડ, મલાડ (ઇસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી વીશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી, અ. સૌ. વર્ષા શાહ (ઉં. વ. ૫૩) તા. ૧/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન અરવિંદભાઈ શાહના પુત્રવધૂ. વિપુલભાઈના ધર્મપત્ની મનીષા કલ્પેશ, રશ્મિ પ્રકાશના દેરાણી. મંજુલાબેન ચંદુભાઈ ભલાણીના પુત્રી. કલ્પનાબેન ધર્મેન્દ્રભાઈ, રૂપાબેન ચેતનભાઈ, ભાવનાબેન નૈલેશભાઈ, સેજલ દીપકભાઈના બેન. હેતલ વૈભવ, પ્રિયંકા, ખ્યાતિ પ્રતીક, કૃપેશ ઉમંગ, દિશા, ધારા, પ્રિતેશ, નિશીત, હિનલ, અપર્ણા, હિરલ, મિતાલી, શોહમ, હેત્વી, દ્રીષ્ટિ, રાજવીર, રીશતના આંટી. પ્રાર્થનાસભા તા. ૫/૯/૨૫ના શુક્રવાર ૩.૩૦.થી ૫.૩૦. કેશર આશિષ બિલ્ડીંગ, પહેલે માળે, મહાવીરનગર, કાંદિવલી -વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. મનસુખલાલ દીપચંદ શાહના સુપુત્ર, શૈલેષભાઇ શાહ (ઉં. વ. ૫૫) તા. ૧/૯/૨૫ના સોમવાર અરિહંતશરણ થયેલ છે. તે નયનબેનના પતિ. યેશા ધીરેનકુમાર શાહના પિતાશ્રી. યોગેશભાઈ તથા દીપાબેન અરુણકુમારના ભાઈ. દીપચંદ રૂગનાથ શાહના પૌત્ર. ઢૂંઢસર નિવાસી મલાડના સ્વ. શાંતિલાલ શામજીભાઈના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ડી/૦૦૩, દીપ રેસિડનસી, તૂલિન્જ રોડ, ભારત ગેસ કંપનીની બાજુમાં, નાલાસોપારા ઈસ્ટ.

**ક. દ.ઓ. જૈન**

કચ્છ ગામ બાયઠ હાલે દાદર, મણિલાલ ટોકરશી દંડ (ઉં. વ. ૮૧) બુધવાર તા. ૦૩ સપ્ટેમ્બરના અરિહંતશરણ પામેલ છે. તે મણિબાઈ ડુંગરશી દંડના સુપુત્ર. મીઠીબાઈ શામજી હંસરાજ ધરમશી સુથરીવાળાના જમાઈ. લલિતાના પતિ. હિરેન, વિપુલ તથા જસ્મિનના પિતાશ્રી. હેમા, રૂપા, જયમીતના સસરાજી. જગદીશ, વિમલાબેન, કસ્તુરીબેન, ચંદ્રિકાબેન, અશ્વિનાબેનના ભાઈ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૦૫/૦૯/૨૫ના ૪.૦૦ થી ૫.૩૦. આર.જે.સી. બેન્ક્વેટ, એસ. એન. ડી. ટી કોલેજ, ૩૩૮, આર એ કિડબાઈ રોડ, માટુંગા ઇસ્ટ. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

ખડસલિયા હાલ કાંદિવલી વેસ્ટ, સ્વ. નયનાબેન ચંદ્રકાંત શાહના પતિ. સ્વ. કૌશલ (રોનક) ના પિતા, ચંદ્રકાંત ચીમનલાલ શાહ (ઉં. વ. ૭૭) તા. ૨-૯-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવિકાના સસરા. સાચી અને હીયાના દાદા. ગીતાબેન રાજેશભાઈ ટોલિયાના ભાઈ. સ્વ. જસવંતીબેન, સ્વ. ન્યાલચંદ અમીચંદ રૂપાણીના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોકલીયાના અ.સૌ. કાંતાબેન જયંતિલાલ ગોસર (ઉં. વ. ૬૬) તા. ૧-૯-૨૫ ના માંદગીથી અવસાન પામ્યા છે. માતુશ્રી મણીબેન નાનજી વેરશીના પુત્રવધૂ. જયંતિલાલના પત્ની. મનોજ, સ્વ. રશ્મી, દિયા (પીંકી)ના માતુશ્રી. ખેતબાઈ જખુ વીરાના પુત્રી. નેમચંદ, લક્ષ્મીચંદ, લક્ષ્મી, શાંતા, આશા, મિનાક્ષીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતિલાલ ગોસર : ૪૦૨/ એ-૧, ધરતી કોમ્પલેક્ષ, એવરસાઈન નગરની બાજુમાં, મીરારોડ (ઈસ્ટ)-૪૦૧૧૦૭.

નવાવાસ (દુર્ગાપુર)ના ચંચળબેન જયંતીલાલ વીરા (ઉં. વ. ૭૦) તા. ૩-૯-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઇ રતનશી ઉમરશી વીરાના પુત્રવધૂ. જયંતીલાલના ધર્મપત્ની. હેમલના માતુશ્રી. તલવાણાના ખેતબાઇ ટોકરશી પાંચારીયાના સુપુત્રી. મણીલાલ, કાંતીલાલ, નેમીકુમાર (પપી), વડાલાના પ્રભાબેન લક્ષ્મીચંદ, ડોડીયા જયાબેન દુર્લભ, બીદડાના વાસંતી મહેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. ઠેકાણું : હેમલ વીરા, ૧૨૨, શ્વેતા કો.હા.સો. બીલ્ડીંગ નં. ૮, શૈલ કોલોની, ચેમ્બુર ઇસ્ટ, મુંબઇ.

બાડાના ટોકરશી છાડવા (ઉં. વ. ૯૫) ૨૯-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. કુસુમબેન છાડવાના પતિ. સ્વ. મણીબેન રામજી ગેલા છાડવાના પુત્ર. ઉદયપુરના અચલરાજ ભભુતરાજ જૈનના જમાઇ. ચંદ્રશેખર, સ્વ. અશોક, આશા, પ્રીતી, સ્વ. ચંદ્રકાંતના પિતા. પ્રાર્થના રાખેલ નથી. એ. ઉજ્વલા છાડવા, બીલ્ડીંગ નંબર ૧, એ વિંગ, ૮૦૫ રૂમ નંબર, ક્રાંતિ જ્યોત બીલ્ડીંગ, પંતનગર પોલીસ સ્ટેશનની સામે, ઘાટકોપર (પૂ.) ૭૭.

ગુંદાલાના શ્રી હેમલતાબેન વીરજી ખીમજી સાવલા (ઉં. વ. ૬૨) તા. ૩-૯-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સોનબાઈ ખીમજી (ગગુ જેઠા)ના પૌત્રી. માતુશ્રી મણીબાઈ વિરજી ખીમજીના સુપુત્રી. સ્વ. ચુનીલાલ, સ્વ. હરીલાલ, સ્વ. ભરત, સ્વ.દમયંતી, જયશ્રીના બેન. ગુંદાલાના માતુશ્રી મકાબાઈ હંસરાજ કોરશીના દોહીત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસ: જયશ્રી સાવલા, ૧૩/૧૪, દેઢિયા નિવાસ, આર. આર. ટી રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ.

કોડાયના માતુશ્રી પાનબાઈ હીરજી સાવલા (ઉં. વ. ૯૦) તા.૨-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ.વેલબાઈ ખીમજી ઓભાયાના પુત્રવધૂ. સ્વ. હીરજી ખીમજીના ધર્મપત્ની. રમેશચંદ્રના માતુશ્રી. બિદડાના માતુશ્રી લીલબાઈ ગણપત સવરાજ દેઢિયાના દિકરી. મોટા આસંબીયાના મકાબાઈ કાનજી, કોડાયના રતનબેન વસનજી, નાની ખાખરના ચુનીલાલ દેવશી ગંગરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.રમેશચંદ્ર સાવલા. ૨૦૨, નિર્મલ, કોઠારીવાડી, રામચંદ્ર લેન, મલાડ (વે).

પ્રાગપુરના ચંદ્રિકાબેન વસંત વોરા (ઉં. વ. ૭૪) તા. ૨-૯-૨૫ના અવસાન પામ્યા છે. સાકરબેન કેશવજીના પુત્રવધુ. વસંતના પત્ની. હિરેન, વિમલ, મિત્તલના માતુશ્રી. ગંગાબેન મેઘજી ગાલાના પુત્રી. માવજી, રમણીક, નિપુણ, તલવાણા બીના કિરણના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુ નિસર હોલ (દાદર). ટા. ૧૦.૩૦ થી ૧૨.

કપાયાના ડુંગરશી ઉર્ફે મંગલભાઈ છેડા (ઉં. વ. ૯૧) તા.૨૯-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભચીબાઈ વિસનજી શિવજીના પુત્ર. સ્વ. મંજુલાના પતિ. સ્વ. નેમજી, મહેન્દ્ર, સ્વ. નિર્મળા સ્વ. દુર્ગાબાઈના ભાઈ. કુંદરોળીના સ્વ. લાછબાઈ તેજશી કરમશીના જમાઈ. સ્વ. ભવાનજી, વાંકીના સ્વ. જવેરબાઈ મોણશી, રતાડીયા (ગ) માતુશ્રી લક્ષ્મીબેન કાનજીના બનેવી. સ્વ. મણીબાઈના નણંદોઈ. ભુજપુરના સ્વ. મઠાભાઈ મેઘજી ખીયશીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : મહેન્દ્ર છેડા, સી/૧૦૧ મહાવીર કોમ્પ્લેક્સ, સાઈનગર, ગોલ્ડન પાર્ક હોસ્પિટલની બાજુમાં, વસઈ રોડ (વેસ્ટ).

# હિન્દુ મરણ

**ઔદીચ્ય સહસ્ત્ર ૪૫૦ બ્રાહ્મણ**

મૂળ ગામ સલડી મોટા લીલીયા (અમરેલી) હાલ દહીંસર (મુંબઇ) તે સ્વ. મધુબેન બિપિનકુમાર જોશી (ઉં. વ. ૬૫) રવિવાર, તા. ૩૧-૮-૨૫ના કૈલાસવાસી થયા છે. તે સ્વ. કમલાબેન, તે સ્વ. દેવશંકર જોશીના પુત્રવધૂ. સ્વ. વિમળાબેન, તથા સ્વ. હરિલાલ જોશીના દીકરી. ગં. સ્વ. કોકિલાબેન ગૌતમભાઇ જોશીના દેરાણી. નારાયણ, મયૂરી, દર્શના, રશ્મિ અને કાજલના કાકી. જીતેન્દ્રભાઇ, દિનેશભાઇ, પ્રફુલ્લા જયેન્દ્ર વ્યાસ, ઇલા રામચંદ્ર જોશી, ભારતી જયકુમાર સિંહ, નયના યોગેશ દવેના બેન. માનસી અનીલકુમાર મસુરીયાના માતુશ્રી. અનીલકુમાર પ્રભુરામ મસુરીયાના સાસુમા. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૯-૨૫ના ૧૧થી ૧. ઠે. ગુરુદ્વારા સાહેબ હોલ, શીતળ ડેરીની સામે, સાઇબાબા નગર, બોરીવલી (પ.).

**પટેલ**

પેટલાદ નિવાસી (હાલ ગોરેગામ) સ્વ. ઉર્મિલાબેન નવીનભાઇ પટેલ (ઉં. વ. ૭૮) તા. ૩૦-૮-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા જી.ઇ.એસ. એકટીવીટી હોલ, ગોરેગામ એજ્યુકેશન સોસાયટી, પ્લોટ નં. ૨૨૦, રોડ નં.૧૪, જવાહરનગર, ડાહ્યાભાઇ પટેલ ચોકની નજીક, ગોરેગામ (વેસ્ટ), શુક્રવાર તા. ૫-૯-૨૫ના સાંજે ૫થી ૬.૩૦.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

સરંભડા નિવાસી હાલ વાશી નવી મુંબઇ ભૂપતરાઇ લાભશંકર મહેતા (ઉં. વ. ૮૯) તે ઉષાબેનના પતિ. તે હિતેશભાઇ, વર્ષાબેનના પિતા. ઇલા અને સેમ્સનના સસરા. તે કરિશ્મા હર્ષકુમાર મેપાણી અને હેતાલી મિહિરકુમાર લોઢવિયાના દાદા. તે નિર્વિક અને યુવાનના નાનુ દાદા. ગુણવંતભાઇ, અશ્વિનભાઇ, મહેન્દ્રભાઇ અને હર્ષદરાયના મોટાભાઇ. મંગળવાર, તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

ગામ સ્વામીના ગઢડા હાલ નાલાસોપારા ગં. સ્વ. જયાબેન ગોહિલ (ઉં. વ. ૭૯) તે સ્વ. પરમાનંદભાઇ નરોતમભાઇ ગોહિલના ધર્મપત્ની તા. ૩૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જયેશભાઇ, દિપકભાઇના માતા. મીનાબેન જ. ગોહિલના સાસુ. કીરીટભાઇ, જગદીશભાઇ અને પ્રવીણાબેનના ભાભી. કોરડાવાળા હરગોવિંદદાસ નાગરદાસ પાટડિયાના મોટા દીકરી. પ્રિયંકા અને હેતાના દાદી. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૫ શુક્રવાર સાંજે ૪થી ૬. ઠે. મારું ભવન, રામદેવ ઝેરોક્સની સામે, રાધાકૃષ્ણ હૉટેલની સામે, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જણસારી**

લોહેજ નિવાસી હાલ મુલુંડ સ્વ. દેવજીભાઇ આંબાભાઇ ગોહિલ તથા ગં. સ્વ. લક્ષ્મીબેનના પુત્ર ચેતન (ઉં. વ. ૪૨) તા. ૩-૯-૨૫ બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. મેઘાંશના પિતા. લાભુબેન નરસિંહભાઇ તથા સ્વ. પરષોતમભાઇના ભત્રીજા. ઉમેશભાઇના નાનાભાઇ. ભૂપદભાઇ હિરજીભાઇ વાઘેલા તથા રંજનબેનના જમાઇ. રેખા પ્રફુલભાઇ પરમાર તથા બીંદિયા મનોજભાઇ ચુડાસમાના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૯-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. ગૌપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**પોરેચા મોઢ વણિક**

પુના નિવાસી હાલ કાંદિવલી સ્વ. રમણબેન અમૃતલાલ શાહના દીકરા મહેશકુમાર અમૃતલાલ શાહ (ઉં.વ.૯૧) મંગળવાર, તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઇન્દિરાના પતિ. ઉષા, નીના, દિપ્તી, તૃપ્તીના પિતાશ્રી. દિપક, કીરીટ, જનક, નિતેષના સસરા. સ્વ. પદમાબેન, સ્વ. નિમુબેન, સ્વ. જયોત્સના, હંસાબેન યોગેશના ભાઇ. તરલાના જેઠ. સ્વ. નવલબેન કાંતિલાલ પારેખના જમાઇ. જયશુખ, દિલીપ, ભારતીના બનેવી તા. ૨-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ જાલાવાડ સત્તર તાલુકા**

મૂળ વાંકાનેર નિવાસી હાલ મલાડ, સ્વ. અરુણભાઈ દવે તે સ્વ. દૌલતબેન તથા સ્વ. લાલભાઈ એચ. દવેના સુપુત્ર. સ્વ. નિરંજનબેન દવેના પતિ. સ્વ. હિતેષભાઇ તથા સ્વ. હિરેનભાઈના પિતા. સ્વ, સરલાબેન તથા રમાબેનના ભાઈ તા. ૨/૯/૨૫ ને મંગળવારે સ્વર્ગવાસી થયા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ ભાટિયા**

ગં.સ્વ. લીલાબેન નેગાંધી (ઉં. વ. ૯૫) તે સ્વ. શ્યામલાલ રામલાલ નેગાંધીના પત્ની. તે સ્વ. રામલાલ સુંદરદાસના પુત્રવધુ. સ્વ.નારણદાસ વેદના સુપુત્રી. સ્વ. ગોકલદાસ નારણદાસના બેન. ગં. સ્વ. વિજયાબેનના નણંદ. સ્વ. દામોદરભાઈ, સ્વ. રમેશભાઈ, પ્રતાપભાઈના ભાભી જામનગર તા. ૩૧/૮/૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુતાર જ્ઞાતિ**

મૂળ ગામ સિધ્ધસર હાલ મલાડ, દિનેશ પરમાર (ઉં. વ. ૬૬) તા. ૩/૯/૨૫ બુધવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. માણેકબેન વીરજીભાઈના પુત્ર. કીર્તિબેનના પતિ. વિવેકના પિતા. દલસુખભાઈ મકવાણાના જમાઈ. મહેશભાઈ, પ્રવીણભાઈ, ચારુબેન હસમુખરાય કારેલીયાના ભાઈ. પ્રાર્થનાસભા તા.૫/૯/૨૫ શુક્રવારના ૫ થી ૭. લુહાર સુતાર વેલ્ફર સૅન્ટર, કાર્ટર રોડ નં ૩, અંબાજીમંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

રસનાળવાળા હાલ ઘાટકોપર, સ્વ. મંગળાબેન ત્રિભોવનદાસ દામોદરદાસ મહેતાના પુત્ર બળવંતરાય (ઉં. વ. ૮૧) તે જ્યોત્સ્નાના પતિ. ચિ. અક્ષય, ચિ. મનીષાના પિતાશ્રી. ધંધુકાવાળા સ્વ. વિમળાબેન અમૃતલાલ કેવળદાસ મહેતાના જમાઈ. સ્વ. રંજનબેન, અ.સૌ. જયશ્રીબેન, ગં. સ્વ. શોભનાબેન તથા સ્વ. યોગેશના મોટાભાઈ. શિહોરવાળા સ્વ. મણીલાલ ભગવાનદાસ પારેખના ભાણેજ તા. ૨/૯/૨૫ને મંગળવારે શ્રીજી શરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ**

ગામ કુકમા (કચ્છ) હાલ કલ્યાણ, સ્વ. જશુમતીબેન હરીશભાઇ ચૌહાણ (ઉં. વ. ૭૭) તા.૩/૯/૨૫ના બુધવાર શ્રીહરિશરણ પામેલ છે. તે પરેશભાઈ, હેમલભાઈના માતા. કલ્પનાબેન તથા વિભુતિબેનના સાસુ. માનસી, દેવહુતિ અને હીતના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૫/૯/૨૫ શુક્રવારે ૪ થી ૬. રૉયલ રેસીડેન્સી ક્લબ હાઉસ, ગાઇકર પાડા, ક્રોમાની બાજુમાં, આધારવાડી જેલ રોડ, કલ્યાણ-પશ્ચિમ.

**વેદાંત બ્રાહ્મણ**

ગામ બાડા હાલે મુલુંડ, કૃષ્ણકાંત નરભેરામ વેદાંત (ઉં. વ. ૮૫) તા. ૩/૦૯/૨૫ના મુલુંડ રામશરણ પામેલ છે. ધર્મપત્ની કલ્પનાબેન (ચંચળ બેન), પુત્ર પ્રશાંત. અને હેમંત, પુત્રવધૂ વૈશાલી અને અંગિકા. સાક્ષી અને જીયાના દાદા. મનોરમાબેન, ધનલક્ષ્મીબેન, મંજુલાબેનના ભાઈ. સ્વ. અમૃતબેન ઠાકરસી વેદાંતના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી મોઢ વણિક**

ઠળિયા નિવાસી હાલ વડાલા, સ્વ. રૂકમણી ડાહ્યાલાલ દેસાઈના સુપુત્ર સુરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૮) ૦૨/૦૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કિરણબેનના પતિ. વિનય તથા ક્રિનાના પિતાશ્રી. ભામિનીના સસરા. સ્વ. મંગળાબેન નવનીતરાય વડોદરીયા, હસુમતીબેન હિંમતલાલ વોરા, હરિપ્રસાદના ભાઇ, સ્વ.પુંજાભાઈ કાનજી ગાલાના જમાઇ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગોયલા હાલે નાસિક પિપલગાંવ, સ્વ. પુરબાઈ મુલજી નથુરામ કતિરાના પુત્ર સ્વ. નારાયણદાસ (ઉં. વ. ૭૧) તા. ૩/૯/૨૫ બુધવારના નાશિક રામશરણ પામેલ છે. તે ભગવતીબેનના પતિ. ઉત્તમભાઈ, નીતાબેન અમિતભાઈ દનાણી (કલ્યાણ), પ્રીતિબેન તિલકભાઈ ઉદવાણી, સ્વ. ગોવિંદભાઈના પિતા. ગીતાબેનના સસરા. સ્વ. ટોકરશીભાઈ, સ્વ. રમણીબેન ભવાનજી, સ્વ. જયરામભાઈ, સ્વ. પ્રેમીલાબેન બાબુલાલ આઈયા, કરસનભાઈ, જયશ્રીબેન રામજીભાઈ આઈયા, જેઠમલભાઈ, શંકરલાલ ભાઈના ભાઈ. સ્વ. લક્ષ્મીબેન મોરારજી (નથુરામભાઇ) દેવચંદ કેશરીયા વાયોરવાળાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૫/૯/૨૦૨૫ને શુક્રવાર ૪ થી ૫.૩૦. શ્રી નીલકંઠ હોલ, સ્વામિનારાયણ મંદિર, કેવડીવન, નાસિક.

# પારસી મરણ

હીલ્લા દારાબશા સીગનપોરીયા તે મરહુમો ધનમાય દારાબશા સીગનપોરીયાના દીકરી. તે કાલી, દીનશાહ તથા મરહુમો મરઝબાન, કેરસી, મેહરુ ને એમીના બહેન. તે હુતોકસી, કૈયવાન, હનોઝના માસી. તે રુખશાના, બીનાઝ, નીલુફર, કૈયનાઝ ને કેશવરના ફૂઇજી. તે માનેક તથા મરહુમો પરવીઝ, ફરીદાના ભાભી. તે મેહરના ગ્રેન્ડ ફૂઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. બિલ્ડિંગ નં.૭, ફલેટ નં.૧, ગામડીયા કોલોની, તારદેવ,મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૯-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી પર છેજી.

જમશેદ નાદીરશા દરાઇવર તે માહારુખના ધની. તે મરહુમો ખોરશેદબાનુ નાદીરશા દરાઇવરના દીકરા. તે ગયોમરદ ને આઝમીનના પપા. તે હુફરીશ ને જાહગીરના સસરા. તે મરહુમો આબાન, અરનાવાઝ ને લીલીના ભાઇ. તે હુફ્રીયાના બપાવા. (ઉં. વ.૮૫) રે. ઠે. ૪/૨૫, એ. એચ, વાડીયા બાગ કો. હા. સોસાયટી, જી.ડી. આંબેડકર માર્ગ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૯-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

નોઝર દાદીબા ચિનોય (ઉં. વ. ૮૦) તે ફ્રેનીના પતિ. તે મરહુમ દાદીબા ચિનોય અને મરહુમ પિરોજા ચિનોયના પુત્ર. તે જેસિકા દુભાષના પિતા. તે જાલ દુભાષના સસરા. તે સૂનુ જહાંગીર ચિનોયના દિયર. તે યોહાનના ગ્રાન્ડ ફાધર. તે મરહુમ જહાંગીર ચિનોઇના ભાઇ. તે મરહુમ દારાબશો અને મરહુમ મિથા તલાટીના જમાઇ. રે. ઠે. ૭૯૧, પર્સી મનોર જામે જમશેદ રોડ, દાદર પારસી કોલોની મુંબઇ-૧૪.

## ...તો ચૂંટણીમાં

નેતા છત્રપતિ સંભાજી નગરની એક ખાનગી હોસ્પિટલમાં સંવાદદાતાઓ સાથે વાત કરી રહ્યા હતા. મરાઠાઓ માટે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામત માટે દબાણ કરવા માટે મુંબઈમાં તેમની પાંચ દિવસ ચાલેલી ભૂખ હડતાલ પાછી ખેંચી લીધા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર સરકારે મરાઠા સમુદાયના સભ્યોને કુણબી જાતિના સર્ટિફિકેટો આપવા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કર્યા બાદ મંગળવારે જરાંગેએ આંદોલન પાછું ખેંચ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'જો એક મહિનામાં હૈદરાબાદ અને સાતારા ગેઝેટનો અમલ કરવામાં નહીં આવે તો અમે તેમને (શાસક પક્ષોને) આગામી ચૂંટણીઓમાં ધૂળ ચાટતા કરીશું. સમગ્ર મરાઠા સમુદાયને ઓબીસી કેટેગરીમાં સામેલ કરવામાં આવે એનું ધ્યાન હું રાખીશ.

આંદોલનકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે કોંકણ વિસ્તારમાં મરાઠાઓને આવરી લેવાના બાકી હોવાથી આ આંદોલન ચાલુ રહેશે. કોંકણના લોકોએ પોતાને અનામતનો લાભ લેવો જોઈએ, નહીં તો તેમને ૪૦-૫૦ વર્ષ પછી પસ્તાવો થશે. તેઓએ કોઈની વાત સાંભળવી જોઈએ નહીં અને ભાવિ પેઢીઓને જોખમમાં મૂકવી ન જોઈએ નહીં. (પીટીઆઈ) ■




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

# ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝિટ જૂન ક્વાર્ટરમાં ૧૭ ટકા વધીને ૧.૦૮ લાખ કરોડને પાર પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિદેશમાં ગુજરાતીઓ મોટી સંખ્યામાં વસે છે. એનઆરઆઈ દર વર્ષે રાજ્યમાં મોટી સંખ્યામાં ડિપોઝિટ કરાવે છે. સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીના તાજેતરના આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એનઆરઆઈ ડિપોઝિટમાં ૧૬.૯૭ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો હતો.

આ ડિપોઝિટ્સ એક વર્ષ અગાઉના રૂ. ૯૩,૦૯૬.૦૪ લાખ કરોડથી વધીને રૂ. ૧.૦૮ લાખ કરોડને પાર થઈ ગઈ છે. આ વધારા પાછળનું મુખ્ય કારણ મજબૂત ડૉલર અને વિદેશમાં રહેતા ગુજરાતી કામદારો અને પ્રોફેશનલ્સની સતત કમાણી છે. બેન્કર્સના મતે, આ ડિપોઝિટ્સ માત્ર ડાયસ્પોરાના વિશ્વાસને જ નહીં, પરંતુ વિવિધ ક્ષેત્રોમાં ધિરાણ ઉપલબ્ધતાને પણ વેગ આપે છે.

બેંકિંગ ક્ષેત્રનાં સૂત્રો અનુસાર, ડોલર સામે ભારતીય રૂપિયાના મજબૂતીકરણ અને વૈશ્વિક રેમિટન્સમાં વધારાને કારણે આ ઉછાળો આવ્યો છે.

ખાસ કરીને ગલ્ફ, ઉત્તર અમેરિકા અને યુરોપમાં કામ કરતા ભારતીય કામદારોની કમાણી અને અનુકૂળ ચલણની હેરફેરને કારણે રેમિટન્સ મજબૂત બન્યા છે. યુએસ, યુકે, કેનેડા અને પશ્ચિમ એશિયામાં રહેતા ગુજરાતી એનઆરઆઈ ઔપચારિક રોકાણોની સુરક્ષાને કારણે પોતાની બચત બેંક ડિપોઝિટમાં મૂકી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ વધારા પાછળ ભારતીય બેંકિંગ સિસ્ટમમાં એનઆરઆઈ રોકાણકારોનો વધતો વિશ્વાસ પણ જવાબદાર છે. ઘણા એનઆરઆઈએ રેમિટન્સ દ્વારા મિલકત અને શૅરબજારમાં પણ રોકાણ કર્યું છે. આ ઉપરાંત સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, તાજેતરનાં વર્ષોમાં ગુજરાતના ડાયસ્પોરાની પ્રોફાઈલ બદલાઈ છે. પહેલાં પરંપરાગત સ્થળાંતર કરનારા કામદારોનું વર્ચસ્વ હતું, પરંતુ હવે આઈટી અને અન્ય કુશળ ક્ષેત્રોમાં વિદેશ ગયેલા પ્રોફેશનલ્સની સંખ્યા વધી રહી છે. આ આર્થિક રીતે સદ્ધર વર્ગ મોટા પ્રમાણમાં નાણાં રોકાણ માટે સ્વદેશ મોકલી રહ્યા છે.

નોંધનીય છે કે, માર્ચ ૨૦૨૫ના ક્વાર્ટરમાં પણ એનઆરઆઈ ડિપોઝિટનો આંક રૂ. ૧ લાખ કરોડને વટાવી ગયો હતો. આમ વિદેશમાં વસતા ગુજરાતીઓ રાજ્યની બેંકો માટે આ ડિપોઝિટ્સ મહત્ત્વપૂર્ણ લિક્વિડિટી પૂરી પાડે છે, જેનાથી તેઓ છૂટક, કોર્પોરેટ અને હાઉસિંગ ક્ષેત્રોમાં ધિરાણ આપી શકે છે.

# બોઈલર નિરીક્ષણ ફી થકી સરકારને ₹ ૩૬ કરોડથી વધુની આવક પણ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત આજે અનેક મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોનું હબ છે. આ ઉદ્યોગોમાં વપરાતા બોઇલરોના ઉપયોગ દરમિયાન એક્સપ્લોઝન-વિસ્ફોટની ઘટના અટકાવીને જાનમાલ-મિલકતનું રક્ષણ કરવા રાજ્ય સરકારનો ટેક્નોક્રેટ વિભાગ એટલે 'બોઇલર તંત્ર'. શ્રમ આયુક્તની સીધી દેખરેખ હેઠળ ચાલતા આ બોઇલર તંત્ર દ્વારા અત્યારસુધીમાં રાજ્યમાં નોંધાયેલા તમામ કાર્યરત બોઈલરોનું ૧૦૦ ટકા નિરીક્ષણ કરવામાં આવ્યું છે. ઉદ્યોગ અને શ્રમ-રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂત તથા શ્રમ-રોજગાર રાજ્ય પ્રધાન કુંવરજીભાઈ હળપતિના નેતૃત્વમાં 'બોઈલર તંત્ર' દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યમાં કુલ ૨૩,૭૧૯ બોઈલર અને ૬૭૫ ઇકોનોમાઇઝરને પ્રમાણિત કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૨૨ કરોડ જેટલુ બજેટ ફાળવવામાં આવ્યું હતું, જે અન્વયે નિરીક્ષણ ફી થકી રૂ. ૩૬ કરોડથી વધુની માતબર આવક પણ થઈ છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં 'બોઇલર તંત્ર' રાજ્યના વિકાસ સાથે જાહેર સલામતીના લક્ષ્યાંકનો હેતુ પાર પાડવા તેમજ આજના સમયની માગને પહોંચી વળવા હંમેશાં અસરકારક અને ગુણાત્મક સેવાઓ પૂરી પાડે છે. 'બોઇલર તંત્ર' દ્વારા ઉદ્યોગોમાં ઉત્પાદનને અસર ન થાય તે રીતે શ્રમિક અને સંપત્તિને અકસ્માતોથી બચાવવા, બોઇલર કાયદાઓનું અસરકારક અમલીકરણ કરી કાયદાકીય રક્ષણ-સલામતી પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત 'બોઈલર તંત્ર' દ્વારા ઊર્જા શક્તિનો બચાવ કરી પર્યાવરણની જાળવણી કરવી, ઔદ્યોગિક સલામતી અને શાંતિનું વાતાવરણ સ્થપાય, ઉદ્યોગોમાં પ્રમાણિત સક્ષમ અને કુશળ માનવબળ પૂરું પાડી કામદારોનો ઉત્કર્ષ-વિકાસ કરવો, રાષ્ટ્રીય સંપત્તિનું નુકશાન અટકાવવું તેમજ બોઇલરોની સલામતી અને કાર્યક્ષમતામાં સતત સુધારણા કરવા જેવી વિવિધ કામગીરી પણ કરવામાં આવે છે. બોઇલર અધિનિયમ-૨૦૨૫ મુજબ જેની વોલ્યુમેટ્રીક કેપેસીટી ૨૫ લિટરથી વધુ તથા વર્કિંગ ગેજ પ્રેશર ૧ કેજી/સીએમ૨ કરતાં વધુ હોય તેમજ પાણી ૧૦૦ અંશ સેલ્સિયસ કરતાં વધુ તાપમાને ગરમ થતું હોય તેવા તમામ બોઇલરો કે સ્ટીમ જનરેટરોનો ઉપયોગ નિયમોનુસાર નોંધણી કર્યા વિના કરી શકાશે.

# અમદાવાદમાં આજે 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે સવારે ૧૧:૦૦ કલાકે ટાગોર હોલ, પાલડી-અમદાવાદ ખાતે 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ' યોજાશે. આ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોર તથા રાજ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનશેરીયા વિશેષ ઉપસ્થિત રહેશે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરના શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે દર વર્ષે 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે પણ 'શિક્ષક દિવસ' નિમિત્તે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા કુલ ૩૦ શિક્ષકોને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

# ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કેડરના અધિકારીએ અમદાવાદમાં આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં ચોંકાવનારી ઘટના બની હતી. ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવતા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કેડરના એક અધિકારીએ આત્મહત્યા કરી હતી.

મનોજકુમાર પૂજારા નામના આ અધિકારી વસ્ત્રાપુરની સરકારી વસાહતમાં આવેલા તેમના નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા.

મનોજકુમાર પૂજારાના ડ્રાઈવર તેમને દરરોજની જેમ લેવા આવ્યા ત્યારે ફોન પર સંપર્ક ન થતાં તેઓ સીધા તેમના ઘરે પહોંચ્યા હતા. ઘરનો દરવાજો ખુલ્લો જોઈને અંદર પ્રવેશતા જ તેમણે પૂજારાને લટકતી હાલતમાં જોયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર પૂજારા છેલ્લા ૧૧ વર્ષથી એકલા રહેતા હતા. તેઓએ છૂટાછેડા લીધેલા હતા અને તેમનો એક પુત્ર મુંબઈમાં રહે છે. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી.

પોલીસના જણાવ્યા પ્રમાણે, પ્રાથમિક તપાસમાં એકલતાના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોઈ શકે છે. આ ઘટનાથી રાજ્ય સચિવાલયમાં તેમના સહકર્મીઓમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# ખેડામાં ધો. છમાં ભણતી વિદ્યાર્થિનીઓ એક સાથે બીમાર પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા શહેરમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. ધો.૬માં અભ્યાસ કરતી ૨૫ વિદ્યાર્થિનીઓ એક સાથે બીમાર પડી હતી. તમામ વિદ્યાર્થિનીઓને એક સાથે જ ઝાડા-ઊલટી અને ગભરામણ જેવી ફરિયાદ થઈ હતી. શાળા દ્વારા વિદ્યાર્થિનીઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. મળતી વિગત પ્રમાણે, ખેડામાં માતર રોડ પર આવેલી જ્ઞાનશક્તિ સ્કૂલમાં ગુરુવારે સવારે ધોરણ ૬માં અભ્યાસ કરતી ૨૫ વિદ્યાર્થિનીઓ એક સાથે બીમાર પડી ગઈ હતી. તમામને એક જેવી જ સમસ્યા હતી. ઘટના બાદ શાળાના સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થિનીઓને સારવાર અર્થે ખસેડી હતી.

ઘટના અંગે વિદ્યાર્થિનીઓના વાલીઓને પણ જાણ કરવામાં આવી હતી. જેથી તેઓ પણ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા. આ ઘટના કેવી રીતે બની અને તમામ વિદ્યાર્થિનીઓ એક સાથે કેવી રીતે બીમાર પડી તે વિશે હજુ સુધી કોઇ માહિતી સામે આવી નથી. પ્રાથમિક દ્રષ્ટિએ ફૂડ પોઇઝનિંગના કારણે આ ઘટના બની હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સાચું કારણ ઘટનાની સંપૂર્ણ તપાસ બાદ જ સામે આવશે.

# સુરતના અલથાણમાં માતા-પુત્રએ ૧૩મા માળેથી મોતની છલાંગ લગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં વધુ એક આપઘાતની ઘટના બની હતી. અલથાણ વિસ્તારમાં એક મહિલાએ તેના પુત્રને ૧૩મા માળેથી ફેંક્યા બાદ પોતે પણ કૂદી પડી હતી. જેના કારણે બંનેના કમકમાટીભર્યા મોત થયાં હતાં. માતા-પુત્ર સોસાયટીમાં સ્થાપિત ગણપતિ દાદાની મૂર્તિથી માત્ર ૨૦ ફૂટ દૂર જ પડ્યા હતા. આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી.

મળતી વિગત પ્રમાણે, મૂળ મહેસાણાના વતની અને હાલ અલથાણ વિસ્તારમાં આવેલી માર્તન્ડ હિલ્સ બિલ્ડિંગમાં વિલેશકુમાર પટેલ, તેમની પત્ની પૂજા અને એકના એક પુત્ર સાથે છઠ્ઠા માળે રહેતા હતા. વિલેશકુમાર પટેલ લુમ્સનું કારખાનું ચલાવે છે. માતા પૂજા પુત્ર ક્રિશિવને સાથે લઈને સી-વિંગના ૧૩મા માળે કપડાનું સ્ટિચિંગ કામ કરાવવા માટે ગઈ હતી. તેણી મનોમન આપઘાત કરવાના ઇરાદે ત્યાં પહોંચી હોવાનું લાગી રહ્યું છે. કારણ કે જેના ઘરે કપડાનું સ્ટિચિંગ કામ કરાવવા ગઇ હતી તેના ઘરનો દરવાજો બંધ હતો, જેથી પૂજાએ તેના ઘરનો બેલ વગાડ્યો હતો. બાદમાં આસપાસ કોઈ ન હોવાનું જાણીને તરત જ તેણે તેના પુત્ર ક્રિશિવને સાથે લઈને ૧૩મા માળેથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આ ઘટના એટલી ઝડપથી બની કે કોઈને સમજાયું નહીં કે શું થયું. બંને બિલ્ડિંગમાં સ્થાપિત શ્રીજીની મૂર્તિ સામે જ જમીન પર પડ્યાં હતાં.

આ અંગે જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. તાત્કાલિક ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. થોડી જ વારમાં એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને પૂજા તથા ક્રિશિવને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

# ડીસામાંથી ડુપ્લિકેટ ચલણી નોટની ફેક્ટરી ઝડપાઈ

## ૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં નકલીના રાફડો ફાટ્યો હોય તેમ એક બાદ એક નકલી વસ્તુઓ ઝડપાઈ રહી છે. નકલી પીએમઓ, સીએમઓ, પીએસઆઈ, દારૂ ફેક્ટરી, નકલી વિઝા બાદ હવે ડુપ્લિકેટ નોટોની ફેક્ટરીની પર્દાફાશ થયો હતો. બનાસકાંઠા એલસીબીએ ડીસા તાલુકાના મહાદેવીયા ગામેથી ડુપ્લિકેટ નોટોની ફેક્ટરી ઝડપી પાડી હતી. બનાસકાંઠા એલસીબીને મહાદેવીયા ગામમાં નકલી નોટોનું મોટું રેકેટ ચાલી રહ્યું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરીને મહાદેવીયા ગામના રાયમલસિંહ બનેસીંગ દરબારના ખેતરમાં આવેલા રહેણાક મકાનમાં દરોડા પાડ્યા હતા. પોલીસે મકાનના ભોંયરામાં ચાલતી આ નકલી નોટો બનાવવાની ફેક્ટરીને ઝડપી પાડી હતી. પોલીસે બે આરોપીઓ સંજયકુમાર ભેમજીભાઈ સોની અને કૌશિકભાઈ પ્રવીણભાઈ શ્રીમાળીને પકડી પાડ્યા હતા. બંને આરોપી ડીસાના ઝેરડા ગામના રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંને આરોપીઓ મકાન માલિક રાયમલસિંહના મેળાપીપણામાં રહીને આ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા. મળતી વિગત અનુસાર, પોલીસે ઘટના સ્થળેથી આશરે ૪૦ લાખ રૂપિયાથી વધુની ડુપ્લિકેટ નોટો તથા અન્ય સાધનો જપ્ત કર્યા હતાં. આરોપીઓ કલર પ્રિન્ટરનો ઉપયોગ કરીને આ નોટો બનાવતા હતા આ ઘટનાથી હડકંપ મચી ગયો હતો. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરીને આ રેકેટમાં સંડોવાયેલા સભ્યોને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બરોડા ડેરીની વાર્ષિક સાધારણ સભામાં ૧૦૫ કરોડનો ભાવ ફેર ચૂકવવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની વાર્ષિક સાધારણ સભા પહેલી વખત બોડેલી ખાતે મળી હતી. જેમાં બરોડા ડેરીએ ઈતિહાસમાં સૌથી વધુ ભાવફેર ચૂકવવાની જાહેરાત કરી હતી. બરોડા ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખે એજીએમમાં ડેરીના ઇતિહાસમાં સૌથી વધુ ૧૦૫ કરોડનો ભાવ ચૂકવવાની જાહેરાત કરી હતી અને આ ભાવ ફેર ૬ સપ્ટેમ્બર સુધીમાં દૂધ ઉત્પાદકોને મળી જાય તેવા પ્રયત્ન કરવાની પણ ખાતરી આપી હતી.તેમણે કહ્યું હતું કે,વર્ષ ૨૦૧૬-૧૭ માં બરોડા ડેરી દ્વારા સૌથી વધુ ૧૦૦ કરોડનો ભાવ ફેર ચૂકવવામાં આવ્યો હતો. ત્યારબાદ આ વખતનો ભાવ ફેર તેનાથી પણ વધુ જાહેર કરવામાં આવ્યો હતો.

બરોડા ડેરી દ્વારા વડોદરા છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાંથી અંદાજે ૧૨૦૦ જેટલી મંડળીઓમાંથી દૂધ મેળવવામાં આવે છે. ડેરીએ વડોદરાની જેમ બોડેલીમાં પણ પ્લાન્ટ નાખ્યો છે જેનું મુખ્ય પ્રધાને ઉદઘાટન કર્યું હતું. આ વખતે ત્યાંના દૂધ ઉત્પાદકોની માગણીને સ્વીકારી પહેલી વખત એજીએમ બોડેલીના પ્લાન્ટમાં બોલાવવામાં આવી હતી. બરોડા ડેરીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૧૪૬૩ કરોડ પર પહોંચ્યું છે.

# જીએસટી ઘટતા ગુજરાતમાં અક્ષય ઊર્જાને વેગ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીએસટીના દરમાં ઘટાડો કરવા બદલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, વડા પ્રધાને હજી થોડા દિવસ પહેલા સ્વાતંત્ર્ય દિવસના તેમના સંબોધનમાં લાલ કિલ્લા પરથી નાગરિકોના જીવનને વધુ સરળ બનાવવાનું અને અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવાનું વચન આપ્યું હતું. જીએસટી દરોમાં ઘટાડા દ્વારા તેમણે આ વચન થોડાક જ દિવસમાં પૂરું કરીને દેશવાસીઓને સુખમય જીવનની સોગાત આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ સીમાચિહ્નરૂપ રિફોર્મ્સથી કરોડો મધ્યમ વર્ગના પરિવારો, ખેડૂતો, નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને ફાયદો થશે. નાગરિકોનું રોજિંદુ જીવન વધુ સરળ બનશે અને ભારતના અર્થતંત્રને નવી ગતિ અને ઊર્જા મળશે.નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ કહ્યું, વેરાના દરમાં સુધારો થવાથી સામાન્ય નાગરિકોના જીવન ધોરણ અને સામાજિક સુરક્ષામાં વધારો થશે. રિન્યુએબલ એનર્જીના વપરાશ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સોલાર, વીન્ડ તેમજ દરિયાઇ મોજાથી ઉત્પન્ન થતી ઊર્જા માટેના સાધનો અને તેના પાર્ટસ પર પણ વેરાનો દર ૧૨ ટકાથી ઘટાડીને ૦૫ ટકા કરવામાં આવ્યો છે. માઇક્રો તેમજ નાના ઉદ્યોગને આ સુધારાથી અનેક ફાયદા થશે. તેનાથી રાજ્યમાં રિન્યુએબલ એનર્જીને વેગ મળશે.

વેરાના દરમાં આ સુધારાથી સામાન્ય માણસોના જીવનધોરણમાં સુધારો આવશે અને સામાજિક સુરક્ષામાં વધારો થશે. આ ઉપરાંત તેમણે કહ્યું, વેરાના દરમાં સુધારા થવાથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતનું અર્થતંત્ર વધુ મજબૂત બનશે.

# ગુજરાતના માજી સૈનિકો ફરી એકવાર સરકાર સામે મેદાને પડશે

## સૈનિક સ્વાભિમાન યાત્રા કાઢશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના માજી સૈનિકોએ પોતાની પડતર માગણીઓ અને સરકારી નિયમોના પાલન ન થવાને લઈને ફરી એકવાર સરકાર સામે મોરચો માંડ્યો છે. આ વખતે, તેઓ રાજ્યવ્યાપી 'સૈનિક સ્વાભિમાન યાત્રા' કાઢીને પોતાનો વિરોધ પ્રદર્શિત કરશે. આ યાત્રાનો ઉદ્દેશ્ય સરકારનું ધ્યાન ખેંચીને પોતાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે દબાણ કરવાનો છે. આ યાત્રા શુક્રવારથી ખેડાથી શરૂ થશે અને ૧૬ સપ્ટેમ્બર સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ફરશે. આ યાત્રામાં ૭૦,૦૦૦થી વધુ માજી સૈનિકો જોડાશે તેવી શક્યતા છે. માજી સૈનિકોના કુલ ૧૨ જેટલા મુખ્ય પ્રશ્નો છે, જેમાં અનામત, હથિયારના લાઇસન્સ, આરોગ્ય સુવિધાઓ અને અન્ય સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળે તેવી માગણીઓ મુખ્ય છે. માજી સૈનિકો ૨૦૨૨થી સતત રજૂઆતો, આંદોલનો અને વિધાનસભા ઘેરાવ જેવા કાર્યક્રમો કરી રહ્યા છે, પરંતુ કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન શહીદની પત્નીની ધરપકડ કરવામાં આવતા તેમના સ્વાભિમાનને ઠેસ પહોંચી હતી. આ ઘટનાએ આંદોલનને વધુ વેગ આપ્યો છે. આ જ કારણોસર, વ્યાપક જનસમર્થન મેળવવા માટે 'સૈનિક સ્વાભિમાન યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાના અંતે ગાંધીનગર અને અમદાવાદમાં વિશાળ જનસભા પણ યોજવામાં આવી તેવી સંભાવના છે.

# ગાંધીનગર આરટીઓમાં એઆઈ ટેકનોલોજીથી ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) કેમેરા લગાવવામાં આવ્યા છે. આ નવી સિસ્ટમથી ડ્રાઇવિંગ ટેસ્ટની આખી પ્રક્રિયા હવે એઆઈ દ્વારા ચકાસવામાં આવશે. અત્યાર સુધી આ ટેસ્ટનું મૂલ્યાંકન સેન્સર અને ઇન્સ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે થતું હતું, પણ હવે આ કામગીરી એઆઈ કરશે. ગાંધીનગર આરટીઓમાં રોજ ૨૦૦થી વધુ ટુ-વ્હિલર અને ફોર-વ્હિલરના ટેસ્ટ લેવાય છે, અને હવે આ બધા ટેસ્ટ એઆઈ દ્વારા જ થશે. ટેસ્ટનો ડેટા સીધો જ સારથિ એપ્લિકેશનમાં અપડેટ થઈ જશે, જેનાથી આખી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બનશે. ઉલ્લેખનીય છે કે નવી એઆઈ સિસ્ટમ ઘણી વધુ સચોટ અને પારદર્શક છે. તે ડ્રાઇવરની નાનીમાં નાની ભૂલ પણ પકડી પાડશે, જેથી પાસ થનારા ડ્રાઇવરો વધુ કુશળ હશે. આનાથી પરિણામોમાં માનવીય હસ્તક્ષેપની શક્યતા લગભગ નહિવત્ થઈ જશે. એઆઈ સિસ્ટમના કારણે ડ્રાઇવિંગ ટેસ્ટ પાસ થવાનું પ્રમાણ થોડું ઘટી શકે છે, કારણ કે તે કોઈ પણ નાની ભૂલને પણ અવગણશે નહીં. જ્યારે માનવીય ઇન્સ્પેક્ટર ક્યારેક નાની ભૂલોને માફ કરી શકે છે, ત્યારે એઆઈ સિસ્ટમ નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરશે. ઘણા રાજ્યોમાં હજુ પણ ડ્રાઇવિંગ ટેસ્ટ મેન્યુઅલી જ લેવાય છે ત્યારે આ પગલું ગુજરાતને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં અગ્રણી રાજ્ય બનાવશે. આ નવી સિસ્ટમ આગામી ૧૫ દિવસથી એક મહિનાની અંદર કાર્યરત થઈ જશે.

# વાઈબ્રન્ટ ગુજરાતને સફળ બનાવવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દિલ્હીમાં ઉદ્યોગપતિઓ સાથે સંવાદ કર્યો

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસના પ્રમોશન માટે નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગકારો, ઔદ્યોગિક સંગઠનોના પદાધિકારીઓ સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું, ટ્રેડ એન્ડ ટ્રેડિશન, કોમર્સ એન્ડ કલ્ચર, ઇન્ડસ્ટ્રી એન્ડ એન્ટરપ્રિન્યોરશિપનો સંગમ ધરાવતું વાઇબ્રન્ટ ગુજરાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી, વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી, દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની ગયું છે. તેમણે ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટની શરૂઆતનો જે વિચાર આપ્યો હતો તે રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થયો છે તેમ પણ મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ સમિટની બે દાયકાની જ્વલંત સફળતાને પગલે ગુજરાત આજે દેશના મોસ્ટ ઇન્ડસ્ટ્રીયલાઈઝ્ડ અને અર્બનાઈઝ્ડ સ્ટેટ તરીકે રોકાણકારો માટે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. તેમણે ઉમેર્યું કે, વડા પ્રધાને સર્વસમાવેશી અને દરેક વ્યક્તિ, દરેક વિસ્તાર સુધી પહોંચે તેવા વિકાસનું વિઝન આપ્યું છે. આ વિઝનને પરિપૂર્ણ કરવા ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત સમિટની સફળતા પછી હવે પ્રાદેશિક સ્તર પર ઔદ્યોગિક, આર્થિક વિકાસને વેગ આપવા રિજનલ વાઇબ્રન્ટ કોન્ફરન્સીસ શરૂ કરી રહ્યાં છીએ. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને જણાવ્યું કે, ગુજરાતના કેટલાંક પ્રદેશોના પ્રોડક્શન અને આઉટપુટ તો દેશના કેટલાક રાજ્યોના પ્રોડક્શન કરતાં પણ વધારે છે. આ રિજનલ કોન્ફરન્સ દ્વારા ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત પ્રદેશોમાં સેક્ટર સ્પેસિફિક ઇન્વેસ્ટમેન્ટ નવી તકો ખુલશે અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટની નવી દિશા મળશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્ય પ્રધાને રાજ્યમાં પીએમ મિત્ર પાર્ક, બલ્ક ડ્રગપાર્ક, મેડિકલ ડિવાઇસ પાર્ક, એગ્રો ફૂડ પાર્ક જેવા સ્પેશિયલ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલપ કરવામાં આવી રહ્યા છે તેની પણ ભૂમિકા વ્યાપક પ્રાદેશિક વિકાસ સંભાવનાઓના સંદર્ભમાં આપી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતની વિકાસયાત્રાનું નેક્સ્ટ સ્ટેપ ગિફ્ટ સિટી, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન, સેમિકોન, ગ્રીનફિલ્ડ પોર્ટ્સ, ગ્રીન એનર્જી જેવા ફ્યુચર રેડી મેગા પ્રોજેક્ટ્સથી સંચાલિત હશે.

આવા ફ્યુચરિસ્ટિક મેગા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સહિત રિજનલ ઇન્ડસ્ટ્રીયલ સ્ટ્રેન્થને પરિણામે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ રોકાણકારોને રિજનલ ઇકો સિસ્ટમ સાથે સીધા જોડાણનો અવસર પૂરો પાડશે. એટલું જ નહિ, સ્થાનિક એમ.એસ.એમ.ઇ. અને આનુષંગિક ઉદ્યોગોને વધુ વિકસવાની તક મળશે તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

# ગુજરાતમાં ચોમાસાના નવા રાઉન્ડમાં ૧૪૨ તાલુકામાં મેઘમહેર, સિઝનનો સરેરાશ ૯૨ ટકાથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા ૧૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાતમાં આગામી ૩ દિવસ માટે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગ મુજબ,આગામી ૫ દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે અને પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આગામી પાંચ દિવસ સુધી પવન ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે. માછીમારોને દરિયો નહીં ખેડવા પણ આઈએમડી દ્વારા જણાવાયું હતું.

રાજ્યમાં હાલમાં ૪ વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેમાં પૂર્વ ભાગમાં સક્રિય થયેલી લો પ્રેશર સિસ્ટમ સાથે સાઇક્લોનિક સર્ક્યુલેશન, અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન, ટ્રફ લાઈન અને મોન્સૂન ટ્રફનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ્સને કારણે ગુજરાતમાં સારો વરસાદ થવાની શક્યતા છે. આ દરમિયાન રાજ્યમાં સવારે ૬ થી સાંજના ૬ કલાક સુધીમાં ૧૪૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

સુરતના ઉમરપાડામાં સૌથી વધુ ૫.૨૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. સોનગઢમાં ૩.૮૬ ઇંચ, શિંગવડમાં ૩.૫ ઇંચ, નેત્રંગમાં ૩.૪૩ ઇંચ, ખંભાતમાં ૨.૯૯ ઇંચ, ધોલેરામાં ૨.૯૫ ઇંચ, સંજેલીમાં ૨.૯૫ ઇંચ, અંકલેશ્વરમાં ૨.૮૦ ઇંચ, ઝઘડિયામાં ૨.૮૦ ઇંચ, સુરતના માંડવીમાં ૨.૫૨ ઇંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં પાંચ ઇંચથી વધારે, ત્રણ તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, ૧૪ તાલુકામાં બે ઇંચથી વધારે, ૩૧ તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ વરસ્યો હતો. ૯૩ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં ચાલુ વર્ષે મેઘરાજાએ તમામ વિસ્તારમાં મેઘમહેર કરી છે. ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યમાં સરેરાશ ૯૨.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૯૬.૯૪ ટકા વરસાદ, દક્ષિણ ગુજરાતમાં ૯૬.૯૧ ટકા, પૂર્વ-મધ્યમાં ૯૩.૭૯ ટકા, કચ્છમાં ૮૫.૧૪ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૮૪.૭૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે તેમ, સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જણાવાયું હતું.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## લો, હવે ચીનમાં મેડ ઈન ઈન્ડિયા...!

**ભારત સહિત અનેક દેશમાં 'મેડ ઈન ચાઈના' પ્રોડક્ટ્સ લોકપ્રિય છે, પણ એક ભારતીય ફિલ્મ ચીનમાં વાવટો લહેરાવવા સજ્જ થઈ છે**



'મેડ ઈન ચાઈના' પ્રોડક્ટ્સ દુનિયાના અનેક દેશોમાં લોકપ્રિય છે. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સથી માંડી ફર્નિચર - ફર્ટિલાઈઝર્સ તેમ જ રમકડાં અને દિવાળીની લાઈટિંગ સહિત વિવિધ 'મેડ ઈન ચાઈના' પ્રોડક્ટનું ધમધમતું બજાર છે.

તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચીનની યાત્રાને પગલે વચ્ચે થોડી મોળી પડી ગયેલી 'મેડ ઈન ચાઈના' પ્રોડક્ટ્સ માટે તત્પરતા ફરી વેગ પકડશે એવી ગણતરી મૂકાઈ રહી છે. ચિત્રપટ પ્રદર્શન પણ એક બિઝનેસ છે અને આપણા માટે આનંદની વાત એ છે કે છેક ૧૯૫૫થી ચીનમાં 'મેડ ઈન ઈન્ડિયા' ફિલ્મની ડિમાન્ડ જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા કશ્મીરી ફિલ્મ લેખક-દિગ્દર્શક રાહત કાઝમીની આગામી હિન્દી ફિલ્મએ ચીનમાં કરેલો વિક્રમ કર્યો જાણ્યા પછી ઝીણી આંખો ધરાવતા ચીનાઓની આંખો પહોળી થઈ જવાની એ નક્કી.

ભારત - વિયેતનામના સહયોગથી બનેલી 'લવ ઈન વિયેતનામ' નામની ફિલ્મ ભારતમાં રિલીઝ થવા પૂર્વે ચીનમાં ૧૦ હજાર સ્ક્રીન મેળવવામાં સફળ થઈ છે. આવી સિદ્ધિ મેળવનારી આ પહેલી ભારતીય ફિલ્મ છે. ટૂંકમાં કહીએ તો ઊલટી ગંગા વહેવાની છે. ચીનમાં 'મેડ ઈન ઈન્ડિયા'નો વાવટો લહેરાવાનો છે.

અહાન પાંડે - અનીત પડ્ડાની મોહિત સૂરી દિગ્દર્શિત 'સૈયારા'એ ધૂમ મચાવી પ્રેમના પાવરનો પરચો બતાવ્યા પછી બીજી એક લવ સ્ટોરી યંગસ્ટર્સના દિલ બહેલાવવા તૈયાર છે. ફિલ્મના કલાકારોમાં શાંતનુ મહેશ્વરી ('ગંગુબાઈ કાઠિયાવાડી'માં આલિયા ભટ્ટ સાથે થોડો સમય રોમેન્સ કરતો બિહારી મુસ્લિમ દરજી) અવનીત કૌર ('મર્દાની ૨' ની રાની મુખરજીની ભત્રીજી) અને વિયેતનામી અભિનેત્રી તેમજ હિન્દી ફિલ્મોના પીઢ કલાકારો ફરીદા જલાલ, રાજ બબ્બર અને ગુલશન ગ્રોવરનો પણ સમાવેશ છે.

વિયેતનામ અને આપણા પંજાબનાં નયનરમ્ય સ્થળોએ ફિલ્મનું શૂટિંગ કરવામાં આવ્યું છે. વિશાળ પાયે કામ કરતી ચીનની 'શાંઘાઈ વાયસી મીડિયા એન્ડ ફિલ્મ કંપની' એ ચીનનાં થિયેટરોમાં ફિલ્મ રિલીઝ કરવાના હક મેળવ્યા છે.

ભારતભરમાં ૧૨ સપ્ટેમ્બરે રિલીઝ થનારી પ્રેમ અને મૈત્રીની ભાવના ધરાવતી આ ફિલ્મ ચીનમાં ક્રિસમસની છુટ્ટીઓ દરમિયાન રજૂ કરવામાં આવશે. એક ઓછા જાણીતા તેમજ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ ફિલ્મો બનાવનારા ભારતીય ફિલ્મમેકરના ચિત્રપટને આવી વ્યાપક રિલીઝ થવાનું કારણ શું અને એ પણ ભારતમાં રિલીઝ થવા પૂર્વે?

વેલ, ચીનની મીડિયા કંપનીની પાર્ટનર જેસિકા ઝેન ખુલાસો કરે છે કે 'આ ફિલ્મને વ્યાપક રિલીઝ કરવાનું એક કારણ એ છે કે ફિલ્મની સ્ટોરી ટર્કીશ સાહિત્યની બેસ્ટ સેલર બુક 'મડોના ઈન અ ફર કોટ' પરથી પ્રેરિત છે અને બીજું કારણ એ છે કે પહેલી વાર ભારત - વિયેતનામ સહયોગથી ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ફિલ્મની 'રફ કટ' (મ્યુઝિક, સાઉન્ડ ઇફેક્ટ્સ, ટાઈટલ તેમજ સ્પેશ્યલ ઈફેક્ટ્સ વગરનું ફૂટેજ) અમારી ટીમે જોઈ અને બધાને આ ફિલ્મ સ્પર્શી ગઈ. આ કેવળ એક ફિલ્મ નથી, બલ્કે ખળખળ વહેતી લાગણીઓની સરિતા છે, જે ભાષા કે સંસ્કૃતિના સીમાડા તોડી દરેક હૈયાને રસતરબોળ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ફિલ્મ ચીનના ફિલ્મ રસિકોને દેખાડવા અમે થનગની રહ્યા છીએ.'

વિયેતનામના સાહિત્યને ચીનમાં ખાસ્સું પસંદ કરવામાં આવે છે એટલે આ ફિલ્મ જે પુસ્તક પરથી બની છે એનાથી ચીનના નાગરિકો વાકેફ હોવાની સંભાવના પૂરેપૂરી છે.

ચીનમાં રિલીઝ થયેલી પ્રથમ ભારતીય ફિલ્મ હતી રાજ કપૂર નિર્મિત - દિગ્દર્શિત - અભિનીત 'આવારા'. એ ફિલ્મને ચીનમાં રિલીઝ કરવાનો શ્રેય નાટ્ય સંસ્થા 'ઈપ્ટા' (ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન)ને જાય છે. ભારતમાં આ ફિલ્મ ૧૯૫૧માં રિલીઝ થઈ હતી, પણ ચીનમાં ૧૯૫૫માં પ્રદર્શિત કરવામાં આવી હતી. સાત દાયકા પછી આ એક વધુ ફિલ્મ ચીની દર્શકોને મોહિત કરવા સજ્જ થઈ છે.

ચીનમાં ભારતીય ચિત્રપટોની રિલીઝ અને એને મળતા આવકાર - સફળતાનું મહત્ત્વ કેવળ ચિત્રપટની દુનિયા પૂરતું સીમિત નથી. એની ફરતે એક વિશિષ્ટ રાજકારણ પણ આકાર લે છે જે સમજવું મજેદાર છે.

સ્વદેશી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને વિદેશી ફિલ્મોની ઝાળ ન લાગે એ હેતુથી ચીનમાં વિદેશી ફિલ્મો રિલીઝ કરવાનો ક્વોટા નક્કી કરવામાં આવ્યો છે. વિશેષ તો હોલિવૂડ -અમેરિકન ફિલ્મો ચીનમાં બનતી ફિલ્મોનું માર્કેટ આંચકી ન લે એ હેતુથી ચીનમાં ૧૯૯૦ના દાયકાથી વિદેશી ફિલ્મોના પ્રદર્શન પર મર્યાદા રાખવામાં આવી છે. આ વાતાવરણમાં ભારતીય અને એ પણ હિન્દી ફિલ્મ વિશાળ પાયે રિલીઝ થાય એ ચોક્કસ આપણા માટે હરખાઈ જવાની જ વાત છે.

ઓટીટી રિલીઝને કારણે ગયા વર્ષે હિન્દી ફિલ્મોના શોખીનોને ખાસ્સી પસંદ પડેલી વિજય સેતુપતિની 'મહારાજા' ફિલ્મ ચીનમાં ૪૦ હજાર સ્ક્રીનમાં રિલીઝ કરવામાં આવી હતી. જોકે, ફિલ્મ આપણે ત્યાં ગયા વર્ષે જૂન મહિનામાં પ્રદર્શિત થઈ હતી અને નવેમ્બરમાં એ ચીનમાં રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મતલબ કે ચીનમાં રિલીઝ નક્કી થવા પૂર્વે ભારતીય દર્શકોના પ્રતિસાદની જાણ હતી.

'લવ ઈન વિયેતનામ'ની સિદ્ધિ એટલા માટે નોખી છે કે સ્વદેશમાં રિલીઝ થવા પૂર્વે જ એને ૧૦ હજાર સ્ક્રીનની વ્યાપક રિલીઝ ફાળવવામાં આવી છે. ■



### કોણ છે આ રાહત શાહ કાઝમી...

ધરતી પરના સ્વર્ગની ઉપમા ધરાવતા કાશ્મીરના ૪૫ વર્ષના રાહત શાહ કાઝમી આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવનારા ફિલ્મ લેખક અને દિગ્દર્શક છે. ખ્યાતનામ લેખિકા ઈસ્મત ચુગતાઈની વિવાદાસ્પદ નવલિકા 'લિહાફ' (લિહાફ એટલે રજાઈ) પરથી એ જ નામની ફિલ્મથી કાઝમીનું નામ વધુ જાણીતું થયું હતું. આ ફિલ્મના સહ નિર્માતા હતા માર્ક બેશેટ (૨૦૦૧ની ઓસ્કર વિજેતા ફિલ્મ 'નો મેન્સ લેન્ડ'ના પ્રોડ્યુસર) હોવાથી ફિલ્મને વ્યાપક પ્રસિદ્ધિ મળી હતી. આ સિવાય કાઝમીએ સઆદત હસન મંટોની ચાર વાર્તા પર આધારિત 'મંટોસ્તાન' ફિલ્મ પણ બનાવી હતી, જેનું પ્રીમિયર ૨૦૧૬માં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. પ્રખ્યાત બ્રિટિશ લેખક એચ. જી. વેલ્સની 'કન્ટ્રી ઓફ બ્લાઈન્ડ' નામની વાર્તા પરથી એ જ નામની ફિલ્મ પણ કાઝમીએ બનાવી હતી, જે ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. ૨૦૧૪માં કાઝમીએ 'આઈડેન્ટિટી કાર્ડ' બનાવી હતી, જેમાં કાશ્મીરની પરિસ્થિતિને અલગ દ્રષ્ટિકોણથી રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## ગબ્બર - કિશોરકુમારથી શ્રીદેવીનો ચાનો સબડકો!

અદ્ભુત અભિનેતા- ગીતકાર- સંગીતકાર ને જિનિયસ એવા કિશોર કુમારે 'ગાયક' તરીકે ખૂબ સંઘર્ષ કરેલો. ૧૯૬૯માં રાજેશ ખન્નાની 'આરાધના' ફિલ્મ આવી ત્યાં સુધી એમને દેવ આનંદની ફિલ્મોમાં એકાદ ગીત ગાવા મળતું અને જેમાં પોતે હીરો હોય એમાં રમૂજી ગીતો ગાતા પછી એવો કપરો સમય આવ્યો કે કિશોરદા, હીરો હોય તો ય એમાં પણ રફી કે મન્ના ડે એમના માટે ગીત ગાય એવી શરત નિર્માતાઓ મૂકતા! પછી તો કિશોરદા ગાયક તરીકે સુપર હિટ થઇ ગયા ત્યારે રેકોર્ડિંગ વખતે માઇક પરથી સેક્રેટરીને સૌથી પહેલા પૂછતા, 'ચાય મેં શક્કર હૈ?' સેક્રેટરી 'હા' પાડે પછી જ ગાવાનું શરૂ કરતા. આ 'ચાય મેં શક્કર' એટલે કે 'નિર્માતાએ પૂરા પૈસા આપ્યાં કે નહીં?!' એ સવાલનો કોડવર્ડ!

એકવાર તો કિશોરદાએ હદ કરી નાખી. સેક્રેટરીને 'ચાય મેં શક્કર' વિશે પૂછ્યું ત્યારે પેલાએ યાદ અપાવ્યું: 'દાદા, ઇસ ફિલ્મ કે આપ હી પ્રોડ્યુસર હો! આજ તો પૈસે કા પૂછના છોડો!'

ચોટ ખાધેલા કિશોરદા માટે 'ચાય મેં શક્કર' સવાલ દ્વારા એક કમર્શિયલ દુનિયાને લપડાક હતી. અહીં ચા, ઉકળતા આક્રોશનો અંશ છે!..

આમેય 'ચા' એક એવું લાડકું પીણું છે કે સામાન્ય માણસોથી માંડીને લેખકો, કલાકારો, સપનાં જોતાં યુવાનો માટે ગરમાગરમ કે મોત માટે વેઇટ કરતાં વૃદ્ધો માટે સાઇલેંટ અમૃત છે. તો હો જાયે સિનેમા અને ચુસ્કીભર ચાય પર ચિંતન....

તમે માનશો કે અભિનેતા શશી કપૂરે પોતાની ખૂનપસીનાની મહેનતથી બચાવેલા પૈસાથી મુંબઇનાં જૂહુ વિસ્તારમાં નાટ્યજગતના તીર્થસમાન પૃથ્વી થિયેટર પર ફિલ્મ 'શોલે'ના ડાકુ ગબ્બર સિંહે હુમલો કરેલો ને એ પણ માત્ર એક ચા માટે?

થયું એવું કે ૧૯૮૦ના દાયકામાં ગબ્બર ઉર્ફ અદ્ભુત અભિનેતા અમજદ ખાન પૃથ્વી થિયેટરમાં 'છૂન છૂન કરતી આઇ ચીડિયા' નાટક ભજવતા હતા. હોલિવૂડની ક્લાસિક ફિલ્મ 'વન ફ્લ્યુ ઓવર કૂકૂઝ નેસ્ટ' નામની ફિલ્મનું હિંદી એ રૂપાંતર હતું ને જેમાં એ જ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ જીતેલા જેક નિકોલ્સનનો રોલ અમજદ ખાન ભજવતા હતા.




મેં નાનપણમાં જોયેલા અમજદજીના એ અભિનય જેવી અદાકારી આજ સુધી રંગમંચ પર ભાગ્યે જ કોઇની જોઇ છે.

પૃથ્વી થિયેટરમાં એ સમયે માત્ર કોફીને ખાસ તો આઇરિશ કોફી મળતી. સામાન્ય ચા નહોતી મળતી. 'આઇરીશ કોફી', એ ભણેલાં ગણેલાં હાઈ-ક્લાસ કે એલિટ ટેસ્ટવાળા લોકો માટે સ્ટેટસ સિમ્બોલ હતી, પણ ફિલ્મોમાં શરાબી-નવાબી-વિલન એવા અમજદ પોતે લાઇફમાં માત્ર ચા જ પીતા ને સતત પીતા. એમણે એક વખત પૃથ્વી થિયેટરમાં ચા બનાવવા હુકમ કર્યો. પૃથ્વી થિયેટરના મેનેજમેન્ટે એમ કહ્યું: 'સોરી, અમે દૂધ મંગાવતા જ નથી તો ચા નહીં મળે!' પછી જિદ્દી અમજદે પૃથ્વીનાં કંપાઉન્ડમાં એક સાચુકલી ભેંસ લાવીને બાંધી અને દૂધ દોહીને ત્યાં જ ચા બનાવવાની શરૂ કરીને સત્યાગ્રહ કરેલો! ભેંસને લીધે ત્યાં ઘાસ, છાણ વગેરેની મગજમારી શરૂ થઇ માટે અમજદજીના મિત્ર શશી કપૂરે આખરે હાર માની ને ચા બનાવવા દીધી!



કિશોર કુમાર



અમજદ ખાન



વેલ, હવે પૃથ્વી થિયેટરની કેન્ટીન આઇરિશ કોફી કરતાં 'સુલેમાની ચાઇ' માટે વધુ પ્રખ્યાત છે. ૧૫૦-૨૦૦થી વધુ ફિલ્મોમાં નાનપણથી કામ કરનાર અભિનેત્રી શ્રીદેવીએ પહેલીવાર નિર્માતા તરીકે એક ફિલ્મ બનાવવાની શરૂ કરેલી ને પહેલે જ દિવસે બંધ કરી દીધેલી, જેની પાછળનું કારણ પણ 'ચા' હતું ! ફિલ્મ લાઇનમાં સવારથી રાત સુધી આખા યુનિટ માટે અવિરત ચા પીરસવામાં આવતી હોય છે. પહેલે જ દિવસે શ્રીદેવીની માતાએ સેટ પર એક સાથે સો જેટલા ગ્લાસમાં 'ચા' પીરસાતી જોઇ ત્યારે એમને ચક્કર આવી ગયા ને પૂછ્યું, 'હાય હાય! આટલી બધી ચા?' એમણે દિવસભર 'ચા'ની ગણત્રી કરી અને પછી થયું કે ફિલ્મનું બજેટ 'ચા' પીવડાવવામાં જ ખતમ થઇ જશે ને પ્રોડ્યુસરના પૈસે મફતમાં મજા લેનારી એ શ્રીદેવીની માતાજીએ એ જ દિવસે ફિલ્મ બંધ કરી દીધી!



શ્યામ બેનેગલ

નવાઇ એ લાગે છે કે બાળપણથી ફિલ્મોમાં કામ કરનાર શ્રીદેવી સાથે જનારી માતાએ આ પહેલાં ફિલ્મ સેટ પર સતત વહેતી 'ચા'ની માત્રાને નહીં જોઇ હોય?



શ્રીદેવી

અમારી ફિલ્મના સેટ પર સ્પોટ-બોય અને લાઇટ-મેન માટે બનતી ચાને 'જનતા ચા' કહેવાય છે, જે ખૂબ કડક અને મસ્ત હોય છે. સ્ટુડિઓના સેટની ઉપર, સાવ છત સુધી ઉપર લટકાવવામાં આવતી લાઇટસ પાસે ઊભેલા લાઇટમેનને 'ચા' ઉપર પહોંચાડવા માટે રસ્સીથી કિટલી બાંધીને ત્યાં ઊંચે પહોંચાડવામાં આવે છે. સંજય દત્ત, જેકી શ્રૌફ કે સલમાન જેવા 'ડાઉન ટુ અર્થ' હીરો લોકો પહેલાં એ કિટલીમાંથી થોડી ચા પીને પછી ઉપર મોકલે ને પેલો સામાન્ય મજૂર કે લાઇટમેન ઉપરથી બીડીનું પેકેટ ફેંકે... એવી સમાનતા કે ભાઇચારો સર્જનાર એકમાત્ર પ્રવાહી છે: ચુસ્કીભર ચા!

ચા ભારતમાં ભલે અંગ્રેજો લાવ્યાં, પણ હવે ભારતની નસનસમાં ભળી ગઇ છે. ચાને કારણ અમને પણ લાઇફમાં નુકસાન થયું છે. ના, અમે ચાના બંધાણી નથી પણ 'રંગીલા' ને 'દૌડ' જેવી ફિલ્મો પછી અમને ચાની કંપનીએ સારા એવા પૈસા આપીને એક એડ ફિલ્મ લખવા આપેલી પણ એ જાહેરાતના નિર્દેશક હતા રામગોપાલ વર્મા જે પોતે કદીયે ચા નથી પીતા! પછી રામુજીએ એ એડફિલ્મની મીટિંગ દરમિયાન મજાક મજાકમાં ચાની કંપનીના માલિકને કહી દીધું: 'મને તો ચા દીઠ્ઠી નથી ગમતી, હું તો માત્ર કોફી. પીઉં છું! બાકી એડફિલ્મ એક કામ તરીકે બનાવીશ.'

અને આ સાંભળીને નારાજ થયેલા ચા કંપનીનાં માલિકે આખો પ્રોજેક્ટ જ પડતો મુક્યો ને અમે સ્ક્રિપ્ટ લખવામાં જે મહેનત કરેલી એ સાવ પાણીમાં ગઇ!

ગરીબો, મજૂરો ને શોષિતો માટે સુંદર કળાત્મક ફિલ્મો બનાવનાર શ્યામ બેનેગલ પણ 'ચા'ને કારણે બદનામ થઇ ચૂક્યા છે. એક પત્રકાર ઇન્ટરવ્યૂ લેવા બેનેગલની ઓફિસે ગયા ત્યારે ૧૦-૧૨ વરસનો એક છોકરો અડધા ગ્લાસમાં 'કટિંગ' ચા આપી ગયો. બીજે દિવસે પત્રકારે છાપામાં હેડલાઇન બનાવી 'શ્યામ બેનેગલની ઓફિસમાં બાળમજૂરી ચાલે છે!' પછી તો બેનેગલ પર ખૂબ માછલા ધોવાયા ને શ્યામબાબુએ ચોખવટ કરવી પડેલી કે એમણે બહાર રેકડી પરથી ચા મંગાવેલી, ને એમની ઓફિસમાં પેલો છોકરો કામ નથી કરતો! (લેખકો-પત્રકારો પર ભરોસો ના કરવો એવું-અમસ્તાં જ નથી કહેવાતું! ચાય કસમ!)

બાય ધ વે, ફિલ્મોમાં જુનિયર કલાકારો જે પાછળ ભીડમાં ઊભા હોય એમને વરસો સુધી ચા,નાસ્તો, જમવાનું મળતું નહીં પણ અમજદ ખાને ત્યારના સ્ટાર્સ અમિતાભ, રાજેશ ખન્ના, જીતેન્દ્ર, ધર્મેન્દ્ર, મિથુન વગેરેને એક ફોન પર આગ્રહ કે આદેશ કરીને બોલિવૂડમાં હડતાલ પડાવેલી અને જુનિયર કલાકારોને એમના ચા-નાસ્તા-જમણનાં હક મળતા શરૂ થયેલા. મતલબ કે પડદા પર રીલલાઇફમાં વિલન દેખાતો માણસ ગરીબો માટે રિઅલ લાઇફમાં હીરો હોઇ શકે છે! ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# પિતા હિટ તો પુત્ર સુપરહિટ

## ૧૯૭૧માં તાહિર હુસેનની ‘કારવાં’ને ચીનમાં જબરદસ્ત સફળતા મળી હતી અને ૨૦૧૭માં આમિરની ‘દંગલ’ તો સફળતામાં ઘણી આગળ નીકળી ગઈ...

**ભારતને** આઝાદી મળ્યા પછી દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ વિદેશ નીતિ પર વિશેષ ધ્યાન આપ્યું હતું. ૧૯૪૯માં ચીનના આંતરિક વિગ્રહમાં ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીના જ્વલંત વિજય પછી ક્રાંતિકારી રાજપુરુષ માઓ સે - તુંગએ ચીનને ‘પીપલ્સ રીપબ્લિક ઓફ ચાઈના’ તરીકે ઘોષિત કર્યા બાદ ભારત - ચીન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો વિકસે એ હેતુથી નેહરુએ ‘હિન્દી-ચીની ભાઈ ભાઈ’નો નારો આપ્યો હતો.

જોકે, ચીનની દગાખોરીને કારણે ૧૯૬૨ના યુદ્ધ પછી ‘હિન્દી-ચીની બાય બાય’ થઈ ગયું. ત્યારબાદ તબક્કાવાર ‘ભાઈ ભાઈ - બાય બાય’ થતું રહ્યું છે. રાજકીય સંબંધોની સીધી કે આડઅસર સાંસ્કૃતિક લેવડ દેવડ પર ન પડવી જોઈએ એ દલીલ વિચારવામાં ઘણી સારી છે, પરંતુ એ અમલમાં નથી મૂકી શકાતી.





જોકે, હિન્દી ફિલ્મો માટે ચીનમાં આકર્ષણ અકબંધ રહ્યું છે. આજથી ૭૦ વર્ષ પહેલા ચીનમાં રિલીઝ થયેલી પહેલી હિન્દી ફિલ્મ હતી ‘આવારા’. Liulangzhe ટાઇટલ સાથે બીજિંગ સહિત કેટલાંક શહેરોમાં પ્રદર્શિત થયેલી આ ફિલ્મને ભવ્ય સફળતા મળી હતી. ૧૯૭૮માં ચીનમાં ફરી રિલીઝ કરવામાં આવી ત્યારે પણ દર્શકોએ ‘આવારા’ પર ઓવારી જઈને વધાવી લીધી હતી. બે પેઢીના સિને શોખીનોમાં રસ જળવાઈ રહે એ અનોખું કહેવાય. એવું કહેવાતું હતું કે ચીનના ક્રાંતિકારી રાજપુરુષ માઓ સે - તુંગને ફિલ્મ અને એના ટાઈટલ સોંગ (આવારા હૂં, યા ગર્દિશ મેં હૂં આસમાન કા તારા હૂં) અત્યંત પ્રિય હતા. ફિલ્મમાં ચીની દર્શકોને પોતાના સમાજનું પ્રતિબિંબ દેખાયું હતું એવી રજૂઆત એ સમયે કરવામાં આવી હતી. રશિયા પછી ચીનમાં પણ ‘આવારા’ હિટ જવાનું આ જ એક પ્રમુખ કારણ હતું.

ભારતીય સિનેમા અને વિશેષ કરીને હિન્દી ફિલ્મો એટલે મેલોડ્રામા, ગીત - સંગીત અને નૃત્યોની ભરમાર એવી ગેરમાન્યતા અનેક વિદેશી દિમાગમાં વર્ષો સુધી ફિટ બેસી હતી. અલબત્ત, ચીની દર્શકોને હિન્દી ફિલ્મોની વિશિષ્ટતા અને લાગણીપ્રધાન કથા - રજૂઆત હૃદયને સ્પર્શી ગયા. ચીનમાં હિન્દી ફિલ્મોની વધી રહેલી લોકપ્રિયતાને પગલે વિશ્વમાં હોલિવૂડ ફિલ્મોની મોનોપોલી ખતમ થઈ જશે એવું માનવામાં આવે છે.

વર્તમાન રાજકીય સમીકરણો જોતા હિન્દી ફિલ્મો ચીનમાં રિલીઝ થવાની સંભાવના વધી છે. જોકે, ચીનમાં હિન્દી ફિલ્મોને મળી રહેલો આવકાર ૨૧મી સદી પૂરતો છે એવું નથી. સિલસિલો ‘આવારા’થી શરૂ થયો છે.

ચીનમાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મોની વાત કરતી વખતે ‘કારવાં’ (૧૯૭૧)નો ખાસ ઉલ્લેખ કરવો જ પડે. ભારતમાં રિલીઝના આઠ વર્ષ પછી એટલે કે ૧૯૭૯માં ચીનમાં




Dapengche ટાઈટલ સાથે રજૂ થયેલું આ ચિત્રપટ ચીનમાં સત્તાવાર રીતે સ્ક્રીનિંગ થયેલી પ્રથમ ભારતીય ફિલ્મ તરીકે પંકાઈ છે. જીતેન્દ્ર, આશા પારેખ અને અરુણા ઈરાની અભિનીત આ ફિલ્મના નિર્માતા હતા તાહિર હુસેન અને દિગ્દર્શક હતા એમના ભાઈ નાસીર હુસેન.

‘કારવાં’ની સફળતાને પગલે ‘નૂરી’ (નિર્માતા યશ ચોપડા, દિગ્દર્શક મનમોહન કૃષ્ણ, એક્ટર ફારૂક શેખ, પૂનમ ઢિલ્લોં) અને ‘ડિસ્કો ડાન્સર’ (દિગ્દર્શક બી. સુભાષ, એક્ટર્સ મિથુન ચક્રવર્તી અને કિમ) સામ્યવાદી દેશમાં બહોળો આવકાર મેળવવામાં સફળ રહી હતી. ‘ડિસ્કો ડાન્સર’માં બપ્પી લાહિરીનું મ્યુઝિક અને ખાસ કરીને ‘જીમી જીમી’ ગીતે ચીની દર્શકોને રીતસરનું ઘેલું લગાડ્યું હતું.

મિથુનદા ત્યારે ચીનાઓના દિલમાં વસી ગયા હતા. આ ફિલ્મોને કારણે ચીનમાં હિન્દી ફિલ્મો માટે નવેસરથી આકર્ષણ જન્મ્યું. સાંસ્કૃતિક લેવડદેવડમાં હિન્દી ફિલ્મોને કારણે વેગ આવ્યો. ત્યારબાદ નિયમિતપણે હિન્દી ફિલ્મો ચીનમાં રિલીઝ થતી રહી. જોકે, એકવીસમી સદીમાં આમિર ખાનની ફિલ્મો માટે વિશેષ આકર્ષણ - ઘેલછા જોવા મળ્યા. રાજકુમાર હિરાણી દિગ્દર્શિત ‘થ્રી ઈડિયટ્સ’ની પાયરેટેડ કોપી ચીન પહોંચી ગઈ અને ચીનાઓને એ ફિલ્મ બહુ જ પસંદ પડી. જોકે, ભારતમાં રિલીઝ થઈ એના બે વર્ષ પછી ‘થ્રી ઈડિયટ્સ’ ચીનમાં સત્તાવાર રીતે પ્રદર્શિત કરવામાં આવી અને સારી કમાણી કરવામાં સફળ રહી.

આમિર ખાન માટેનો ક્રેઝ ધ્યાનમાં આવતા જ ‘લગાન’, ‘તારે ઝમીં પર’, ‘સિક્રેટ સુપરસ્ટાર’ અને ‘દંગલ’ ફિલ્મો ચીનના થિયેટરોમાં દર્શકોને ખેંચી લાવી. આ બધામાં ‘દંગલ’ તો ચીનમાં સુપર મંગલ સાબિત થઈ અને ચાઈનીઝ બોક્સ ઓફિસ પર અઢળક કમાણી કરવામાં સફળ રહી હતી. ખાસ નોંધવાની વાત એ છે કે અનેક વર્ષો સુધી ચીનની સૌથી સફળ ફોરેન ફિલ્મ તરીકે તાહિર હુસેન નિર્મિત ‘કારવાં’ હતી. આ ફિલ્મ અનેક વાર રિ- રિલીઝ કરવામાં આવી હતી. ૩૮ વર્ષ સુધી આધિપત્ય ભોગવ્યા પછી અબ્બજાન તાહિર હુસેનના શાહજાદા આમિર ખાનની ‘દંગલ’ સૌથી વધુ કમાઈ કરનારી હોલિવૂડ સિવાયની ફિલ્મ સાબિત થઈ... પિતા હિટ તો પુત્ર સુપરહિટ!.

ચીનમાં વિદેશી ફિલ્મો રિલીઝ કરવાનો ક્વોટા નક્કી કરવામાં આવ્યો છે. વિશેષ તો હોલિવૂડ-અમેરિકન ફિલ્મો ચીનમાં બનતી ફિલ્મોનું માર્કેટ આંચકી ન લે એ હેતુથી ચીનમાં ૧૯૯૦ના દાયકાથી વિદેશી ફિલ્મોના પ્રદર્શન પર મર્યાદા રાખવામાં આવી છે. ૧૯૯૪થી ૨૦૦૨ દરમિયાન ફક્ત ૧૦ ફોરેન ફિલ્મ પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. ૨૦૦૨થી ૨૦૧૨ દરમિયાન ‘વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન’ સાથેના જોડાણને કારણે ૨૦ ફોરેન ફિલ્મ રિલીઝ કરવાની પરવાનગી આપવામાં આવી. ૨૦૧૨થી દર વર્ષે ૩૪ વિદેશી ચિત્રપટ ચીનમાં રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આવી મર્યાદા હોવા છતાં ભારતીય ફિલ્મો માટે ચીનના દર્શકોને આકર્ષણ રહે છે અને આપણી ફિલ્મો મબલખ કમાણી કરવામાં સફળ રહે છે એ કોલર ટાઈટ કરવા જેવી વાત છે.

ફિલ્મ પ્રદર્શન માટે ચીન મહાસાગર છે. આ દેશમાં ૯૦ હજારથી વધુ સિનેમા સ્ક્રીન છે. મલ્ટિપ્લેક્સને કારણે સ્ક્રીન શબ્દ ચલણમાં આવ્યો છે, કારણ કે એક થિયેટર કે મલ્ટિપ્લેક્સમાં ચાર કે પાંચ સ્ક્રીન હોઈ શકે છે. બીજા નંબરે છે યુએસ જ્યાં ૩૮ હજાર સિનેમા સ્ક્રીન છે. આ આંકડા પરથી ચીનના મુવી રિલીઝના પાવરનો અંદાજ બાંધવો મુશ્કેલ નથી. એટલે જ ૨૦૧૯માં આવેલી ‘અંધાધુન’ ભારતમાં ૭૨ કરોડનું કલેક્શન કરવામાં સફળ રહી હતી જ્યારે ચીનમાં ૩૩૦ કરોડનો વકરો કરવામાં સફળ રહી હતી.આમ ‘મેડ ઈન ઈન્ડિયા’ ફિલ્મોનો ચીનમાં ડંકો વાગે છે ત્યારે એના પડઘા દસે દિશામાં સંભળાય છે. ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા


## મૈં નહીં માનતા, પ્રૂફ દિખાઓ



આપણું સેન્સર બોર્ડ કોઇ પણ સબમિટ થયેલી ફિલ્મો પર કાતર ચલાવવા માટે જાણીતા કરતાં કુખ્યાત વધુ છે. જોકે, ક્યારેય એવું બન્યું છે કે કાતર ચલાવતાં પહેલાં એણે વિચાર કર્યો હોય? કદાચ કોઈક જ વાર. આવી કોઈક જ વાર વાળી ઘટના હાલમાં બની છે. બન્યું એવું કે આ સ્વતંત્રતા દિવસે એક પ્રોડક્શન હાઉસે પોતે ‘ધ તાજ સ્ટોરી’ નામની એક ફિલ્મ બનાવી હોવાની ઘોષણા કરી. ફિલ્મ આ જ વર્ષે ઓક્ટોબરમાં રિલીઝ થવાની છે. ફિલ્મના કલાકારોની યાદીમાં પરેશ રાવળ મુખ્ય છે.

ફિલ્મની વાર્તા દુનિયાની સાત અજાયબીઓમાંથી એક એવા તાજમહાલ ઉપર કોઈ અજાણી હકીકત જાહેર કરે છે એવું કહેવાયું છે. હવે આપણાં સેન્સર બોર્ડે મહિનાઓથી આ ફિલ્મને લટકાવી રાખી છે. બોર્ડને ભય છે કે ક્યાંક આવી ફિલ્મ દેશમાં ખરાબ વાતાવરણ ઊભું ન કરી દે. મહિનાઓ રાહ જોયાં બાદ મેકર્સ થોડાં એકશનમાં આવ્યાં છે. એમણે સામે ચાલીને સેન્સર બોર્ડને પોતાની વાત સાબિત કરવા માટે પ્રૂફ્સ બોર્ડમાં જમા કરાવવાનું નક્કી કર્યું છે. મૂળે ફિલ્મમાં વાત એવી છે કે શું તાજમહાલને ખરેખર શાહજહાં એ જ બનાવ્યો હતો? કે પછી તાજ બનાવવા પાછળ કોઈ બીજો જ ઈરાદો હતો? આ પ્રકારની દલીલ આમ પણ દેશમાં ઉગ્ર ચર્ચા ઊભી કરવા માટે પૂરતી છે. એવામાં તેના પર ફિલ્મ બને એટલે સેન્સર બોર્ડને પરસેવો તો થાય જ ને?

## પતિ- પત્ની ઔર મારામારી




એટલે, આ કોઈ ફિલ્મી કપલ વચ્ચેની મારામારીની વાત નથી હોં! સંજીવ કુમાર અને વિદ્યા સિન્હાની ક્લાસિક ‘પતિ પત્ની ઔર વોહ’ કદાચ બરાબર નહીં બની હોય એટલે એની રિ-મેક થોડાં વર્ષો અગાઉ આવી ગઈ. હવે આ રિ-મેક ખાસ ચાલી ન હતી. તેમ છતાં એકના એક વિષયને દોહરાવવાની બોલિવૂડની (કુ)ટેવ પ્રમાણે તેની સિકવલ પણ આવી રહી છે. પહેલા ભાગમાં જો કાર્તિક આર્યન અને ભૂમિ પેડણેકર હતાં તો આ બીજા ભાગમાં આયુષ્માન ખુરાના અને સારા અલી ખાન છે.

ફિલ્મનું શૂટિંગ હાલમાં પ્રયાગરાજમાં ચાલી રહ્યું છે. થોડાં દિવસો પહેલાં પ્રયાગરાજના એક લોકલ વ્યક્તિ દ્વારા એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો, જેમાં પ્રયાગરાજના રસ્તા ઉપર વાહન ઉપર મુખ્ય કલાકારો શૂટ કરી રહ્યાં હોવાનું દેખાય છે... અચાનક જ એક અન્ય સ્થાનિકે ક્રૂ મેમ્બર પર હાથ ચલાવ્યો અને પેલાને પકડીને નીચે ઉતારી દીધો. પછી પણ થોડો સમય આ મારામારી ચાલતી રહી.

જોકે, એક અન્ય વીડિયોમાં આયુષ્માન અને સારા શાંતિથી કારમાં બેસીને એક બીજું શેડ્યુલ પતાવી રહ્યા હોવાનો વીડિયો પણ બહાર આવ્યો !

જોકે, પેલી મારામારીનું કારણ તો હજી સુધી ખબર નથી પડ્યું, પરંતુ એ શક્ય છે કે આ મારામારી બહુ લાંબી નહીં ચાલી હોય. અંતે આપણી ફિલ્મોમાં થાય છે એમ એક સુખદ અંત સાથે એ મારામારી પતી ગઈ હશે. જોકે પ્રોડ્યુસર્સ એસોસિએશને આ મારામારીની ઘટનાની આકરી ટીકા કરી છે.

## ‘તુમ મુજે પૈસા દો વરના...’

સોશ્યલ મીડિયા ઇન્ફલુએન્સર્સ આ ત્રણ શબ્દો જેટલાં રૂપાળાં લાગે છે એટલા છે નહીં. આ વાત ઘણી વાર સાબિત થઇ ગઈ છે. થોડા દિવસ અગાઉ ‘ઇન્ડિયન ફિલ્મ એન્ડ ટીવી પ્રોડ્યુસર્સ કાઉન્સિલ’નો એક પત્ર જાહેર થયો એમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કેટલાંક સોશ્યલ મીડિયા ઇન્ફલુએન્સર્સ દ્વારા ફિલ્મ પ્રોડ્યુસર્સને બ્લેકમેલ કરવામાં આવે છે...

હવે આ બ્લેકમેલિંગ કેવું છે એ જાણીએ. જે ઇન્ફલુએન્સર્સના લાખોમાં ફોલોઅર્સ હોય છે એમાંથી અમુક ફિલ્મ અથવા તો ટીવી સિરીઝના પ્રોડ્યુસર્સને ધમકી આપે છે. ધમકીમાં કહે છે કે ‘અમને અમુક રકમ નહીં આપો તો જોવા જેવી થશે!’

હવે ‘આ જોવા જેવી’ એટલે શું? એટલે એમ કે પૈસા ન મળે તો લોકો પોતાના લાખો ફોલોઅર્સમાં જે-તે ફિલ્મ કે ટીવી સિરીઝની અત્યંત નેગેટિવ વાતો ફેલાવશે.

આમ થવાથી એ ફિલ્મ કે સિરીઝના પ્રચાર-પ્રસાર અને આર્થિક અપેક્ષા ઉપર ઘાત પડે છે. કેટલાંક પ્રોડ્યુસરો આ ધમકીને વશ થઇ જાય છે, પરંતુ જે નથી થતાં એમની સાથે ખરેખર જોવા જેવી થાય છે. આથી કાઉન્સિલે એક જાહેર પત્ર દ્વારા આ ગંભીર વાતને જનતા સમક્ષ રજૂ કરી છે. કાઉન્સિલે ઉમેર્યું છે કે અમને અભિવ્યક્તિની આઝાદી પ્રત્યે કોઈ જ વાંધો નથી. વાંધો ફક્ત આ પ્રકારના બ્લેકમેલિંગ પ્રત્યે છે. ■



કટ એન્ડ ઓકે...

‘ચાલબાઝની’ રિ-મેકમાં મુખ્ય ભૂમિકા માટે જાન્હવી કપૂર (શ્રીદેવીનો રોલ) સાથે મેકર્સની વાટાઘાટ જો સફળ થઈ તો પહેલી વાર કોઈ એક્ટર પોતાના માતા કે પિતાની ભૂમિકાને ફરીથી ભજવે એવી ઘટના બનશે.

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# આર્યન ખાનઃ

## વધુ એક ‘સ્ટાર સન’નું આગમન






**બોલિવૂડના** કિંગ શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન હવે ૨૮મે વર્ષે બોલિવૂડમાં પદાર્પણ કરી રહ્યો છે અને એ પણ એક અભિનેતા તરીકે નહીં, પણ દિગ્દર્શક તરીકે. આ માટે ય આર્યન ખાને બોલિવૂડની હિન્દી ફિલ્મ નહીં, પણ ઓટીટી પર રજૂ થનારી સિરીઝ પસંદ કરી છે.

જો કે, એની આ પહેલી જ સિરીઝ તેનાં નામને કારણે વિવાદાસ્પદ થાય તેવી શક્યતા છે. આ સિરીઝનું ખરેખર નામ છે, ‘ધ બાસ્ટર્ડર્સ ઓફ બોલિવૂડ’ પણ અંગ્રેજી નામમાંથી કેટલાક શબ્દો પડતાં મૂકીને આ સિરીઝનું નામ હવે ‘ધ બેડ્સ ઓફ બોલિવૂડ’ કરવામાં આવ્યું છે.

‘ધ બેડ્સ ઓફ બોલિવૂડ’નો દિગ્દર્શક અને લેખક આર્યન ખાન છે અને આ સિરીઝનું નિર્માણ શાહરૂખ ખાનની કંપની દ્વારા કરવામાં આવ્યું છે. આ સિરીઝમાં બોબી દેઓલ, મોના સિંહ, રાઘવ જુયાલ, મનોજ પાહવા જેવાં કલાકારો દેખાશે અને સાથે જ શાહરૂખ ખાન, સલમાન ખાન કેમિયો કરતાં જોવા મળશે.

૧૨ નવેમ્બર ૧૯૯૭માં જન્મેલા આર્યન ખાને મુંબઈમાં શાળા શિક્ષણ પૂરું કર્યું છે અને ત્યાર પછી ‘યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા’માંથી એણે ફિલ્મ અને ટેલિવિઝન નિર્માણ માટેની ‘બેચલર ઓફ આર્ટસ’ની ડિગ્રી મેળવી છે.

આર્યન દેખાવમાં પિતા શાહરૂખ ખાન યુવાનીમાં હતો એવો જ અદ્દલ દેખાય છે. પોતાની સિરીઝના અનાવરણ વખતે એને જોઈને અનેક લોકોએ કહ્યું કે શાહરૂખ ખાન ખરેખર યુવાનીમાં આવો જ લાગતો હતો.

બોલિવૂડમાં પ્રવેશતાં પહેલા આર્યન ખાને એક ઉદ્યોગપતિ તરીકે પણ શરૂઆત કરી હતી. ૨૦૨૨માં એણે તૈયાર કપડાંની કંપની બીજાં બે ભાગીદાર સાથે મળીને શરૂ કરી હતી. લક્ઝરી બ્રાંડના વસ્ત્રો ઉપરાંત વોડકા અને સ્કોચની નવી બ્રાંડ ઊભી કરી હતી. આર્યનની આ કંપનીનું નામ ‘દ’યાવોલ’ છે.

આ ઉપરાંત આર્યન ખાને પિતાને લઈને પોતાની કંપનીના લકઝરી બ્રાંડના કપડાંની જાહેરખબર બનાવી તેનું દિગ્દર્શન કર્યું હતું અને તેમાં એણે મોડેલિંગ પણ કર્યું હતું. જો કે, આ અગાઉ ‘કભી ખુશી કભી ગમ’માં એણે શાહરૂખ ખાનના બાળપણની ભૂમિકા પણ ભજવી હતી. ૨૦૧૯માં આવેલી હોલિવૂડની ફિલ્મ ‘ધ લાયન કિંગ’માં આર્યને ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ કામ કર્યું હતું.

પોતાની આગામી સિરીઝમાં આર્યનની એક અભિનેતા તરીકે પણ ઝલક જોવા મળી શકશે. આ સિરીઝનાં પ્રમોશન માટે એક ખાસ ગીત તૈયાર કરવામાં આવ્યું છે, તેમાં તે દક્ષિણની ખૂબ જ જાણીતી અભિનેત્રી શ્રીલીલા સાથે ‘ઠુમકા’ લગાવતો જોવા મળે છે.

આમ, એક એન્ત્રપ્રેન્યોર તરીકે શરૂઆત કરનાર આર્યન બોલિવૂડમાં એક દિગ્દર્શક તરીકે કેમેરાની પાછળ રહીને પોતાના પિતા શાહરૂખ ખાનને અને બીજાં કલાકારોને ‘નચાવતો’ રહે છે કે એ પોતે પણ કેમેરાની સામે અભિનય કરતો દેખાશે કે નહીં એ તો અલ્લાહતાલ્લા જ કહી શકે!

ખેર, અત્યારે તો પોતાની પહેલી જ સિરીઝ દ્વારા વિવાદ ઊભો કરનારા આ ‘સ્ટાર-સન’ની કારકિર્દી જરૂર લાંબી ચાલશે એમ કહી શકાય.

## પાંચ સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બર આ અઠવાડિયું રમતગમતના પ્રેમીઓ માટે...

OTTનું હોટસ્પોટ




* ઓટીટી અને રમતગમતના પ્રેમીઓ માટે આ અઠવાડિયું ખાસ બની રહેશે. ‘સોની લીવ’ અને ‘જિયો હોટસ્ટાર’ પર નવ સપ્ટેમ્બરથી ‘એશિયા કપ’નું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે, જે ૨૮ સપ્ટેમ્બર સુધી ચાલશે. ભારત સહિત આઠ દેશના મુકાબલાની શરૂઆતની આ ક્રિકેટ મેચ માણવા માટે તૈયાર થઈ જાઓ.

* ‘જિયો હોટસ્ટાર’ પર ઇંગ્લિશ પ્રીમિયર લીગ તેમ જ પ્રો-કબડ્ડી લીગ પણ જોવા મળશે. આ સિવાય ૧૨ સપ્ટેમ્બરે રોમકોમ ‘રેમ્બો ઈન લવ’ અને અંગ્રેજી સિરિયલ ‘ટાસ્ક’ જોવા મળશે.

* નેટફ્લિક્સઃ ‘ઈન્સ્પેક્ટર ઝેન્ડ’ (મનોજ બાજપાઈ, જીમ સરભ) પાંચમી સપ્ટેમ્બરે અને ૧૨ સપ્ટેમ્બરે ‘સૈયારા’ (બોલિવૂડની હાલની સૌથી વધુ કમાણી કરનારી અને યુવાનોમાં લોકપ્રિય એવી આ ફિલ્મમાં અહાન પાંડે અને અનીત પડ્ડાની મુખ્ય ભૂમિકા છે.)

* ડિઝની હોટસ્ટારઃ ‘થંડર બોલ્ટસ’ અને ‘એટમિ સિરીઝનું આકર્ષણ.

* એમેઝોન પ્રાઈમઃ ‘ડુ યુ વોન પાર્ટનર’ (તમન્ના ભાટિયા-ડાયના પેન્ટી અભિનિત)

* એમએક્સ પ્લેયરઃ હિન્દી શ્રેણી ‘રાઈઝ એન્ડ ફોલ.’ ■

# જીભ સાચવવી એ દાગીના સાચવવા કરતાં અઘરું છે...

## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

ગયા અઠવાડિયે મેં લખેલું કે બાબુલ ભાવસાર સાથે ફરી મેં નૈરોબી ટુર કરેલી ત્યારે અલીરઝા નામદાર સાથે હતો, પણ એ મારી સરતચૂક હતી. અલી અમારી સાથે નહોતો એ વાત બાબુલ અને હેમંત ઝા, બંનેએ યાદ અપાવી. એમનો આભાર.

હવે આજે પ્રતીતિ થઈ કે યાદદાસ્ત ઓછી થઈ જવાથી લોકો જેટલા હેરાન-પરેશાન નથી થતાં એનાથી વધુ હેરાન-પરેશાન યાદ રાખીને થતા હોય છે, મારી એવી જ સ્થિતિ થતી રહે છે.

શો ચાલતાં રહેતાં. લોકલ માર્કેટ, જે અજી-હાઉસથી વોકિંગ ડીસ્ટન્સ પર હતી ત્યાં અમે જતાં રહેતાં. એસ.ટી.ડી.બૂથ માટે ખાસ જવું પડતું જેથી પરિવારની વાત જાણી શકીએ અને અમારા અનુભવો જણાવી શકીએ.

નૈરોબીમાં મજા તો ખૂબ આવતી પણ વતન યાદ આવતું અને હોમ સીક પણ થઈ જતાં. ખાસ તો ફૂડ માટે. અમે કાઠિયાવાડી ખરાં એટલે ઘણીવાર ફાફડા-જલેબી ખાવાની ઇચ્છા બહુ થતી. જોકે આવ્યાને જાજા દિવસો તો નહોતા થયા પણ જાણે વર્ષોથી ખાધા ન હોય એવું ત્રણેયને લાગ્યાં કરતું. રાજાણીએ કહ્યું હતું કે એક દિવસ આપણે એનો પ્રોગ્રામ કરીશું, પણ ક્યારે એતો એમની અનુકૂળતા પર નિર્ભર હતું. ઇચ્છા ક્યારે પૂરી થશે એ નક્કી નહોતું પણ ઉમ્મીદ હતી કે એ દિવસ આવશે. માણસ ઉમ્મીદથી બંધાયેલ જીદ્દી પંખી છે, જે ઘાયલ પણ ઉમ્મીદથી અને જીવતો પણ ઉમ્મીદથી રહે છે ને અમારી આ ઇચ્છા તરત ફળી!

થયું એવું કે ત્યાંનાં એક ગ્રુપનાં શોમાં મારો જ્ઞાતિભાઈ નીતિન ધોળકિયા ત્યાં મળી ગયો. હાલ એ લંડન-પર્થમાં શિફ્ટ થઈ ગયો છે. એ શો જોવા આવેલો. ઓળખાણ કાઢી. મને ખાસ ઘરે આવવા કહ્યું. મેં સનત-સચ્ચું સાથે એમનાં ઘરે જવાનું નક્કી કર્યું. એ કાર લઈ અજી હાઉસ લેવા આવશે એની બાહેંધરી પણ આપી. મેં કહ્યું : નાસ્તામાં બની શકે તો ફાફડા-જલેબી હશે તો મજા પડી જશે.



જ્ઞાતિભાઈ નીતિન ધોળકિયાના ઘરે અમારી 'ત્રિપુટી' એના બે બાળક સાથે

સનત-સચ્ચુંને નવાઈ લાગી કે મેં ફટ... દઈને ઇચ્છા કહી દીધી! મેં ચોખવટ કરી દીધી કે દોસ્ત, જગતમાં જે માણસ સાધારણ હોય એ જ અસાધારણ હોય. શક્ય હશે તો એ ધ્યાન રાખશે બાકી જે હશે એને ન્યાય આપી દેવાનો પણ જે મનમાં હોય એ કહી દેવાનું ને કહી દીધું...

બીજે દિવસે જવાનું નક્કી કર્યું. નીતિન ઘણાં વર્ષોથી નૈરોબી વસેલો. ત્યાંનાં નીગ્રોના ભયથી એ બીજે જવાનો વિચાર કર્યા કરતો. આજે એ લંડનમાં સેટ છે.

નીતિન સવારે અજી હાઉસ કાર લઈ આવી ગયો. અમે એનાં ઘરે પહોંચ્યાં. એનો નાનો અને સુખી પરિવાર હતો. પત્ની અને બે બાળક. થોડી ગપસપ અમારી જ્ઞાતિની થોડી વાતો થતી રહી. નાસ્તો આવ્યો, ફાફડા-જલેબી. ભાવતી વાનગી. લાગ્યું જાણે ભગવાન મળી ગયાં...! એક વાત છે, ભૂલ અને ભગવાન માનો તો જ દેખાશે જે મને 'વાનગી'માં દેખાઈ ગયા. પ્રેમથી નાસ્તાને ન્યાય આપી અમે છુટા પડ્યાં. મારાં જ્ઞાતિભાઈથી વિશેષ કોઈ ઓળખ નહીં છતાં પ્રેમથી વરસી જાણ્યું. આજે પણ સંબંધ અકબંધ છે. આમ જુઓ તો લાગણી ઉછીની મળતી નથી એટલે જ બધે જડતી નથી...

ઇચ્છા પૂરી કરી ત્રણેય 'હસતા-રમતા' પાછાં અજી હાઉસ આવી ગયાં. રાત્રે શો પૂરો કર્યો ત્યાં સિદ્ધાર્થે કહ્યું કે કાલે બપોરનો શો પતે પછી રાત્રે કે સિનોમાં જઈશું. અમે ત્રણેય આનંદમાં આવી ગયા. જુગારનો કોઈ શોખ નહીં પણ આ કેસિનો વિશે સાંભળેલું, ક્યારેય જોયા નહોતાં એ જોવા મળશે એનો હતો એ આનંદ.

બીજા દિવસનો શો પત્યો. અમે ત્રણ જ બેકસ્ટેજમાં વધુ મહેનત કરીએ છીએ એવું ત્રણેયને લાગ્યું. હવે થોડો થાક પણ લાગતો હતો. 'અમુક' હતાં જે માત્ર ઓર્ડર જ કરતા હતા. મને થતું કે ખોટી હોશિયારી દેખાડતા આ લોકો એનું પરિણામ જરૂર ભોગવશે. સ્વાભિમાન કદી મરતું નથી અને અભિમાન લાંબું જીવતું નથી. હમણાં તો પડ્યું પાનું નિભાવી લેવાં સિવાય આરો નહોતો.

મોડી સાંજે અમે કેસિનો પહોંચ્યા. એ વખતે આ એક માત્ર કેસિનો ત્યાં હતો. હવે તો ઘણાં થઈ ગયાં છે. ત્યારે અહીં એન્ટ્રી-ફી ૨૦ શિલિંગ હતી. રજની શાંતારામને બહુ રસ નહોતો, પણ નવું જોવા આવેલાં. ત્યાં અમુક રૂપજીવિનીઓ 'ઘરાક'ની શોધમાં આમ-તેમ ફરી રહી હતી. કાળી પણ નમણી હતી. મનહર ગઢિયાની ભાષામાં કાળો તાજમહાલ.

એક 'હાય રાજુ' કહી મારી પાછળ પડી ગઈ. એ તો પડી પણ આખું અમારું ગ્રુપ મારી પાછળ પડી ગયું. એન્જોય દાદુ. એ કાળા તાજમહાલથી માંડ છુટકારો મળ્યો.

કેસિનોમાં ઘણા અને જુદાં-જુદાં સ્લોટિંગ મશીન હતાં. શિલિંગ આપી કોઈન લેવાનાં. કેતકી, રસિક અને સિદ્ધાર્થ તીન-પત્તીનાં સ્લોટ મશીન પર શરૂ થઈ ગયાં. મોડી રાત સુધી કેસીનોમાં મજા માણી. મેં આ પછીની ટુરોમાં ઘણાં કેસીનો જોયાં ત્યારે લાગે કે એ બધાની સામે આ તો સાવ 'બચુકડો'. હું, સનત અને સચ્ચું માત્ર અનુભવ લેવાં સ્લોટિંગ મશીન પર બેઠાં. બહુ ઓછું રમ્યાં. ત્યાં થોડું ચાલ્યા બાદ પૂનાનું મિસળ-પાવ ખાવા મળ્યાં. જલેબી-ફાફડા જેવી કાઠિયાવાડી વાનગી આરોગ્યા બાદ મહારાષ્ટ્રની વાનગી મિસળ-પાવ ખાવા મળી, વાહ!.

બીજે દિવસે શો પછી ત્યાનો લોકપ્રિય 'બામ્બુ ડાન્સ' જોવાનો પ્રોગ્રામ નક્કી થયો. અમારે તો જોવાય એટલું જોઈ લેવું હતું. અજી-હાઉસ પહોંચ્યા એટલે એમણે જમવા માટે પૂછ્યું. સિદ્ધાર્થે કહ્યું કે 'અમે જમીને આવ્યા, સોરી તમને કહેવાનું ભૂલી ગયા' એણે સ્મિત સાથે જવાબ આપ્યો, હકુના મટાટા (નો પ્રોબ્લેમ).

ફરી સિદ્ધાર્થે બામ્બુ ડાન્સ માટે પૂછ્યું. અમે પ્રેમથી 'હા' પાડી દીધી. આમ પણ અમે ત્રણેય અંદર-અંદર ખૂબ મજા કરતાં, પણ જાહેરમાં ઓછું બોલતાં. જીભ સાચવવી એ દાગીના સાચવવા કરતાં અઘરું છે એની અમને ત્રણેયને જાણ હતી.

**ડબલ રિચાર્જ**

*શિક્ષક: બોલ ભૂરા... હાલરડાં અને શેર-બજાર વચ્ચે શું તફાવત?*

*ભૂરો: સાહેબ, હાલરડાં નાનાંને સુવડાવે જ્યારે શેર બજાર મોટાને..*


## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ફિલ્મોમાં શિક્ષકની ભૂમિકા કયા કલાકારે ભજવી હતી?

૧) ઈમ્તિહાન
૨) તારે ઝમીન પર
૩) સ્ટેનલી કા ડબ્બા
૪) મૈં હું ના
૫) કુરબાન
૬) હિચકી
૭) સુપર ૩૦




### ક્વિઝ (બ)

આ ગીતો કઈ ફિલ્મના છે એ કહી શકશો?

૧) મૈંને પ્યાર તુમ્હી સે કિયા હૈ મૈંને દિલ ભી તુમ્હી કો...
૨) ખંભે જૈસી ખડી હૈ લડકી હૈ યા છડી હૈ આંખો
૩) એક દિન તુમ બહુત બડે બનોગે એક દિન ચાંદ સે...
૪) કલ કોલેજ બંદ હો જાયેગા તુમ અપને ઘર કો
૫) દીવાના હૈ વો બેકરાર વો સંભાલો સંભાલો ના પ્યાર
૬) કોઈ મિલ ગયા મેરા દિલ ગયા ક્યાં બતાઉં યારો મૈં તો
૭) ખેરિયત પૂછો કભી તો કેફીયાત પૂછો તુમ્હારે બીન

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'


# અપન કા ટાઈમ વાપિસ કબ આયેગા?

## આ સ્ટાર્સની બ્લોકબસ્ટર બોક્સ ઓફિસની આશા સફળ થશે?


શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

બોલિવૂડ હંમેશાંથી જ એક એવી ઇન્ડસ્ટ્રી રહી છે, જ્યાં સ્ટાર્સની ભરતી-ઓટ આવતી રહે છે. એક સમય એવો પણ હોય છે જ્યારે સુપરસ્ટાર્સ સતત હિટ પર હિટ આપતા હોય છે, પરંતુ અચાનક થોડા સમય માટે એમના હાથમાંથી બોક્સ ઓફિસનો કાબૂ છૂટી જાય છે. આજના સમયમાં- ખાસ કરીને કોવિડ પછી સ્થિતિ બદલાઈ છે. ઓટીટીનો ઉછાળો આવ્યો છે અને પબ્લિકનો ટેસ્ટ વધુ સિલેક્ટિવ બની ગયો છે. આ સમયે મોટા સ્ટાર્સ ફરીથી પોતાની પોઝિશન મજબૂત કરવા 'કમબેક મિશન' પર છે.



અક્ષય કુમાર



રણવીર સિંહ



વરુણ ધવન



ટાઈગર શ્રોફ

રણવીર સિંહની વાત કરીએ તો છેલ્લાં કેટલાંક વર્ષોમાં એને એવી સફળતા મળી નથી જે એને ૨૦૧૮ના 'સિમ્બા' કે 'ગલી બોય'ના સમયમાં મળી હતી. એની '૮૩' જેવી ફિલ્મ ક્રિટિકલી-વિવેચકોની નજરે બહુ વખાણાઇ, પરંતુ થિયેટર સુધી દર્શકોને ખેંચી શકી નહીં. 'જયેશભાઇ જોરદાર' અને 'સર્કસ' પણ નિષ્ફળ સાબિત થઈ. આવું કંઈ થાય કે કલાકારો એક સ્ટેપ બેક લે. રણવીરે પણ એમ જ કર્યું. 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' ૨૦૨૩માં આવી પછી એની એક પણ સોલો ફિલ્મ આવી નથી. હવે એનો દાવ છે એની આવનારી ફિલ્મ 'ધુરંધર' પર, જે એક ગ્રાન્ડ માસ-એન્ટરટેઇનર તરીકે આવી રહી છે. ટ્રેડ એનાલિસ્ટ કહે છે કે આ ફિલ્મ રણવીરની ઇમેજને ફરીથી માસ ઓડિયન્સ સાથે કનેક્ટ કરવા માટે મહત્ત્વની છે. જેમ શાહરુખ 'પઠાણ' સાથે ફરીથી બોક્સ ઓફિસનો કિંગ સાબિત થયો, તેવી જ અપેક્ષા રણવીર સાથે છે.

ટાઇગર શ્રોફનો કેસ પણ રસપ્રદ છે. એક સમય હતો જ્યારે 'બાગી' ફ્રેન્ચાઇઝે એને નવા એક્શન હીરો તરીકે સ્થાપિત કર્યો. 'બાગી' અને 'બાગી ૨' બંને બ્લોકબસ્ટર રહી, પરંતુ 'બાગી ૩' અને પછીની ફિલ્મ્સ જેમ કે 'હિરોપંતી ૨', 'બડે મિયાં છોટે મિયાં' બોક્સ ઓફિસ પર ન ચાલી. હવે ટાઇગર માટે 'બાગી ૪' એક મોટો ચાન્સ છે, કારણ કે આ ફ્રેન્ચાઇઝ એના માટે ખાસ ઓળખ છે. ઓડિયન્સ હજુ પણ એને એક્શન અવતારમાં જોવા માગે છે, પરંતુ હવે સ્ક્રિપ્ટ અને કન્ટેન્ટ મજબૂત હોવા જરૂરી છે. 'એનિમલ'થી પ્રેરિત લાગતી આ ફિલ્મ સફળ જશે તો ટાઇગર ફરી એક વાર યુવા સ્ટાર તરીકે ગણાશે, નહીં તો એને રાહ જોવી પડશે.

હવે વાત કરીએ વરુણ ધવનની. એણે કરિયરની શરૂઆત જબરદસ્ત કરી હતી, પરંતુ ૨૦૨૨માં આવેલી 'ભેડિયા' પછી એણે પણ એક પણ સોલો હિટ ફિલ્મ આપી નથી. છેલ્લે આવેલી 'બવાલ', 'બેબી જહોન' ફ્લોપ સાબિત થઈ.

હવે વરુણ માટે કમબેકનો અવસર છે. એ ફરી પાછો પોતાની રોમેન્ટિક કોમેડી જોનરની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી'માં જોવા મળવાનો છે. જોઈએ એનું કમબેક થાય છે કે નહીં.

અક્ષયકુમાર પણ પાછલા કેટલાક સમયથી એક ક્રિટિકલ ફેઝ-તબક્કમાંથી પસાર થઈ રહ્યો છે. એક વર્ષમાં ૪-૫ ફિલ્મ્સ કરવાની એની હોડે ઓડિયન્સને થકાવી નાખ્યું, અને 'સમ્રાટ પૃથ્વીરાજ', 'રક્ષાબંધન', 'રામસેતુ', 'બડે મિયાં... અને 'સરફિરા' જેવી ફિલ્મ્સ દર્શકોને ખેંચી ન શકી. 'સ્કાયફોર્સ' કમાણી કરી શકી, પણ આંકડા ખોટા હોવાનો ફિલ્મમેકર્સ પર આરોપ લાગ્યો અને 'કેસરી ચેપ્ટર ૨' અને 'હાઉસફુલ ૫' માંડ રોકેલા બજેટ સુધી પહોંચી શકી. હવે અક્ષયને આશા છે 'જોલી એલએલબી ૩' પર. ફ્રેન્ચાઈઝની ત્રીજી ફિલ્મમાં અક્ષય ફરીથી કોર્ટરૂમ ડ્રામામાં દેખાશે, જે ઓડિયન્સને મનોરંજન સાથે સેટાયરનો સ્વાદ આપશે. આ ફિલ્મ અક્ષય માટે કમબેકની મજબૂત તક બની શકે છે.

આજના સમયના આવાં 'કમબેક મિશન' સ્ટ્રેટેજી માત્ર સ્ટાર પાવરથી નહીં, પણ કન્ટેન્ટ- મ્યુઝિક અને પ્રમોશનના બેલેન્સ પર આધારિત છે. શાહરુખ ખાનનું ઉદાહરણ સ્પષ્ટ છે. 'ઝીરો' પછી સૌએ માન્યું હતું કે એનો સમય પૂરો થઈ ગયો છે, પરંતુ 'પઠાણ', 'જવાન' અને 'ડંકી' સાથે એણે રેકોર્ડ તોડી બતાવ્યા. એ જ રસ્તે હવે બાકીના સ્ટાર્સને પણ મનોરંજન દેવની કૃપાથી સફળતાની આશા છે. સ્ટાર્સના 'કમબેક મિશન ' માત્ર બોક્સ ઓફિસ રિઝલ્ટ્સ નથી, પણ તે દર્શકોની મનોવૃત્તિ, ફિલ્મ ઇન્ડસ્ટ્રીની સ્થિતિ અને આગળના કરિયરની ડિરેકશન નક્કી કરે છે. જો આ બધા સ્ટાર્સની નવી ફિલ્મ્સ સફળ જશે તો બોલિવૂડ ફરીથી સ્ટાર-ડ્રિવન સિસ્ટમમાં મજબૂત બનશે અને જો નિષ્ફળ જશે તો કદાચ નવા એક્ટર્સ અને નવી સ્ટોરીઝનો જ દબદબો વધી જશે.

રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, અક્ષય કુમાર કે વરુણ ધવન...એ બધા જ એમના પોતાના 'કમબેક મિશન' પર છે. દરેક પાસે અલગ પ્રકારની ફિલ્મ છે, પરંતુ હેતુ એક જ છે : દર્શકો સાથે ફરીથી એ જોડાણ કરવું, જે ક્યારેક એમને સ્ટાર બનાવતું હતું.

આવનાર સમયમાં આ ફિલ્મ્સ રિલીઝ થશે ત્યારે જ ખબર પડશે કે કોણે ખરેખર પોતાનું કમબેક સફળ બનાવ્યું અને કોણ હજુ પણ પોતાની જગ્યા શોધવા માટે ઝઝૂમતો રહેશે.

હા, પણ આ બધાં ઉદાહરણો એક જ વાત બતાવે છે કે બોલિવૂડમાં સ્ટાર્સ માટે સતત હિટ આપવી કેટલી મુશ્કેલ છે. અર્જુન કપૂર પણ કેટલાય સમયથી નિષ્ફળતાની સાથે ટ્રોલ્સનો સામનો કરી રહ્યો છે મતલબ કે ફિલ્મની નિષ્ફળતા તરત જ સ્ટારની ઇમેજ પર અસર કરે છે, પરંતુ સાથે જ એક સારો પ્રોજેક્ટ એમને ફરીથી ટોચ પર લઈ જવાની તાકાત ધરાવે છે!

**લાસ્ટ શોટ**

*વરુણ ધવન અને અક્ષય કુમારને મેડોકના 'સ્ત્રી', 'ભેડિયા'ના સુપરનેચરલ યુનિવર્સથી પણ મજબૂત કમબેક મળી શકવાની શક્યતાઓ ખરી.*

# ડૉ. અરોરા- ગુપ્ત રોગ વિશેષજ્ઞ

## એક ટેબૂ-નિષિદ્ધ વિષયની મેચ્યોર્ડ માવજત

ફિલ્મનામા

નરેશ શાહ




આ વેબસિરીઝની વાત તમે એકલાં-એકલાં વાંચી લેવાના છો તેમ લાખ ઈચ્છતા હોવા છતાં કદાચ, આ વેબસિરીઝ તમે જોઈ શકવાના નથી અને જે જોશે એ નિરાશ પણ થવાના છે કારણકે શીર્ષક જે સંકેત આપે છે એવા કોઈ ગલગલિયાં 'ડો. અરોરા, ગુપ્ત રોગ વિશેષજ્ઞ' જોઈને થવાના નથી.

સેક્સ અને તેની સાથેની તમામ વાતો માટે લાખ કુતૂહલ અને જિજ્ઞાસા હોવા છતાં આપણે ત્યાં એ કાયમ ટેબૂ વિષય જ રહ્યાં છે. અછૂત જેવા અને તેમાં સેક્સને લગતી બીમારી તેમ જ તેની સારવાર કરનારાઓનો પણ સમાવેશ થઈ જાય.

સેક્સ સમસ્યાને લગતી કોલમ અચૂક વાંચી લેનારાં પણ સેક્સ સમસ્યાને વિકાર અને સંકોચનું કારણ જ ગણે છે. મોતિયો આપણા માટે સહજ છે પણ માસ્ટરબેશન ગંદુ. શરદીમાં દવા લેનાર પણ શીઘ્રપતનને વિકૃતિનું પરિણામ જ માને છે. ઊલટી (વોમિટ) માટે કાળજી લેનાર, ઉત્થાન માટેની સારવાર લેનારને રક્તપિતના રોગી જેવો માનવામાં આવે છે અને છોછ, અણગમા અને અછૂત જેવી માનસિકતાને કારણે જ આપણે ત્યાં 'ગુપ્ત રોગ વિશેષજ્ઞ'ને શંકા અને કંઈક અંશે બેશરમ જેવા દ્રષ્ટિકોણથી જ જોવામાં આવે છે.

'સોની લિવ' પર સ્ટ્રીમ થયેલી 'ડો. અરોરા, ગુપ્ત રોગ વિશેષજ્ઞ' વેબસિરીઝમાં આ જ બધી વાતોને મનોરંજક પણ મેચ્યોર્ડ તરીકાથી પેશ કરવામાં આવી છે.

આગરા, સવાઈ માધોપુર અને મુરેનામાં પોતાનું સેક્સ સારવાર માટેનું ક્લિનિક ચલાવતાં ડો. વિશેષ અરોરા (કુમુદ મિશ્રા) પાસે જાતજાતની સેક્સ-સમસ્યા લઈને લોકો આવે છે. પરંપરાગત અખબાર માલિક (વિવેક મુશરન-આપણો 'ઈલુ ...ઈલુ' બોય) પોતાના પુત્રને પત્નીથી પણ છાનો લાવે છે કારણકે પુખ્ત થઈ રહેલાં દીકરાને અવારનવાર 'ડિસ્ચાર્જ' થતું રહે છે. એક ગાયક તેમજ પૉલિટિશિયનના નજીકના યુવાનનું 'ઘોડું' દશેરાએ જ દોડતું નથી! એક બાબાને ભક્તતાણીઓ પર આશીર્વાદ વરસાવવા છે પણ દુકાળ પીછો છોડતો જ નથી. બનીઠનીને હીરોઈનની જેમ આવતી એક યુવતીને તપાસવા દરમિયાન ખબર પડે છે કે, એને ગુપ્તરોગ થયો છે. સંતાન ન થતું હોવાથી માતા દીકરીને લઈને આવે છે, પરંતુ તપાસ માટે એ જમાઈને ડો. વિશેષ અરોરા પાસે લાવતી નથી તો શહેરના પોલીસ વડાને પથારીમાં પત્ની સાથે હોય ત્યારે 'ઉતાવળે આંબા પાકી' (શીઘ્ર પતન) જવાની સમસ્યા પજવે છે.

રોક સ્ટાર- જબ વી મેટ ફેમ ઈમ્તિયાઝ અલીએ ક્રિએટ કરેલી 'ડો. અરોરા, ગુપ્તરોગ વિશેષજ્ઞ' વેબસિરીઝ ડેફિનેટલી એક સાહસિક સર્જન છે કારણકે આ વિષયમાં લપસી જવાય એવાં ગલગલિયાં કરાવવાની ક્ષમતા છે પરંતુ ત્રણ ડિરેક્ટર (નિધિ શેઠીયા નાયર, સાજીદ અલી અને અર્ચિત કુમાર) ઉપરાંત છ લેખકો (જેમાં ખુદ ઈમ્તિયાઝ અલી, સાજીદ અલી, આરિફ અલી, દિવ્યકાશ દૂબે, સુદીપ નિગમ અને દિવ્યા જોહરી) એ એવી સરસ રીતે વાર્તા ગૂંથી છે કે ટેબૂ વિષયને મર્યાદા સાથે મનોરંજક બનાવી દીધો છે. સેક્સની સમસ્યાનો મોટાભાગના લોકોને અનુભવ નથી હોતો. થેન્ક ગોડ. પરંતુ આવી સમસ્યાનો સામનો કરતાં અને ડોક્ટર પાસે વ્યક્ત કરતી વખતની મૂંઝવણ આપમેળે હાસ્ય સર્જે છે. પોલીસ અધિકારી પોતાની બદનામીના ડરે ડો. વિશેષ અરોરાને ઘરે બોલાવે છે ત્યારે પણ ખુલીને પોતાની તકલીફ બયાન નથી કરી શકતો અને બેધડક તેની પત્ની (પતિની) સમસ્યા બયાન કરે છે, એ દ્રશ્ય પણ અનેક દ્રશ્યોની જેમ સરસ બન્યું છે.

'ડો. અરોરા, ગુપ્તરોગ વિશેષજ્ઞ' વેબસિરીઝમાં વિવેક મુશરન, શેખર સુમન અને વિદ્યા માલવડે ('ચક દે ઈન્ડિયા' વાળી)જેવા જાણીતા એક્ટર છે જ. પ્રમાણમાં ઓછાં જાણીતાં કલાકારોએ પણ પોતાના 'સાહસિક' પાત્રો ખૂબીથી ભજવ્યાં છે.

જોકે, આ આખી વેબસિરીઝનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ ડો. વિશેષ અરોરા બનતાં કુમુદ મિશ્રા છે. સેક્સના ડોક્ટર તરીકે કુમુદ મિશ્રાએ ગજબની મીઠાશ અને નરમાશથી કામ કર્યું છે કે આપણને એ ગમવા માંડે. કુમુદ મિશ્રાની પાત્રવરણી જ એ વાત સાબિત કરે છે કે, સર્જકોએ આ વેબસિરીઝને ગલીપચી કરાવવા માટે નહીં, સાચી નિસ્બત સાથે બનાવી છે. સેક્સ (કે તેની સમસ્યા) એવો ડેલિકેટ વિષય છે કે અનિચ્છાએ પણ તેમાં છિછરાપણું ઉમેરાઈ જતું હોય છે, પરંતુ સંવાદોની અભિવ્યક્તિને સહજ ગણવામાં આવે તો 'ડો. અરોરા' ફુલ્લી માર્કથી પાસ થયા છે. સ્ક્રીન પર એકદમ સ્વીટ લાગતાં ડો. વિશેષ અરોરા સેક્સની સમસ્યાના ડોક્ટર કેમ બન્યાં અને ખુદની માતાથી સેક્સોલોજીસ્ટ હોવાની વાત કેમ છૂપાવે છે, તેની પણ કથા છે. એ જાણવા માટે હિંમત કરીને 'ડો. અરોરા, ગુપ્તરોગ વિશેષજ્ઞ' વેબસિરીઝ જોવી રહી.

# અમારા લાડકા બાપ્પા


વરિજા સંજય ત્રિવેદી-કાંદિવલી પશ્ચિમ


વિજય બાબુલાલજી જૈન – ભુલેશ્વર મુંબઈ


પાર્થ બાવડ-ઘણસોલી નવી મુંબઈ


પ્રીતિ આશર તિલક ચેમ્બુર


પિયૂષ જોશી-ડોંબિવલી


વરુણ કાપડિયા-બોરીવલી પૂર્વ


કલ્પેશ શાહ-મલાડ પૂર્વ


શોભના વિજય શાહ-કાંદિવલી પૂર્વ


રમિલાબેન લલિતભાઈ પધારિઆ – ડોંબિવલી પૂર્વ


સમીર ચોકસી ગ્રાન્ટ રોડ


રાજુલ જયેશ મિસ્ત્રી-મલાડ પશ્ચિમ


વ્રજ ધવલ માણેક-મુલુંડ પશ્ચિમ


જયેશ કારિયા-જોગેશ્વરી પૂર્વ



કમલેશ બૂક્સેલર-ચારકોપ કાંદિવલી પશ્ચિમ


રોનિત હિતેશ શાહ-કોપરખૈરાણે નવી મુંબઈ


નિલેશ ચંદુભાઈ મધવાણી-પનવેલ


વૃષા ભાર્વિદ આશર-ચીરા બજાર


હિત જિજ્ઞેશ સંપટ – કાંદિવલી વેસ્ટ


નમ્રતા નિરવ ગોરડિયા-ઘાટકોપર


રિદ્ધિ હેમલ મકવાણા


નિશા ખેડેકર-બોરીવલી ગોરાઇ


ખુશ્બુ પારેખ-કાંદિવલી પશ્ચિમ


સુધાબેન મોદી-ગોરેગામ પશ્ચિમ

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| लंगूर | લીટી |
| लंघन | પદવી |
| लकब | વેરો |
| लकीर | ઉપવાસ |
| लगान | વાનર |

### ઓળખાણ પડી?



રાજશ્રી પ્રોડક્શનની પારિવારિક ફિલ્મની ઓળખાણ પડી જેમાં એક હીરો, હિરોઈન અને સાઈડ એક્ટર ફરતે કથા ગૂંથાયેલી હતી.

અ) ઉપહાર બ) ચિત્તચોર ક) પિયા કા ઘર ડ) સુનયના

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ઘો | ૨ ગ | ૩ પ | તિ | ■ | ૪ ગુ | ૫ જ | ૬ રા | ૭ તી |
| ચ્યા | ■ | ૮ મ | તા | ■ | ૯ અ | ■ | ૧૦ સ | મ | ર્થ |
| ૧૧ ર | ૧૨ મ | તું | ■ | ૧૩ સ | મૃ | દ્ધિ | ■ | રા | ■ |
| ■ | ગ | ■ | ૧૪ શ | ર | ત | ■ | ■ | ૧૫ જ | ૧૬ ક |
| ૧૭ સ્વ | જ | ૧૮ ન | ■ | ૧૯ સ | મ | ૨૦ જ | ણ | ■ | ર્મ |
| પ્ન | ■ | ૨૧ ડો | ૨૨ સા | ■ | ૨૩ હો | મ | ■ | ૨૪ ગા | યો |
| ૨૫ સે | ૨૬ ટ | ■ | ૨૭ બિ | ભ | ત્સ | ■ | ૨૮ વા | ન | ગી |
| ૨૯ વી | મા | ખ | ત | ■ | ૩૦ વ | ૩૧ સ | ન | ■ | ■ |
| ■ | ટ | ■ | ■ | ૩૨ શું | ■ | મ | ■ | ૩૩ શ | ૩૪ મા |
| ૩૫ બિ | ર | બ | લ | ■ | ૩૬ વા | સ્ત | વિ | ક | તા |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | |
| | ■ | ૭ | | ૮ | | | ■ | | ■ |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ |
| ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | |
| ૧૭ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | | |
| | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ■ | |
| | ■ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | ■ |
| ૨૫ | | ■ | ૨૬ | | | ૨૭ | ■ | ૨૮ | |
| ■ | ■ | ૨૯ | | | | | ૩૦ | | ■ |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. ભેખડો ધસી પડવી (૪)
૪. અંદર-દૂરનો વિસ્તાર (૫)
૭. વારસાના હકદાર (૫)
૯. ખજાનો, મોટી પેટી (૩)
૧૧. --- કરવું એટલે પચાવવું (૩)
૧૨. ક્યારેક (૨)
૧૪. નર્મદા નદી (૨)
૧૫. પદ્ધતિ (૨)
૧૭. નિશાનીની લીટી (૨)
૧૮. વસ્ત્ર (૩)
૧૯. મોંઘવારીમાં --- વધી જાય (૩)
૨૦. ઝડપ (જો. છૂ.) (૨)
૨૧. પાલવ (૨)
૨૨. --- પેટનું એટલે વાત છુપાવી ના શકે એવું (૨)
૨૩. મિત્ર, યાર, દોસ્ત (૨)
૨૫. નમેલું (૨)
૨૬. ઘા (૨)
૨૮. ગણેશજીની માતા (૨)
૨૯. અપમાન લાગે એવું (૭)
૩૧. અપજસ અપાવે એવું (૫)
૩૨. બચકું ભરવું (૪)

**ઊભી ચાવી**

૧. ધરતી ધ્રૂજવી (૩)
૨. બકવાસ કરવો (૩)
૩. પુરુષ (૨)
૪. આશરો, અદા (૩)
૫. એક જાતનું ઘરેણું (૪)
૬. અળતો (૩)
૮. સંગ, સોબત, સંબંધ (૪)
૧૦. સાંધાનો કડાકો (૩)
૧૩. ટેક્ષ આપ્યા વિના લેવેચ કરવી (૪)
૧૪. બલરામની પત્ની (૩)
૧૬. ઉપનામ (૪)
૧૭. હિલચાલ, ચળવળ, ખળભળાટ (૪)
૨૦. શિવજીના સેવક (૨)
૨૨. સાવકું, પારકું (૪)
૨૪. ખાઉધરું (૪)
૨૬. પાછા આવવું તે (જો.છૂ.) (૩)
૨૭. પૂજા કરનાર (૩)
૨૯. બકરો (૨)
૩૦. ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી નાટકો અને હિન્દી ફિલ્મોમાં અભિનેતા તરીકે ડંકો વગાડનારા પરેશ રાવલે ૧૯૯૦ના દાયકાના પ્રારંભમાં કરેલી ગુજરાતી ફિલ્મ કઈ?

અ) દરિયાના છોરુ બ) પારકી જણી
ક) માનવીની ભવાઈ ડ) પરભવની પ્રીત

### જાણવા જેવું

ગુજરાતી ચલચિત્ર 'મુંબઈની શેઠાણી' ૯ જાન્યુઆરી ૧૯૩૨ના રોજ મદનની શિરીં ફરહાદ સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ ચલચિત્રનું નિર્માણ કલકત્તાના રંગમંચ દ્વારા થયું હતું અને તેના લેખક ચાંપશી ઉદેશી હતા. આ ચલચિત્રમાં ગુજરાતી ગીત 'ફેશનની ફિશિયારી, જુઓ મુંબઈની શેઠાણી' ખૂબ ગાજ્યું હતું.

### સુડોકુ-૯૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૧ | ૩ | | ૭ | |
| | | | ૪ | ૮ | ૭ | | ૫ | |
| | | | | | ૨ | | ૮ | |
| ૭ | ૨ | | | | | ૬ | | |
| ૯ | | | | | | | | ૩ |
| | | ૪ | | | | | ૧ | ૭ |
| | ૫ | | ૮ | | | | | |
| | ૬ | | ૩ | ૭ | ૧ | | | |
| | ૯ | | ૬ | ૨ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૭ | ૮ | ૪ |
| ૭ | ૧ | ૩ | ૮ | ૫ | ૪ | ૯ | ૬ | ૨ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ | ૬ | ૨ | ૮ |
| ૮ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૪ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૯ | ૫ |
| ૧ | ૮ | ૪ | ૭ | ૩ | ૬ | ૨ | ૫ | ૯ |
| ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૪ | ૧ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

જમ્પિંગ જેકનું વિશેષણ અને ઉછળકૂદ હીરો તરીકે ખ્યાતિ મેળવનારા જિતેન્દ્રની ડબલ રોલવાળી ફિલ્મ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ઉમરકૈદ બ) એક હસીના દો દીવાને ક) દો ભાઈ ડ) જીગરી દોસ્ત

### નોંધી રાખો

હોલિવૂડમાં પ્રથમ ટોકી ફિલ્મ (બોલપટ) ૧૯૨૭માં બની હતી જેનું નામ હતું 'ધ જેઝ સિંગર' જે બોક્સ ઓફિસ પર સુપરહિટ થઈ હતી.

### માઈન્ડ ગેમ

અબ્બાસ-મસ્તાન ભાઈઓએ કઈ હોલિવૂડ ફિલ્મ પરથી વિનોદ ખન્ના, અભિષેક બચ્ચન અને બોબી દેઓલને લઈ ફિલ્મ બનાવી હતી?

A) Goldfinger b) The Great Escape c) The Italian Job d) Cleopatra

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| सचान | બાજ પક્ષી |
| सटीक | બરાબર |
| सत्तार | ઈશ્વર |
| सदमा | આઘાત |
| सनक | ધૂન |

ગુજરાત મોરી મોરી રે: રમત રમાડે રામ

ઓળખાણ પડી?: ભક્તિ બર્વે

માઈન્ડ ગેમ: ઈન્દ્રસભા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: નાસ્તિક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) નૈશીધ દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) જીત શાહ (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) અંબરીષ ઓઝા (૨૪) નયના ગિરીશ મિસ્ત્રી (૨૫) મહેશ સંઘવી (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) મહેશ દોશી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) વિણા સંપટ (૩૬) ડાયના સંતોકે (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) પુષ્પા ખોના (૩૯) કિશોર સંઘરાજકા (૪૦) અરવિંદ કામદાર (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષીબેન દલાલ (૪૫) નયના મિસ્ત્રી (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદેશી (૫૦) પ્રતિમા પમાણી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) વિનોદ ખન્ના, ૨) આમિર ખાન, ૩) અમોલ ગુપ્તે, ૪) સુસ્મિતા સેન, ૫) કરીના કપૂર, ૬) રાની મુખરજી, ૭) હૃતિક રોશન

ક્વિઝ (બ) ૧) ફૂલ ઔર કાંટે, ૨) દિલ, ૩) અંખીયો કે ઝરોંખો સે, ૪) જાન તેરે નામ, ૫) કભી ખુશી કભી ગમ, ૬) કુછ કુછ હોતા હૈ, ૭) છીછોરે

નવરાત્રીના પ્રથમ નોરતેથી થશે મા લક્ષ્મીની કૃપા

# જીએસટી રિફોર્મને કારણે વેપારીઓ અને ગ્રાહકોને મોટી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગભગ ૯૦ વસ્તુઓ પરના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં ઘટાડો કરવામાં આવ્યો છે - જે ખરેખર વેપારીઓ અને ગ્રાહકો બંને માટે દિવાળીની મોટી ભેટ છે. આ તહેવારોની મોસમમાં વધુ જોશ જોવા મળશે. મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગના પરિવારોની ખરીદી ક્ષમતા વધતાં તેઓ ખરીદી માટે બહાર નીકળે એવી શક્યતા છે, એમ છૂટક વેપારીઓના સંઘના અધ્યક્ષ વિરેન શાહે જણાવ્યું હતું.

ફેડરેશન ઓફ રિટેલ ટ્રેડર્સ વેલ્ફેર એસોસિયેશનના પ્રમુખ વિરેન શાહે જણાવ્યું હતું કે ઘણી દૈનિક ઉપયોગની ખાદ્ય ચીજો પર હવે શૂન્ય જીએસટી છે, જ્યારે પુસ્તકો, સ્ટેશનરી અને આવશ્યક શાળા/કોલેજના પુરવઠા પર પણ કોઈ જીએસટી નથી. કાર અને ટેલિવિઝન પર જીએસટી ઘટાડવામાં આવ્યો છે અને રૂ. ૨,૫૦૦થી ઓછી કિંમતના વસ્ત્રો પર ફક્ત પાંચ ટકા જીએસટી લાગશે. જીએસટી દર ઓછા થતાં ફૂટવેર પણ વધુ સસ્તા બન્યા છે.

જ્યારે રૂ. ૨,૫૦૦થી વધુ કિંમતના દુલ્હનના વસ્ત્રો જેવી કેટલીક શ્રેણીઓ પર હવે ૧૮ ટકા જીએસટી લાગશે જે પરંપરાગત ઉત્પાદકો અને છૂટક વેપારીઓમાં નિરાશા સમાન છે, એકંદર રાહત ઉત્સવની રોનક વધારશે. આ વર્ષની દિવાળી ગયા વર્ષની સરખામણીમાં ઘણી વધુ ગતિશીલ ખરીદીની મોસમ બનવાની તૈયારીમાં છે, એમ પણ તેમણે કહ્યું હતું.

## બિલ્ડરોમાં પણ આનંદનું વાતાવરણ

મુંબઈઃ સિમેન્ટ (૨૮ ટકાથી ૧૮ ટકા) અને રેતી-ચૂનાની ઇંટો/પથ્થરના જડતરના કામ (૧૨ ટકાથી પાંચ ટકા) જેવી બાંધકામ સામગ્રી પર જીએસટી ઘટાડવામાં આવ્યો હોવાથી ડેવલપરોને થોડી રાહત મળવાની અપેક્ષા છે, જોકે એકંદર ખર્ચ પર તેની અસર સામાન્ય રહેશે કારણ કે ડેવલપરો મોટાભાગે ઇનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ મેળવતા વિક્રેતાઓ દ્વારા પરોક્ષ રીતે સામગ્રી ખરીદતા હોય છે, જોકે, ક્ષેત્રોમાં વ્યાપક જીએસટી સુધારાથી આવકમાં વધારો થવાની અને રહેઠાણની માગણીમાં વધારો થવાની અપેક્ષા છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં રિયલ એસ્ટેટ ડેવલપર્સની સર્વોચ્ચ સંસ્થા, ક્રેડાઈ-એમસીએચઆઈએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ૫૬મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં મંજૂર કરાયેલા સીમાચિહ્નરૂપ આગામી પેઢીના જીએસટી સુધારાઓનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે બાંધકામ રિયલ એસ્ટેટનો મુખ્ય ઘટક હોવાથી, આ સુધારાઓ બાંધકામ ખર્ચ પર નજીવી અસર કરશે, જોકે વિકાસકર્તાઓ દ્વારા સીધી ખરીદાયેલી કેટલીક સામગ્રી જેમ કે માર્બલ અને ગ્રેનાઈટ સસ્તી થશે. નિવાસી પ્રોજેક્ટ્સ પર ઇનપુટ ટેક્સ ક્રેડિટના અભાવને કારણે ઘર ખરીદનારાઓને કિંમતમાં સામાન્ય ઘટાડો જોવા મળી શકે છે.

ક્રેડાઈ-એમસીએચઆઈના પ્રમુખ સુખરાજ નાહરે જણાવ્યું હતું કે, સિમેન્ટ અને રેતી-ચૂનાની ઈંટો જેવા મુખ્ય બાંધકામ ઇનપુટ્સ પર જીએસટી દરોને તર્કસંગત બનાવવાની સરકારની પહેલનું સ્વાગત કરીએ છીએ. જ્યારે આ તબક્કે ડેવલપર્સ અને ઘર ખરીદનારાઓને ખર્ચમાં રાહત સામાન્ય છે, ત્યારે આ એમએમઆરમાં સ્થિતિ સુધારવા અને મકાનોની માગણી વધારવાની દિશામાં યોગ્ય પગલું છે.

અમને આશા છે કે સરકાર ટૂંક સમયમાં રૂ. ૪૫ લાખની કિંમત મર્યાદાને તર્કસંગત બનાવતી વખતે પરવડે તેવા મકાનો પર એક ટકા જીએસટી સ્લેબ જાળવી રાખવાની ઉદ્યોગની લાંબા સમયથી ચાલી આવતી વિનંતીને સ્વીકારશે જેનાથી ૨૦૩૦ સુધીમાં બધા માટે મકાનને નોંધપાત્ર રીતે વેગ મળી શકે છે.

ક્રેડાઈ-એમસીએચઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ જીતુ મહેતાએ કહ્યું હતું કે આ સુધારાઓ મોટા ભાગના લોકોને સીધી રાહત આપશે. આ સુધારા સામાન્ય લોકોની ખરીદ શક્તિમાં વધારો કરશે. જેનાથી ગૃહનિર્માણ ક્ષેત્ર માટે સારા દિવસો આવી શકે છે. અમારી પરવડી શકે એવા ઘરોને એક ટકો જીએસટી આપવા માટેની મર્યાદા રૂ. ૪૫ લાખથી વધારીને રૂ. ૭૫ લાખ કરવાની માગણી હજી સુધી પડતર છે. આ સ્વીકારવામાં આવે તો એમએમઆર વિસ્તારના લોકોને ફાયદો થઈ શકે છે. ■

# મલાડમાં ફટાકડાની દુકાનમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડમાં ગુરુવારે સાંજે ફટાકડાની એક દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મલાડ પોલીસ સ્ટેશન નજીક ઉંડરાઈ રોડ પર આવેલી ચાલીમાં ફટાકડાની દુકાન આવેલી છે. ગુરુવારે સાંજે સાત વાગ્યાની આસપાસ તેમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ તથા ચાર ફાયર એન્જિન ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. આગમાં કોઈ જખમી થયું નહોતું. મોડે સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલુ હતી.

મલાડમાં ફટાકડાની ઘણી હોલસેલ દુકાનો આવેલી છે. આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાની શક્યતા અગ્નિશમન દળ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. તેમ છતાં આગ પર નિયંત્રણ મેળવ્યા બાદ જ ચોક્કસ કારણ જાણવા મળશે. ■

# વિસ્ફોટકો બનાવતી ફેક્ટરીમાં બ્લાસ્ટથી આખું મકાન તૂટી પડ્યું

## એકનું મોત, ૧૪ જખમી

નાગપુરઃ નાગપુર જિલ્લામાં આવેલી વિસ્ફોટકો બનાવતી ફેક્ટરીમાં ગુરુવારની મધરાતે અચાનક ધડાકો થતાં આખી બિલ્ડિંગ ધરાશાયી થઈ હતી. આ ઘટનામાં એકનું મોત નીપજ્યું હતું, જ્યારે ૧૪ જણ ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના નાગપુરના બાઝારગાંવ વિસ્તારમાં આવેલા સોલાર ગ્રૂપના પ્લાન્ટમાં મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. બ્લાસ્ટ એટલી તીવ્રતાથી થયો હતો કે આખું મકાન તૂટી પડ્યું હતું. ઘટનામાં પચીસ વર્ષના યુવાનનું મૃત્યુ થયું હતું, જ્યારે ૧૪ લોકો ઘવાયા હોવાનું પોલીસનું કહેવું છે. જોકે કંપનીના અધિકારીના કહેવા મુજબ આ ઘટનામાં આઠ જણ જખમી થયા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ધડાકામાં સાત જણને નજીવી ઇજા થઈ હતી, જ્યારે અન્ય સાતને ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ)માં દાખલ કરવા પડ્યા હતા. ધડાકા પાછળનું કારણ જાણવા માટે પેટ્રોલિયમ ઍન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઑર્ગેનાઈઝેશન (પીઈએસઓ)ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કંપનીના સિનિયર જનરલ મૅનેજર આશિષ કુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે એનર્જેટિક મટીરિયલ્સનું ક્રિસ્ટલાઈઝ્ડ જ્યાં કરવામાં આવતું હતું તે બિલ્ડિંગ ધડાકાને કારણે ધસી પડ્યું હતું. શ્રીવાસ્તવના કહેવા મુજબ આ ઘટનામાં એકનું મૃત્યુ થયું હતું અને આઠ જણ જખમી થયા હતા. જખમીઓને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. તપાસ બાદ ધડાકાનું કારણ સ્પષ્ટ થઈ શકશે. ધડાકા પહેલાં તેના સંકેત મળતાં લોકો એકમ છોડીને બહાર નીકળી ગયા હતા. વિસ્ફોટ પછી કૂલિંગ સિસ્ટમ આપમેળે શરૂ થઈ હતી અને ઈમારત ખાલી કરાવવા સહિતની બધી ઈમરજન્સી પ્રક્રિયાઓ યોગ્ય રીતે પાર પાડવામાં આવી હતી. કંપનીના અધિકારીના જણાવ્યા મુજબ અમારા વરિષ્ઠ અધિકારીઓ અને ડિરેક્ટરો સમયસર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પોલીસને યોગ્ય પ્રતિસાદ આપ્યો હતો. ઈજાગ્રસ્ત લોકોની સારવારનો ખર્ચ કંપની દ્વારા ભોગવવામાં આવશે અને મૃતકના પરિવારને પણ ભરપાઈ આપવામાં આવશે. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રમાં કામના કલાક વધ્યા, કેબિનેટમાં નિર્ણય

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કામના કલાકો બાબતે જે અપેક્ષિત હતો તે નિર્ણય લેવાયો છે. રાજ્યની આજની કેબિનેટમાં થયેલા મહત્વના નિર્ણયોમાં કારખાના કાયદા ૧૯૪૮નો પણ સમાવેશ થાય છે. આ નવા નિયમ પ્રમાણે હવે દૈનિક કામના કલાકો નવને બદલે દસ કરવામાં આવ્યા છે. આ નિયમથી કામદાર ઘટક અને ઉદ્યોગ બન્નેને અસર થશે. રાજ્ય મંત્રીમંડળની બુધવાર, ૩ સપ્ટેમ્બરના રોજ બેઠક મળી હતી અને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં સામાન્ય માણસના જીવન પર મોટી અસર કરી શકે તેવો બીજો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો, જે છે કામના કલાકોમાં ફેરફાર. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે મહત્તમ દૈનિક કામના કલાકો વર્તમાન નવ થી વધારીને ૧૦ કલાક કરવા માટે કાયદામાં સુધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણય રાજ્યમાં નવું રોકાણ લાવવા, રોજગાર સર્જન કરવાનો અને કામદારોના અધિકારોનું રક્ષણ કરવાનો છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. તેથી કામના કલાકો હવે ૯ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવશે. જોકે સામાન્ય જનજીવન પર આની ઘણી અસર પડશે. ખાસ કરીને મુંબઈ, થાણે, પુણે જેવા શહેરોમાં રહેતા કામદારો માટે આ અઘરું બની રહેશે.

કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી ટાસ્ક ફોર્સ દ્વારા સૂચવવામાં આવેલા સુધારાઓ અનુસાર, કેબિનેટે ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ માં વિવિધ સુધારાઓને મંજૂરી આપી છે. રાજ્યમાં રોકાણ આકર્ષવા અને રોજગારની તકો વધારવા માટે કામના કલાકોમાં આ ફેરફારો કરવામાં આવ્યા છે. અગાઉ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તમિળનાડુ, તેલંગાણા, ત્રિપુરા જેવા રાજ્યોએ આ ફેરફારો કર્યા છે. કામના સમયમાં વધારો થયો છે તો સાથે કામદારોના વેતનમાં પણ વધારો થશે, તેમ સૂત્રો જણાવે છે. તેમાં એવી કડક જોગવાઈ પણ છે કે ઓવરટાઇમ કામ માટે કામદારોની લેખિત સંમતિ લેવી જરૂરી રહેશે. ઓવરટાઇમ કામનો સમયગાળો ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરવા વગેરે જેવા સુધારાઓને મંજૂરી આપવામાં આવી હતી. ■




**ગુરુવે નમઃ...** હિન્દુ શાસ્ત્રમાં ગુરુને ઈશ્વરનું સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષણ દિનની પૂર્વસંધ્યાએ બાળકોએ પોતાના શિક્ષકને ગુલાબનું ફૂલ આપી તેમનું સન્માન કર્યું હતું. (અમય ખરાડે)

# ચાલતી ટ્રેનમાંથી યુવક થાણે-કલવા વચ્ચે ખાડીમાં પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડમાં રહેતો ૧૯ વર્ષનો યુવક ટ્રેનમાં નિયંત્રણ ગુમાવતા થાણે અને કલવા સ્ટેશન વચ્ચે આવેલી વિટાવા ખાડીમાં પડી ગયો હોવાનો બનાવ નોંધાયો હતો. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે થાણે જિલ્લાના કલવાના ઘોલાઈ નગરમાં રહેતો ૧૯ વર્ષનો આકાશ શર્મા ગુરુવારે બપોરના મુલુંડથી કલવા ટ્રેનમાં આવી રહ્યો હતો. આકાશ ટ્રેનમાં દરવાજા પાસે ઊભો હતો. બપોરના લગભગ એક વાગ્યાની આસપાસ તે બેલેન્સ ચૂકી જતા મુલુંડથી કલવા વચ્ચે ચાલતી ટ્રેનમાંથી વિટાવા ખાડીમાં પડી ગયો હતો. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડ, પોલીસ સહિત ડિઝાસ્ટર કંટ્રોલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક માછીમારોની બે બોટની મદદથી આકાશને શોધવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સાંજે ૬.૧૫ લગભગ ત્રણ કલાકના સર્ચ ઓપરેશન બાદ અંધારાને કારણે ખાડીના પાણીમાં તેને શોધવાનું મુશ્કેલ થઈ ગયું હતું. તેથી સર્ચ ઓપરેશનને રોકી દેવામાં આવ્યું હતું અને હવે શુક્રવારે વહેલી સવારથી ફરી રેસ્ક્યુ ઓપરેશન ચાલુ કરવામાં આવશે એવું યાસીન તડવીએ જણાવ્યું હતું. ■

# મીરા-ભાયંદરના વોર્ડ રચનાની જાહેરાતઃ ૨૪ વોર્ડમાં ૯૫ કોર્પોરેટરો

## વાંધાઓ નોંધાવવા અંતિમ તારીખ ૧૫ સપ્ટેમ્બર

ભાયંદરઃ ચૂંટણી પંચની મંજૂરી બાદ આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ રચના જાહેર કરવામાં આવી છે.

કોર્ટે રાજ્યમાં ઘણા સમયથી રખડી પડેલી નગરપાલિકાની ચૂંટણીઓ યોજવાનો રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે. તે મુજબ મહાનગરપાલિકાને વોર્ડ રચના અને અન્ય તૈયારીઓ પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી છે. આ અનુસંધાનમાં મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે વોર્ડ માળખું તૈયાર કર્યું હતું અને તેને રાજ્ય સરકાર દ્વારા અંતિમ મંજૂરી માટે ચૂંટણી પંચને સુપરત કર્યું હતું. ચૂંટણી પંચે બુધવારે આ વોર્ડ માળખાને મંજૂરી આપી હતી. તેથી વહીવટીતંત્રે હવે આ વોર્ડ માળખું પ્રકાશિત કર્યું છે. જાહેર કરાયેલ માળખા મુજબ ૨૪ વોર્ડમાં ૯૫ કોર્પોરેટરો હશે.

આગામી મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે કરવાની હોવાથી પહેલાની જેમ ચાર સભ્યોની વોર્ડ સિસ્ટમ અને કોર્પોરેટરોની સંખ્યા ૯૫ રહેશે. ગયા વખતે ૨૪ માંથી ૨૩ વોર્ડમાં ચાર સભ્યો હતા અને એક ઉત્તન વોર્ડમાં ત્રણ સભ્યો હતા. નગરપાલિકાએ કહ્યું છે કે આ વખતે પણ એ જ માળખું રહેશે. મહાનગરપાલિકાએ વાંધા અને સૂચનો મંગાવવા માટે તેની એક નકલ મ્યુનિસિપલ મુખ્યાલય અને તમામ વોર્ડ કચેરીઓમાં ઉપલબ્ધ કરાવી છે. તે મ્યુનિસિપલ વેબસાઇટ પર પણ ઉપલબ્ધ રહેશે. નાગરિકો ૧૫ સપ્ટેમ્બર સુધી આ અંગે વાંધા અને સૂચનો નોંધાવી શકશે. ■

# ૧૭ સપ્ટેમ્બરથી બે ઓક્ટોબર સુધી 'રાષ્ટ્રપિતાથી રાષ્ટ્રનેતા' સેવા પખવાડિયું

## દરેક ખેડૂતોના ખેતર સુધી જતા રસ્તા બનાવવામાં આવશેઃ બાવનકુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસથી મહાત્મા ગાંધીની જન્મજયંતિ સુધી, એટલે કે ૧૭ સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર સુધી, રાષ્ટ્રપિતાથી રાષ્ટ્ર નેતા સેવા પખવાડિયા' છત્રપતિ શિવાજી મહારાજ મહારાજસ્વ અભિયાન હેઠળ ઉજવવામાં આવશે, એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે અહીં જણાવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન વિવિધ જાહેર સેવા કાર્યક્રમો લાગુ કરવામાં આવશે અને મહેસૂલ વિભાગે ખાસ કરીને ખેડૂતો અને જરૂરિયાતમંદો માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. આ રાજ્યવ્યાપી અભિયાન પુણેમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં શરૂ કરવામાં આવશે. આ પખવાડિયાના પ્રથમ પાંચ દિવસ (૧૭ થી ૨૨ સપ્ટેમ્બર) ખેડૂતોને તેમના ખેતરો સુધી પહોંચતા રસ્તાઓ અને શિવ-પાનંદ રસ્તાઓ બનાવીને આપવામાં આવશે. આ રસ્તાઓનું મહેસૂલ વિભાગ દ્વારા માપણી કરવામાં આવશે અને તેમના પરના અતિક્રમણો દૂર કરવામાં આવશે. આ અભિયાનમાં સૌથી મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય એ છે કે હવે ખેડૂતોના ખેતરો તરફ જતા દરેક રસ્તાને નંબર આપવામાં આવશે. આનાથી રસ્તાઓની ઓળખ નક્કી થશે અને ભવિષ્યમાં તેમને સત્તાવાર દરજ્જો મળશે, એમ બાવનકુળેએ જણાવ્યું હતું. મહેસૂલ વિભાગ ૨૨ થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન એવા લોકો માટે એક ખાસ ઝુંબેશ ચલાવશે જેમણે ૨૦૧૧ પહેલા મકાનો બનાવીને સરકારી જમીનો પર અતિક્રમણ કર્યું છે. આ જમીનોની માપણી કરવાની અને તેમને કાયદેસર ભાડાપટ્ટો વહેંચવાની યોજના છે. આ સમયગાળા દરમિયાન, જમાબંધી કમિશનરો દ્વારા પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા પર પણ ભાર મૂકવામાં આવશે. ■

### ૫૦ લાખ લોકોને લાભ થશે

આ પખવાડિયામાં, ફક્ત પુણેમાં જ નહીં, પરંતુ વર્ધા જિલ્લાના પવનાર અને નાશિક વિભાગોમાં પણ ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. બધા પાલક પ્રધાનો પોતપોતાના જિલ્લાઓમાં આ કાર્યક્રમો શરૂ કરશે. ચંદ્રશેખર બાવનકુળેએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ૧૫ દિવસના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ૫૦ લાખ લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળશે.

# લાલબાગ ચા રાજાના દર્શને વડોદરાથી નીકળેલી કારને અકસ્માતઃ ગુજરાતીનું મોત

## મીરા રોડ નજીક ટ્રક સાથે કાર ભટકાઈઃ પાંચ યુવતી જખમી

મુંબઈઃ લાલબાગ ચા રાજાના દર્શન કરવા માટે વડોદરાથી નીકળેલી કારને મીરા રોડ નજીક નડેલા અકસ્માતમાં ગુજરાતી યુવાનનું મૃત્યુ થયું હતું, જ્યારે પાંચ યુવતી જખમી થઈ હતી. અકસ્માતને પગલે ડ્રાઈવરે ઊભી રાખેલી ટ્રક સાથે પૂરપાટ વેગે આવેલી કાર ભટકાઈ હતી.

નાયગાંવ પોલીસના જણાવ્યા મુજબ બુધવારની સાંજે સાત વાગ્યાની આસપાસ મીરા રોડ નજીકની ફાઉન્ટન ઈન હોટેલ સામે બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા યુવાનની ઓળખ હિતેશ પટેલ (૩૨) તરીકે થઈ હતી. કાર ચિરાગ પટેલ (૩૨) ચલાવતો હતો અને તેની બાજુની સીટ પર હિતેશ બેઠો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર વડોદરામાં રહેતા ચિરાગ અને હિતેશ પાંચ યુવતી દામિની પ્રજાપતિ (૨૮), જૈવિની રાણા (૨૫), મેઘા શાલેકર (૨૮), નિરાલી શર્મા (૨૭) અને અંતિમા શર્મા (૨૫) સાથે બુધવારની સવારે કારમાં મુંબઈ આવવા નીકળ્યા હતા. પાંચેય યુવતી કારની પાછલી સીટ પર ગોઠવાઈ હતી. કહેવાય છે કે ઘટનાસ્થળે ટ્રકને અકસ્માત નડ્યો હતો, જેને પગલે ડ્રાઈવર સૂર્યબલી તિવારી (૫૮)એ ટ્રક રસ્તાને કિનારે પાર્ક કરવાને બદલે ત્રીજી લેનમાં ઊભી રાખી હતી. એ જ સમયે વડોદરાથી પૂરપાટ વેગે આવેલી કારના ડ્રાઈવર ચિરાગનો સ્ટિયરિંગ પર કાબૂ રહ્યો નહોતો. તેણે કારની બ્રેક લગાવી હતી, પરંતુ કાર ટ્રક પર ધસી ગઈ હતી. અકસ્માત પહેલાં જ ચિરાગ કારમાંથી બહાર કૂદી ગયો હોવાનું કહેવાય છે. પછી કાર ટ્રક સાથે ભટકાઈ હતી. ડ્રાઈવર તિવારીએ ટ્રકની પાર્કિંગ લાઈટ તેમ જ ઈન્ડિકેટર સિગ્નલ ચાલુ રાખ્યું નહોતું, જેને કારણે ચિરાગને ટ્રક દેખાઈ નહોતી. ■

# વિસર્જન પહેલા ખાડા પૂરી દેવામાં આવશેઃ સુધરાઈની ખાતરી

## રસ્તા પર હજી પણ ૬૦૦થી વધુ ખાડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અનંત ચતુર્દશીના મુંબઈમાં મોટી સંખ્યામાં ગણેશમૂર્તિના વિસર્જન થશે ત્યારે મુંબઈના રસ્તા પર હજી પણ ૬૦૦થી વધુ ખાડાઓ છે. ગુરુવારના એક જ દિવસમાં રસ્તા પર નવા ૭૯ ખાડાઓ મળી આવ્યા હતા. નાગરિકોની ફરિયાદને પગલે જ રસ્તા પર ખાડા પૂરી દેવામાં આવ્યા હતા ત્યાં ૧૦૫ જગ્યાએ ફરી ખાડા પડી ગયા છે. આવતી કાલે મોટી ગણેશમૂર્તિઓને વિસર્જન દરમ્યાન કોઈ અવરોધ નિર્માણ ન થાય તેની ચિંતા ગણેશમંડળોને સતાવી રહી છે ત્યારે વોર્ડ સ્તરે અધિકારીઓને તેમના વિસ્તારમાં સતત નજર રાખીને ખાડાઓને શોધી કાઢીને તાત્કાલિક ધોરણે તેને પૂરી દેવાની સૂચના આપવામાં આવી હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકાના રોડ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે વોર્ડ સ્તરે રોડ એન્જિનિયરોને તેમના વિસ્તારમાં નજર રાખવાની અને અનંત ચતુર્દશીના પહેલા તમામ ખાડાઓ પૂરી દેવાની સૂચના આપવામાં આવી હતી. વરસાદની ગેરહાજરી કારણે ખાડા પૂરવાનું કામ ઝડપી બન્યું છે અને તેની સંખ્યામાં ઘટાડો થયો છે. વિસર્જન પહેલા તમામ રસ્તા પરના ખાડઓને પૂરી દેવામાં આવશે અને ગણેશમંડળોને કોઈ મુશ્કેલી નહીં થાય એની પૂરતી કાળજી લેવામાં આવશે.

મુંબઈના રસ્તા ૧૩,૦૦૦થી વધુ ખાડા પડ્યા હતા, તેમાંથી અત્યાર સુધી ૧૨,૦૦૦થી વધુ ખાડા પૂરી દેવામાં આવ્યા છે. મુખ્યત્વે ભાંડુપ, ઘાટકોપર, સાયન, કુર્લા, અંધેરી, બાન્દ્રા, પરેલ, કલિના-કુર્લા, ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, બોરીવલી, મલાડ અને ગોરેગામમાં ખાડાનું પ્રમાણ વધુ હતું. રસ્તા પર પડનારા ખાડાઓનું સમારકામ તાત્કાલિક થાય તે માટે પાલિકાએ 'પૉટહોલ ક્વિકફિક્સ મોબાઈલ ઍપ' શરૂ કરી છે. મોટાભાગની ફરિયાદ આ ઍપ દ્વારા નાગરિકો દ્વારા કરવામાં આવી રહી છે અને તેની તાત્કાલિક નોંધ લઈને ખાડાઓને પૂરવાનું કામ કરવામાં આવી રહ્યું છે.

પાલિકાની વેબસાઈટ મુજબ નાગરિકો તરફથી પાલિકાને છેલ્લાં ત્રણ મહિનામાં ૧૩,૪૫૪ ફરિયાદ આવી હતી, તેમાંથી ૧૨,૮૪૨ ફરિયાદનું નિરાકરણ લાવી દેવામાં આવ્યું છે. જોકે હજી પણ મુંબઈના રસ્તાઓ પર ૬૧૨થી વધુ ખાડાઓ પડ્યા છે. બુધવારના ચાર સપ્ટેમ્બરના જ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ખાડાની ૭૪ જેટલી ફરિયાદ નોંધાઈ હતી. તો ચાર દિવસમાં ખાડાઓની ૪૨૧ ફરિયાદ નોંધાઈ છે.

પાલિકાના દાવા મુજબ ૧૩,૪૫૪ ખાડાઓની ફરિયાદમાંથી ૧,૦૧૧ ખાડા મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની નહીં પણ અન્ય એૅજેન્સીના તાબામાં રહેલા રસ્તાઓ પર પડયા હતા. મુંબઈમાં સૌથી વધુ ખાડા ભાંડુપમાં ૨,૦૭૫ અને એ બાદ ઘાટકોપરમાં ૧,૨૯૫ ખાડાની ફરિયાદ નોંધાઈ હતી. ■

પનવેલમાં ૧૦ કલાકનો હાઈ ડ્રામા

# હત્યાકેસના આરોપીએ મિલકત વિવાદમાં પોતાના જ પરિવારજનોને બંધક બનાવ્યા

## બચાવવા આવેલા ચાર પોલીસ કર્મચારી હુમલામાં થયા ઘાયલ

મુંબઈઃ જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ હત્યાકેસના આરોપીએ મિલકતના વિવાદમાં પોતાના જ પરિવારજનોને બંધક બનાવ્યા હોવાની ઘટના પનવેલ વિસ્તારમાં બની હતી. બંધકોને છોડાવવા માટે આવેલી પોલીસ ટીમ પર આરોપીએ કુહાડી અને કોયતાથી હુમલો કરતાં ચાર પોલીસ કર્મચારી ઘાયલ થયા હતા. આરોપીએ પોતાની સગીર ભત્રીજીના ગળા પર દાતરડું રાખીને પોલીસકર્મીઓને ધમકાવ્યા પણ હતા. રાતે ૧૦ વાગ્યે શરૂ થયેલું રેસ્ક્યુ ઑપરેશન બીજે દિવસે વહેલી સવારના છ વાગ્યે પૂરું થયું હતું. પોલીસ ટીમે આરોપીને વહેલી સવારે ઝડપી પાડીને બંધકોનો છુટકારો કરાવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

રાયગડ જિલ્લાના જૂના પનવેલમાં ગોડસે અલી વિસ્તારમાં બુધવાર રાતથી ગુરુવારે વહેલી સવાર દરમિયાન આ ઘટના બની હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૨, પનવે) પ્રશાંત મોહિતેએ કહ્યું હતું કે પનવેલ વિસ્તારમાં મંગલા નિવાસ ઇમારતમાં રહેનારા ભાઇના ઘરે બુધવારે રાતે ૮.૩૦ વાગ્યે આરોપી સોબન બાબુલાલ મહાતો (૩૫) કુહાડી અને દાતરડું લઇ ઘૂસીને આવ્યો હતો. આરોપીએ બાદમાં તેનાં માતા-પિતા, ભાઇ, ભાઇના ત્રણ સંતાનને બંધક બનાવ્યાં હતાં. દરમિયાન બનાવની જાણ પનવેલ શહેર પોલીસને કરાતાં અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે આરોપી સોબનને સમજાવીને શરણે આવવા માટે કહ્યું હતું, પણ તે માન્યો નહોતો. ઘટનાની ગંભીરતાને જોતા ત્યાં વધારાની પોલીસ કુમક બોલાવવી પડી હતી અને બંધકોને છોડાવવાનો પ્રયાસ કરતી વખતે પોલીસ કર્મચારીઓ પર આરોપીએ કુહાડી અને દાતરડાથી હુમલો કર્યો હતો, જેમાં કોન્સ્ટેબલ રવીન્દ્ર પારધી, માધવ શેવાળે તેમ જ સાઇનાથ મોકળને ગંભીર ઇજા પહોંચી હતી. ■

# ઓબીસીને અન્યાય થયો હોય તો ભુજબળે રાજીનામું આપી દેવું જોઈએઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે કહ્યું હતું કે મરાઠા આરક્ષણ અંગેના રાજ્ય સરકારના નિર્ણયથી અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને અન્યાય થયો છે એવું જો નારાજ થયેલા પ્રધાન છગન ભુજબળ માનતા હોય તો સ્વાભિમાન જાળવવા અને નૈતિક ધોરણે તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ પડકાર ઊભો કરવા મરાઠા અનામત અંગે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવાનો આરોપ રાઉતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર કર્યો હતો.

અનામત અંગે સરકારે મોટાભાગની માગણીઓ સ્વીકારી લેતા. આંદોલનકારી મનોજ જરાંગેએ મંગળવારે મરાઠા અનામત મુદ્દે મુંબઇમાં પાંચ દિવસ ચાલેલી ભૂખ હડતાળ પાછી ખેંચી લીધી હતી. સરકારે પાત્ર મરાઠાઓને કુણબી (ઓબીસી) જાતિના સર્ટિફિકેટો આપવા અંગે જીઆર (સરકારી ઠરાવ) પણ બહાર પાડ્યો હતો.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે દાવો કર્યો હતો કે ઓબીસીના અગ્રણી નેતા ભુજબળે સ્વીકાર્યું છે કે તેમના સમુદાય સાથે અન્યાય થયો છે અને જેણે અન્યાય કર્યો છે એવા મુખ્ય પ્રધાનના હાથ નીચે તેઓ હજુ પણ કામ કરી રહ્યા છે.

ડેપ્યુટી સીએમ શિંદેનું નામ લીધા વિના આકરા પ્રહારો કરતાં રાઉતે એવો પણ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકારના કેટલાક તત્ત્વો ઈચ્છતા હતા કે જરાંગે ભૂખ હડતાળ પાછી ખેંચી ન લે અને ફડણવીસ સરકારે મુશ્કેલીમાં મુકાઈ જાય. (પીટીઆઈ)■

# ૨૦૨૨ના હિટ એન્ડ રન કેસની તપાસમાં ઉદાસીનતા, હાઇ કોર્ટે મુંબઇ પોલીસની ઝાટકણી કાઢી

મુંબઈઃ ત્રણ વર્ષ પહેલાં હિટ એન્ડ રનની ઘટનામાં એક વ્યક્તિના મૃત્યુના કેસની તપાસમાં ઉદાસીનતા દેખાડવા બદલ બોમ્બે હાઇ કોર્ટે મુંબઈ પોલીસની આકરી ઝાટકણી કાઢી કહ્યું છે કે પોલીસ અપેક્ષા અનુસાર કામ કરવામાં ઉણી ઉતરી છે.

તપાસમાં પોલીસે ઢીલ રાખી હતી અને અદાલતે દરમિયાનગીરી કર્યા પછી જ તપાસે વેગ પકડ્યો હતો એમ ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અનખડની ખંડપીઠે બુધવારે તેના ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું.

કેસની સુનાવણીમાં ઝડપ કરવા અને ખટલો એક વર્ષમાં પૂર્ણ કરવા નિર્દેશ આપી અદાલતે જણાવ્યું હતું કે તપાસ અધિકારીને જવાબદાર ઠેરવવા જ જોઇએ કારણ કે તેમનું વર્તન આઘાતજનક હતું અને નિંદનીય છે.

૨૦ વર્ષની પીડિતાની માતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપવામાં આવ્યો હતો. આ કેસની તપાસમાં પોલીસની નિષ્ક્રિયતા અને કેસમાં સંડોવાયેલી ટ્રક અને તેના ડ્રાઇવરની હજી સુધી ભાળ મળી નથી એવો આરોપ અરજીમાં મુકવામાં આવ્યો હતો. અરજી અનુસાર ઓગસ્ટ ૨૦૨૨માં મુંબઈ ઉપનગરમાં આવેલા મલાડ વિસ્તારમાં એક ઝડપી ટ્રકે સ્કૂટરને ટક્કર મારતા માતાના પુત્રનું મૃત્યુ થયું હતું.અદાલતે ડિરેક્ટર જનરલ ઓફ પોલીસને ફરજમાં બેદરકારી અને ખામીયુક્ત તપાસ માટે સંબંધિત પોલીસ અધિકારી સામે ખાતાકીય તપાસ શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો.

હાઈ કોર્ટે ટ્રાયલ કોર્ટને સુનાવણી ઝડપી બનાવવા અને એક વર્ષમાં તેને સમાપ્ત કરવા નિર્દેશ પણ આપ્યો હતો. (પીટીઆઈ)■

# દાભોળકરના પુત્ર, પત્રકારો સામેના બદનક્ષીના દાવા મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કર્યા

મુંબઈઃ નરેન્દ્ર દાભોળકરના પુત્ર તેમજ કેટલાક પત્રકારો વિરુદ્ધ ગોવા સ્થિત સનાતન સંસ્થા દ્વારા આપવામાં આવેલી ધમકીની આશંકા વાજબી અને સાચી હોવાનું જણાવી બોમ્બે હાઇ કોર્ટે બદનક્ષીના દાવાઓને મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી હતી.

જમણેરી જૂથે ૨૦૧૭ અને ૨૦૧૮માં નરેન્દ્ર દાભોળકરના પુત્ર હામિદ અને કેટલાક અન્ય લેખકો સામે ગોવાના પોંડા ખાતેની કોર્ટમાં બદનક્ષીનો દાવો કર્યો હતો. હમીદ અને અન્યોએ સંગઠન વિરુદ્ધ ખોટા અને અપમાનજનક નિવેદનો કરી અને / અથવા પ્રકાશિત કરી તેમની પ્રતિષ્ઠાને બટ્ટો લગાડ્યો હતો એવો આરોપ આ દાવામાં કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ એન જે જમાદારની ખંડપીઠે ચોથી સપ્ટેમ્બરે ઉપલબ્ધ કરાવેલા તેના ત્રીજી સપ્ટેમ્બરના આદેશમાં, ન્યાયના હિતમાં પોંડા ખાતેની કોર્ટમાંથી આ બદનક્ષીના દાવાઓને મહારાષ્ટ્રમાં સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપી હતી. પોન્ડામાં સનાતન સંસ્થાનું વડું મથક છે.

ગોવામાં સનાતન સંસ્થાનો ગઢ હોવાથી જીવને જોખમ હોવાની આશંકા સાથે હામિદ દાભોળકર અને પત્રકારોએ માનહાનિના દાવાને પોંડા કોર્ટમાંથી મહારાષ્ટ્રની અન્ય કોઈપણ અદાલતમાં ટ્રાન્સફર કરવાની માગણી સાથે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીઓમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે જો તેમની સુનાવણી પોંડા ખાતે હાથ ધરવામાં આવશે તો દાભોળકર તેમજ કાર્યકર્તા ગોવિંદ પાનસરે, પ્રોફેસર એમ. એમ. કલબુર્ગી અને પત્રકાર ગૌરી લંકેશ જેવા અન્ય લોકોની જેવો તેમનો પણ અંત આવશે. આ તમામની અલગ અલગ ઘટનાઓમાં હત્યા કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિ જમાદારે ત્રીજી સપ્ટેમ્બરના આદેશમાં નોંધ્યું હતું કે જો સનાતન સંસ્થા અને અરજદારો વચ્ચેની દુશ્મનાવટને ધ્યાનમાં લેતા અરજદારોની આશંકા વાજબી અને સાચી છે. (પીટીઆઈ)■

# કસારા ઘાટમાં કારને નડેલા અકસ્માતમાં ત્રણનાં મોત

થાણેઃ મુંબઈ-નાશિક હાઈવે પરથી પૂરપાટ વેગે દોડતી કાર કસારા ઘાટમાં મોટા પથ્થર સાથે ટકરાતાં થયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવાને જીવ ગુમાવ્યા હતા, જ્યારે કારમાંથી કૂદી ગયેલો ડ્રાઈવર બચી ગયો હતો.

કસારા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુરેશ ગાવિતે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ કસાર ઘાટ પરિસરમાં એક હૉટેલ નજીક બની હતી. ડ્રાઈવર બેદરકારી અને તેજ ગતિથી કાર ચલાવી રહ્યો હતો. એક વળાંક પાસે અંદાજો ન રહેતાં કાર મોટી શિલા સાથે ટકરાઈ હતી.

કાર એટલી જોરથી ટકરાઈ હતી કે તેમાં હાજર ત્રણ યુવાનનાં મોત થયાં હતાં. મૃતકોની ઓળખ રિયાઝ હૈસ્યત અલી, અસદુલ્લાહ અને અફઝલ તરીકે થઈ હતી. ત્રણેય ૩૦થી ૩૫ વયના હોવાનું પોલીસનું કહેવું છે.

દરમિયાન અકસ્માત સમયે ડ્રાઈવર કારમાંથી બહાર કૂદી પડ્યો હતો અને ઘટનાસ્થળેથી પલાયન કરી ગયો હતો. બનાવની જાણ થતાં કસારા પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતકોનાં શબને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં. આ પ્રકરણે પોલીસે કાર ડ્રાઈવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરાર આરોપીની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ)■

# વેપારીની ૧૦ લાખની રોકડ પડાવવાના કેસમાં મહિલા પોલીસ સહિત ત્રણની ધરપકડ

મુંબઈઃ બાન્દ્રા રેલવે ટર્મિનસ પર પોલીસના સ્વાંગમાં મલાડના કાપડના વેપારીની ૧૦.૫ લાખની રોકડ તફડાવવાના કેસમાં મહિલા પોલીસ અધિકારી સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હતી.

વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે બાન્દ્રા રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર વિજયા નીલકંઠ ઈંગવલેની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી.

ગુનામાં મહિલા અધિકારીની સંડોવણી સામે આવતાં રેલવેના પોલીસ કમિશનરે બાન્દ્રા રેલવે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારે બાન્દ્રા ટર્મિનસ ખાતે બની હતી. અંધેરીમાં રહેતા ઝહીર અહમદે ફરિયાદી વિકાસ ગુપ્તાનો સંપર્ક સાધ્યો હતો. ઈલેક્ટ્રોનિકની વસ્તુઓની આયાતના વ્યવસાય માટે અહમદે મલાડમાં કાપડની દુકાન ધરાવતા ગુપ્તાને મનાવી લીધો હતો.

અહમદે તેના સાથીઓ સાથે કાવતરું ઘડીને સોમવારની સાંજે ગુપ્તાને ૧૦.૫ લાખ રૂપિયા લઈને બાન્દ્રા ટર્મિનસ બોલાવ્યો હતો. સ્ટેશન પર પોલીસના સ્વાંગમાં બે આરોપી નીલેશ દીપક કળસુલકર (૪૫) અને પ્રવીણ વેદનાથ શુક્લા (૩૨) ગુપ્તાને મળ્યા હતા. બન્ને જણે ગુપ્તા પાસેની બૅગ બાબતે તેની પૂછપરછ કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પોતે મલાડમાં કપડાંની દુકાન ધરાવતો હોવાથી કપડાં ખરીદવા માટે તે ગુજરાત જઈ રહ્યો હોવાનું ગુપ્તાએ કહ્યું હતું.

કપડાં ખરીદવાની રકમ બૅગમાં હોવાનો દાવો તેણે કર્યો હતો.

બૅગમાંની રોકડને લઈ બન્ને જણે ગુપ્તાને ધમકાવવા માંડ્યો હતો, જેને કારણે ગુપ્તા ડરી ગયો હતો. પછી બન્ને રોકડ ભરેલી બૅગ લઈને રફુચક્કર થઈ ગયા હતા. આ પ્રકરણે ગુપ્તાએ બાન્દ્રા રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી બાન્દ્રા ટર્મિનસ પર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે નીલેશ અને પ્રવીણને પકડી પાડ્યા હતા. બન્નેની પૂછપરછમાં મહિલા અધિકારીની ભૂમિકા સામે આવી હતી. (પીટીઆઈ)■

# થાણેથી નવી મુંબઈ એરપોર્ટ વચ્ચે એલિવેટેડ રોડ પર ટોલના ૩૬૫ રૂપિયા

મુંબઈઃ નવી મુંબઈમાં ટૂંક સમયમાં કાર્યરત થનારા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધી થાણેના રહેવાસીઓ આરામથી પહોંચી શકે તે માટે લગભગ ૬,૩૬૩ કરોડ રૂપિયાના ખર્ચે છ લેનનો એલિવેટેડ રોડ બનાવવામાં આવશે. આમ થાણેના રહેવાસીઓ ટ્રાફિકની ઝંઝટ વિના ઓછા સમયમાં એરપોર્ટ પહોંચી શકશે, પરંતુ તેમને એક તરફી મુસાફરી માટે ૩૬૫ રૂપિયાનો ટોલ ચૂકવવો પડશે. નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું બાંધકામ પૂર્ણ થવાના આરે છે અને એરપોર્ટ એક મહિનામાં કાર્યરત થવાની સંભાવના છે. થાણે, ડોમ્બિવલી, કલ્યાણ-અંબરનાથ-બદલાપુર, ભિવંડી, ભાયંદર વિસ્તારોના મુસાફરો આ એરપોર્ટનો વધુ ઉપયોગ કરે તેવી શક્યતા છે. જોકે હાલમાં નવી મુંબઈ-થાણે વિસ્તારમાં ટ્રાફિક જૅમની સમસ્યા ગંભીર છે. મુસાફરોને ટ્રાફિક જૅમમાંથી મુક્તિ આપવા માટે ગુરુવારે પ્રધાનમંડળની બેઠકમાં થાણેથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધી એલિવેટેડ રોડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અર્બન માસ ટ્રાન્ઝિટ કંપનીએ આ પ્રોજેક્ટ ડિઝાઇન કર્યો છે. ■

# કાંદાના ભાવ નિયંત્રણમાં રાખવા મુંબઈમાં વૅન દ્વારા રાહત દરે વેચાણ શરૂ

મુંબઈઃ કેન્દ્રએ ગુરુવારે દિલ્હી, મુંબઈ અને અમદાવાદમાં ૨૪ રૂપિયા પ્રતિ કિલોના સબસિડીવાળાભાવે કાંદાનું વેચાણ શરૂ કર્યું છે જેથી ગ્રાહકોને રાહત મળે. કેન્દ્ર સરકારની આ પહેલના ભાગ રૂપે, રાષ્ટ્રીય સહકારી ગ્રાહક સંઘે (એનસીસીએફ) ગુરુવારે મુંબઈમાં છૂટક ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે મોબાઇલ વૅન દ્વારા રાહત દરે ડુંગળીનું વેચાણ શરૂ કર્યું છે. આ વૅન મુંબઈના અલગ અલગ વિસ્તારોમાં ફરશે અને પ્રવર્તમાન બજાર ભાવ કરતા ઓછા ભાવે ડુંગળી વેચશે. એનસીસીએફના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ વૅન આવતા અઠવાડિયાથી આખા મુંબઈને આવરી લેશે અને કામકાજના દિવસોમાં ડુંગળીનું વેચાણ કરશે.

રાષ્ટ્રીય રાજધાનીમાં વેચાણ માટે મોબાઇલ વૅનને લીલી ઝંડી આપ્યા પછી કેન્દ્રીય ખાદ્ય પ્રધાન પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે બફર સ્ટોકમાંથી લગભગ ૨૫ ટન ડુંગળી આ શહેરોમાં સહકારી એજન્સીઓ - નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ), નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એનસીસીએફ) અને કેન્દ્રીય ભંડાર દ્વારા વેચવામાં આવશે. (પીટીઆઈ)■

## સ્પોર્ટ્સ

# મહિલા વન-ડે વર્લ્ડ કપની ટિકિટનો ભાવ માત્ર ૧૦૦ રૂપિયા



### શ્રેયા ઘોષલ ઓપનિંગમાં પર્ફોર્મ કરશે

નવી દિલ્હીઃ આગામી ૩૦મી સપ્ટેમ્બરે શરૂ થનારા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપના પ્રથમ તબક્કાની લીગ મૅચની પ્રત્યેક ટિકિટનો ભાવ ફક્ત ૧૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. બીજું, મહિનાના અંતે શરૂ થનારી આ સ્પર્ધાની ગુવાહાટી ખાતેની ઓપનિંગ સેરેમનીમાં ભારતીય સંગીતની આઇકૉનિક સિંગર શ્રેયા ઘોષલ પર્ફોર્મ કરશે.

આઇસીસીની અગાઉ કોઈ પણ ઇવેન્ટમાં ટિકિટનો ૧૦૦ રૂપિયા (અંદાજે ૧.૧૪ ડૉલર) જેટલો નીચો દર ક્યારેય નહોતો, પણ આ મહિલા વર્લ્ડ કપમાં એટલા ભાવ સાથે શરૂઆત કરીને નવું સીમાચિહ્ન નક્કી કરવામાં આવ્યું છે. આ નીચો ભાવ તમામ લીગ મૅચોને લાગુ પડશે. મહિલા ક્રિકેટને વધુ લોકપ્રિય કરવાના ધ્યેય સાથે મંગળવાર, નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા ટિકિટના વેચાણમાં ગૂગલ પે ક્રિકેટચાહકો માટે સરળ અને મહત્ત્વનું માધ્યમ બની રહેશે, એવું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું.

શ્રેયા ઘોષલના સ્વરે 'બ્રિંગ ઇટ હોમ' ટાઇટલ સાથેનું ટૂર્નામેન્ટ માટેનું ઍન્થેમ તૈયાર કરાયું છે અને હવે શ્રેયા ઓપનિંગમાં ગુવાહાટીના સ્ટેજ પર પર્ફોર્મ પણ કરશે. એ સાથે શ્રેયા, મ્યૂઝિક ટીમના કલાકારો અને શ્રેયાના ગીતોના તાલે ડાન્સ કરનાર પર્ફોર્મર્સ વિશાળ મંચ પરથી મહિલા ક્રિકેટ માટેના જોશ અને ઝનૂનને સમગ્ર ખેલજગતમાં ફેલાવશે. ■

# એશિયા કપ હૉકી: ભારતે મલયેશિયાને ૪-૧થી હરાવ્યું

રાજગીર (બિહાર)ઃ મેન્સ એશિયા કપ હૉકીમાં ભારતે ગુરુવારે મલયેશિયાને ૪-૧થી પરાજિત કરીને આ સ્પર્ધામાં અપરાજિત તરીકેની પ્રતિભા જાળવી રાખી હતી.

સુપર-ફોર રાઉન્ડમાં ભારત વતી મનદીપ સિંહ (૧૭મી મિનિટ), સુખજિત સિંહ (૧૯મી મિનિટ), શિલાનંદ લાકરા (૨૪મી મિનિટ) અને વિવેક સાગર પ્રસાદ (૩૮મી મિનિટ)એ એક-એક ગોલ કર્યો હતો. આ રાઉન્ડમાં ભારત ચાર પૉઇન્ટ સાથે મોખરે છે. હવે ભારતનો શનિવારે ચીન સામે સુપર-ફોરની અંતિમ મૅચમાં મુકાબલો થશે. ભારત લીગ રાઉન્ડમાં ત્રણેય મૅચ જીત્યું હતું, અને બુધવારે સુપર-ફોરની પ્રથમ મૅચ ભારતે ૨-૨થી ડ્રૉ કરાવી હતી. ■

### સટ્ટામાં સંડોવાયેલી ઍપ સાથે સંબંધ

# ધવન ઇડી સમક્ષ હાજર

નવી દિલ્હીઃ ભારતનો ભૂતપૂર્વ ઓપનર શિખર ધવન ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) સમક્ષ હાજર થયો હતો. ગેરકાયદેસર સટ્ટા સાથે સંકળાયેલી ઍપ સંબંધિત કેસમાં તેને બોલાવવામાં આવ્યો હતો. આ ઍપ્લિકેશન કાળાં નાણાંને ધોળાં બનાવવાની કથિત ગેરરીતિ સાથે સંકળાયેલી હોવાનું મનાય છે. ગયા મહિને આવા પ્રકારના કેસમાં ઇડીએ ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાની પૂછપરછ કરી હતી અને હવે શિખરને ઇડીનું તેડું આવ્યું છે.

શિખર ગુરુવારે સવારે ૧૧.૦૦ વાગ્યે મધ્ય દિલ્હીમાં ઇડીની ઑફિસમાં આવ્યો હતો. આ તપાસ સંસ્થાએ તેનાં નિવેદનો પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ રેકૉર્ડ કર્યા હતા. આ કેસ ગેરકાયદે સટ્ટા સંબંધિત વન-બાય-બેટ નામની ઍપને લગતો હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સ્પિનર અમિત મિશ્રાની નિવૃત્તિ

નવી દિલ્હીઃ ભારતના પીઢ લેગ-સ્પિનર અમિત મિશ્રાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. અઢી દાયકાની કારકિર્દીમાં ભારત વતી તે છેલ્લે ૨૦૧૭માં (આઠ વર્ષ પહેલાં) રમ્યો હતો. ૪૨ વર્ષનો મિશ્રા આઇપીએલમાં ૨૦૨૪ની સીઝન સુધી રમ્યો હતો. મિશ્રા હરિયાણાનો છે. તેણે જણાવ્યું હતું કે ' મેં રિટાયરમેન્ટનો નિર્ણય લઈ લીધો છે. હું વારંવાર ઈજાનો ભોગ બની રહ્યો છું અને યુવાન ખેલાડીઓ માટે માર્ગ મોકળો થઈ જવો જોઈએ એવું માનીને મેં નિવૃત્તિ લીધી છે. મિશ્રા ભારતીય ક્રિકેટમાં બહુ જાણીતું નામ છે, પણ એ ખ્યાતિની તુલનામાં તેના નામે આંતરરાષ્ટ્રીય મૅચો ઓછી છે. તે બાવીસ ટેસ્ટ, ૩૬ વન-ડે અને ૧૦ ટી-૨૦ રમ્યો હતો. તેણે ટેસ્ટ-ક્રિકેટમાં ૭૬ વિકેટ અને વન-ડે ફૉર્મેટમાં ૬૪ વિકેટ લીધી હતી. તેણે ટેસ્ટ સહિતની ૧૫૨ ફર્સ્ટ-ક્લાસ મૅચોમાં ૫૩૫ વિકેટ લીધી હતી. ■

# આઇપીએલની ટિકિટ મોંઘી થઈ, પણ આંતરરાષ્ટ્રીય મૅચ ઓછા ભાવે જોઈ શકાશે

### વિશ્વની સૌથી લોકપ્રિય ટી-૨૦ ટૂર્નામેન્ટની ટિકિટ પર ૪૦ ટકા જીએસટી, અન્ય મૅચો માટે ૧૮ ટકાનો દર

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે આઇપીએલની ટિકિટો પરનો ગૂડ્સ ઍન્ડ સર્વિસીઝ ટૅક્સ (જીએસટી) ૨૮ ટકાથી વધારીને ૪૦ ટકા કર્યો એને કારણે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની મૅચ સ્ટેડિયમમાં જઈને જોવાનું મોંઘું થઈ શકે. આઇપીએલની ટિકિટોના દર હવે જીએસટીના સર્વોચ્ચ વર્ગમાં આવી ગયા છે. આઇપીએલની ટિકિટોના દર હવે કૅસિનો, રેસ ક્લબની હરોળમાં આવી ગયા છે.

ઉદાહરણ તરીકે, 'લક્ઝરી ગૂડ્સ' તરીકે ગણાવાની હોવાથી આઇપીએલની ટિકિટની મૂળ કિંમત ૧,૦૦૦ રૂપિયા હશે તો એનો ભાવ હવે ૧,૨૮૦થી ૧,૪૦૦ રૂપિયા થઈ જશે, એવું એક અહેવાલમાં જણાવાયું છે.

જોકે આંતરરાષ્ટ્રીય મૅચોની ટિકિટના દર ઘટી જશે. અગાઉ આ મૅચો પર આઇપીએલની ટિકિટો જેટલો ૨૮ ટકાનો જીએસટીનો દર લાગુ હતો. જોકે એ સ્લૅબ હવે નાબૂદ કરી નાખવામાં આવ્યો છે. ઇન્ટરનૅશનલ મૅચની ટિકિટને ૧૮ ટકાનો દર લાગુ પડશે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો (પીઆઇબી)ના છેલ્લામાં છેલ્લા સરક્યૂલર મુજબ આઇપીએલ સિવાયની અન્ય ક્રિકેટ મૅચો હવે 'માન્યતાપ્રાપ્ત ખેલકૂદની ઇવેન્ટ્સ' વર્ગમાં આવશે. એ મુજબ, ૫૦૦ રૂપિયાથી વધુ કિંમતની (આઇપીએલ સિવાયની) ક્રિકેટ મૅચની ટિકિટ પર ૧૮ ટકા જીએસટી લાગશે અને ૫૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ટિકિટને જીએસટીમાંથી મુક્તિ અપાઈ છે. એ જોતાં આંતરરાષ્ટ્રીય તેમ જ રાજ્યોના ક્રિકેટ ઍસોસિયેશનો દ્વારા યોજાતી ડોમેસ્ટિક મૅચો માટેની ટિકિટના ભાવ નજીકના ભવિષ્યમાં ઘટશે.

ઉદાહરણ તરીકે, આંતરરાષ્ટ્રીય મૅચની ટિકિટનો ભાવ ૧,૦૦૦ રૂપિયા છે તો પ્રેક્ષકને એ કરવેરા સહિત ૧,૨૮૦ રૂપિયામાં પડે છે. જોકે નવા ફેરફાર મુજબ આ ટિકિટનો ભાવ ઘટીને ૧,૧૮૦ થઈ જશે.

આ ફેરફાર આગામી બાવીસમી સપ્ટેમ્બરથી લાગુ પડશે. આ ફેરફાર ભારત અને શ્રીલંકામાં રમાનારા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપના એક અઠવાડિયા પહેલાં અમલી બનશે. ૩૦મી સપ્ટેમ્બરે શરૂ થનારા મહિલા વિશ્વ કપની ટિકિટોનું વેચાણ હજી શરૂ નથી કરાયું. ■

# ગુજરાતનું ટચૂકડું ગામ ચેસ જગતને ઘણા ગ્રેન્ડમાસ્ટર આપવા માગે છે

### બાલાસિનોર તાલુકાના ગામમાં અનેક ગરીબ બાળકોને કોચ સંદીપ ઉપાધ્યાય શતરંજની તાલીમ આપવા ઉપરાંત તેમને આર્થિક મદદ પણ કરે છે

બાલાસિનોરઃ ગુજરાતમાં મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલું ' રતુસિંહના મુવાડા' નામનું ગામ છે તો બહુ નાનું, પણ ત્યાંના કેટલાક બાળકોએ મેળવેલી સિદ્ધિ જાણશો તો ચોંકી જશો. આ ટચૂકડું ગામ જ્યાંના ઓછી અવરજવરવાળા રૂટ પર લોકો રાજ્ય પરિવહન (એસ. ટી.) બસની સેવાથી પણ વંચિત છે ત્યાંના આ બાળકો પોતાના ગામને ખેલકૂદમાં અનેરું ગૌરવ અપાવી રહ્યા છે.

રતુસિંહના મુવાડા ગામમાં માંડ ૧૦૦ જેટલા ઘર છે, પણ આ ગામે રાજ્ય-સ્તરે ચેસના છ ચૅમ્પિયન આપ્યા છે. આ છ ભૂલકાં વૈશ્વિક ફલક પર પ્રતિષ્ઠિત ઇન્ટરનૅશનલ ચેસ ફેડરેશન (ફિડે) રૅન્કિંગ મેળવી ચૂક્યા છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર આ ગામની પ્રખ્યાત સરકારી પ્રાયમરી સ્કૂલ આવેલી છે જ્યાંના ટીચર સંદીપ ઉપાધ્યાય શતરંજના આ બાળ-ચૅમ્પિયનોને સપનાં સાકાર કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે ૨૦૨૨થી માંડીને અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા બાળકોને ચેસની તાલીમ આપી છે જેમાંના મોટા ભાગના બાળકો સમાજના અત્યંત ગરીબ પરિવારોના છે.

ઉપાધ્યાય ૪૫ વર્ષના છે. તેઓ હાલમાં કે. જી. (કિન્ડરગાર્ટન)થી માંડીને આઠમા ધોરણ સુધીના ૧૦૦ જેટલા બાળકોને શતરંજની તાલીમ આપી રહ્યા છે. આમાંના ૭૦ બાળકો એવા છે જેમણે કિંગ, ક્વીન, રૂક, નાઇટ અને અન્ય મ્હોરાંની ચાલ કેટલા ખાનાંની હોય તથા



કઈ દિશાની હોય એ બરાબર શીખી લીધું છે.

ખુદ સંદીપ ઉપાધ્યાય બાળપણથી બહુ સારું ચેસ રમી જાણે છે. ૨૦૨૧ની સાલમાં તેમણે પ્રોત્સાહન આપતા એક પ્રવક્તાનું પુસ્તક વાંચ્યું હતું ત્યારથી તેમણે નક્કી કર્યું હતું કે તેઓ સ્કૂલના બાળકોનું જીવન બદલી નાખશે. ઉપાધ્યાયે પીટીઆઇ સાથેની મુલાકાતમાં કહ્યું, 'આ ગામ એટલું બધુ દૂર આવેલું છે જ્યાં એસ. ટી. બસ પણ નથી આવતી.'

આ નાનકડા ગામમાં ચેસ શીખી રહેલા મોટા ભાગના બાળકો ગરીબ ખેડૂતોના પરિવારના છે. આ બાળકો ચેસની કિટ ખરીદી શકે એવી સ્થિતિમાં પણ નથી, પરંતુ પચીસ વર્ષથી આ પ્રાથમિક શાળા સાથે જોડાયેલા ઉપાધ્યાય પીટીઆઇને કહે છે, 'મેં મારા પગારનો સારો એવો હિસ્સો આ બાળકો માટેના ચેસબોર્ડ, પુસ્તકો તથા ઘડિયાળ ખરીદવા માટે ઉપયોગમાં લીધો છે. જોકે તેમને એક કંપનીને સપોર્ટ પણ મળ્યો છે.' 'ગરીબીને કારણે કોઈ બાળક ટૂર્નામેન્ટમાં ભાગ લેવાનું ચૂકી ન જાય એ માટે ઉપાધ્યાય ઘણી વાર પોતાના આ ગરીબ વિદ્યાર્થીઓના પ્રવાસ તથા રજિસ્ટ્રેશનની ફીનો ખર્ચ પણ ઉઠાવે છે.

ચેસ જગતમાં ભારત હાલમાં સર્વોચ્ચ સ્થાને છે. વિશ્વનાથન આનંદ બાદ હવે ૧૯ વર્ષનો ડી. ગુકેશ વર્લ્ડ ચૅમ્પિયન છે. મહિલાઓમાં નાગપુરની ૧૯ વર્ષની દિવ્યા દેશમુખ તાજેતરમાં જ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બની હતી. સંદીપ ઉપાધ્યાય કહે છે, ' હું ઘણી વાર મારા વિદ્યાર્થીઓને ડી. ગુકેશ તથા દિવ્યા દેશમુખ તેમ જ મૅગ્નસ કાર્લસનના વીડિયો બતાવીને તેઓ ચેસબોર્ડ પર કેવા પ્રકારની સફળ ચાલ ચાલ્યા એ યાદ રાખવાની સલાહ આપું છું.'

ટીચર સંદીપ ઉપાધ્યાયની મહેનત લેખે લાગી રહી છે, કારણકે તેમના ૧૪ વિદ્યાર્થી ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (ડીએલએસએસ) સ્કિમ હેઠળ સિલેક્ટ થયા છે. તેમને વડોદરા તથા બોટાદની સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં સરકાર તેમને ૧૨મા ધોરણ સુધી વિના મૂલ્યે ચેસની વધુ તાલીમ તેમ જ શિક્ષણ અપાવશે.

ઉપાધ્યાય ગર્વથી કહે છે, ' અમારા છ સ્ટૂડન્ટ ફિડે રૅન્કિંગ મેળવી ચૂક્યા છે. આ વર્ષના માર્ચમાં અમારી સ્કૂલની વિદ્યાર્થિનીઓ અમદાવાદની આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે આયોજિત સ્પર્ધાઓમાં ઝળકી હતી. મારા વિદ્યાર્થીઓ હજી રાષ્ટ્રીય સ્તરે નથી ઝળક્યા. જોકે મને ખાતરી છે, તેઓ જરૂર ઝળકશે. ગ્રામ્ય ગુજરાતમાંથી ચેસના ૫૦ ગ્રૅન્ડમાસ્ટર અને ૧૦ વર્લ્ડ ચૅમ્પિયન અપાવવાનો મારો ધ્યેય છે.' ■

## પશ્ચિમ રેલવે વીકલી સ્પેશિયલ ટ્રેન દોડાવશે બાંદ્રા ટર્મિનસ ⇌ ભગત કી કોઠી વચ્ચે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૪૮૨૮ | બાંદ્રા ટર્મિનસ– ભગત કી કોઠી | ૨૮.૦૯.૨૦૨૫થી ૨૮.૧૨.૨૦૨૫ | ૧૦.૩૦ ક. (રવિવાર) | ૦૪.૩૦ ક. (બીજા દિવસે) |
| ૦૪૮૨૭ | ભગત કી કોઠી – બાંદ્રા ટર્મિનસ | ૨૭.૦૯.૨૦૨૫થી ૨૭.૧૨.૨૦૨૫ | ૧૧.૩૦ ક. (શનિવાર) | ૦૭.૨૫ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, વાપી, સૂરત, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, જવાઈ બંધ, ફાલના, રાની, મારવાર, પાલી મારવાર અને લુણી સ્ટેશન બંને દિશામાં.

**સંરચનાઃ** AC ૨ - ટિઅર, AC ૩ - ટિઅર, AC ૩ - ટિઅર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીઝ.

સમય, વિરામ સ્થાનો અને સંરચનાની વધુ વિસ્તૃત માહિતી માટે યાત્રીઓ કૃપયા www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

ટ્રેન નં. ૦૪૮૨૮નું બુકિંગ ૦૬.૦૯.૨૦૨૫થી બધા PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા સાથે વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો : Instagram/WesternRly

બધી આરક્ષિત ટીકીટો માટે કૃપયા ઓરીજીનલ ID પ્રૂફ સાથે રાખો.


### નફારૂપી વેચવાલીએ વૈશ્વિક સોનું વિક્રમ સપાટીએથી પાછું ફર્યું

# રૂપિયો નબળો પડતાં સ્થાનિક સોનામાં ₹ ૭૬નો અને ચાંદીમાં ₹ ૧૩નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ હેઠળ ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કોમેક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને નવી ઊંચી ઔંસદીઠ ૩૫૭૮.૫૦ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલી નીકળતા પીછેહઠ જોવા મળી હતી. તેમ જ ગઈકાલે ચાંદીના ભાવ સપ્ટેમ્બર, ૨૦૧૧ પછીની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં ઘટી આવ્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હતી.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫થી ૭૬નો ઘસરકો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૩ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧,૨૩,૨૦૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઊંચા મથાળેથી જૂના સોનામાં વેચવાલીના દબાણ સામે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની શુષ્ક માગ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫ ઘટીને રૂ. ૧,૦૫,૫૨૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬ ઘટીને રૂ. ૧,૦૫,૯૪૫ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં ભાવ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૫૪૧.૭૮ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકાના ઘટાડા સાથે ૩૬૦૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીમાં પણ ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીનું દબાણ વધતા ભાવ ૦.૬ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૦.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જો સુપ્રીમ કોર્ટનો ચુકાદો ટેરિફની વિરુદ્ધમાં આવશે તો યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા તથા અન્ય દેશો સાથે થયેલી ટ્રેડ ડીલ રદ કરવી પડશે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સુધારો**

ટેન્ડર નોટીસ નં.: SG-૨૧૬-૨-૧૩૫- WA.
કામનું નામઃ હાલનુંઃ મુંબઈ ડીવીઝન (WR)માં સુરત વિભાગના ટ્રેક બાજુના સંવેદનશીલ સ્થાનો ખાતે દેખરેખ માટે સોલાર સીસ્ટમ સાથે CCTV કેમેરાઓનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનીંગ. આ રીતે વાંચવુંઃ ત્રણ વર્ષની વોરંટીની સમાપ્તિ પછી પાંચ વર્ષ માટે CAMC સાથે મુંબઈ ડીવીઝન (WR)માં સુરત વિભાગના ટ્રેક બાજુના સંવેદનશીલ સ્થાનો ખાતે દેખરેખ માટે સોલાર સીસ્ટમ સાથે CCTV કેમેરાઓનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનીંગ. બાકીના બીજા બધા નિયમો અને શરતો યથાવત્ રહે છે.
0570
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે, અમો તેના માસિક ભાડૂઆતો હોવાનો દાવો કરતા વિવિધ વ્યક્તિઓના ભોગવટાને આધીન, તેની પર ઉભેલ માતુશ્રી દમયંતીબેન દેવજી સાંગોઈ ચેરિટેબલ ટ્રસ્ટ કમ્પાઉન્ડ તરીકે જાણીતી બિલ્ડીંગ અને સ્ટ્રકચર્સ સાથે ભરતમાં ૨૧૯૮.૧૭ ચો.મી. પરેલ-સિવરી ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૩૫ (નવો સર્વે નં. ૨૦૫૮) ધરાવતી જમીનમાં નોંધણી નં. PTR નં. E-૨૫૨૧૭(M) હેઠળ મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલ એક ચેરિટેબલ ટ્રસ્ટ, માતુશ્રી દમયંતિબેન દેવજી સાંગોઈ (કચ્છ કપાયાવાળા) ચેરિટેબલ ટ્રસ્ટના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ જે સદર જમીન કે તેના કોઈપણ ભાગમાં કે તે અંગે વેચાણ, અદલાબદલી, ટ્રાન્સફર, ગીરો, ભેટ, ટેનાન્સી, લીવ એન્ડ લાયસન્સ, ટ્રસ્ટ, વારસો, કબજો, બિકવેસ્ટ, ઇઝમેન્ટ, લીઝ, સબ-લીઝ, રાઈટ ઓફ વે, હાઈપોથિકેશન, ચાર્જ, લીઅન, એસાઈમેન્ટ, જાળવણી અથવા બીજી કોઈ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણી ધરાવતા હોય અથવા જેઓ સદર જમીનના સંબંધિત ટાઈટલના કોઈપણ અસલ દસ્તાવેજોના કબજામાં હોય અથવા આવા કબજાને કારણે કોઈપણ હક્કનો દાવો કરતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ અમને લેખિતમાં વિન્ડસર ચેમ્બર્સ, ૧લો માળ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ તારીખથી ૧૦ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, અમે ધારીશું કે સદર જમીનો પર/તેના પર કોઈના પણ કોઈ બાકી દાવા કે માંગણીઓ નથી અને તદ્અનુસાર સદર જમીનોમાં અમારા અસીલોના ટાઈટલ પ્રમાણિત કરવા માટે આગળ વધીશું અને ઉપરોક્ત જણાવ્યા મુજબ કોઈપણના કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ, હિત કે માંગણી કે જેની અમોને જાણ કરાયેલ નથી તે ત્યજી દીધેલ, છોડી દીધેલ, જતા કરેલ અને/કે રીલીઝ કરેલ ગણાશે.

આજ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૫
સહી/-
**નારાયણન & નારાયણન**
એડવોકેટ્સ & સોલીસીટર્સ


## ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નરમ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સરકારે જીએસટીનાં દરમાં ફેરફાર કર્યા હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૦૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૯ અને ઉપરમાં ૮૭.૮૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૨ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના સુધારા સાથે ૮૮.૧૫ની નીચી સપાટીએથી પાછો ફર્યો હતો. એકંદરે આજે સત્રના આરંભે નીચા મથાળેથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલકુમાર ભણસાળીએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૦૨૬/ ૨૪ (EL). તા. ૦૧.૦૯.૨૦૨૫
IOT આધારિત બુદ્ધિશાળી ક્ષેત્ર ઉપકરણો
ટેન્ડર નં. DRM/RJT/EL/૨૦૨૫-૨૦૨૬/૨૪
કામનું નામઃ રાજકોટ ડિવિઝનઃ સ્ટ્રીટ લાઈટ, લિફ્ટ, એસ્કેલેટર, સબસ્ટેશન, પ્લેટફોર્મ, લાઈટિંગ (૩૦-૭૦% કોન્સેપ્ટ) અને પંપ ઓટોમેશન માટે IOT આધારિત બુદ્ધિશાળી ક્ષેત્ર ઉપકરણો. (IRNIYANTRAC) PH II.
અંદાજિત કિંમત : ₹ ૭,૪૫,૨૬,૨૧૨.૮૦
બારડી રકમ : ₹ ૫,૨૨,૬૦૦/-
ઓનલાઈન અરજી માટે તારીખ & સમય : ૦૧.૧૦.૨૦૨૫ના ૧૫.૦૦ ક. સુધી
ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧
વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in
RJT 108
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં.: Dy.Ch.E/O&M/eT-૨૯/SWD તા. ૦૪.૦૯.૨૦૨૫

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | eT-૨૯- BMCના શહેર વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ ડિસિલ્ટિંગ માટે પાવર બકેટ મશીન - (૦૪ પેર્સ)ની વ્યાપક ઓપરેશન અને જાળવણી માટે સર્વિસોની જોગવાઈ ટેન્ડર I.D. : ૨૦૨૫_MCGM_૧૨૧૫૧૩૫_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૦૪.૦૯.૨૦૨૫ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખ ૧૫.૦૯.૨૦૨૫ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |
| ઈ-મેલ સરનામું | aeomcity10.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિ. (O&M) મિકે SWD
PRO/1475/ADV./2025-26
પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# જીએસટીના ઝબકારે ૯૦૦ પોઇન્ટ ઊછળેલો સેન્સેક્સ અંતે માત્ર ૧૫૦ પોઇન્ટના સુધારે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સરકારે રોટી, કપડાથી માંડીને કાર સુધીની ચીજો પરના જીએસટી દરોમાં ઘટાડો કર્યો હોવાથી સેન્ટિમેન્ટલ પુશને આધારે સત્ર દરમિયાન લગભગ ૯૦૦ પોઇન્ટ સુધી ઊંચે ઊછળ્યા બાદ ખાસ કરીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ફોસિસ સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં પ્રોફિટ બુકિંગને કારણે માત્ર ૧૫૦ પોઇન્ટના સુધારા સાથે સ્થિર થયો હતો.

સેન્સેક્સ ૮૮૮.૯૬ પોઇન્ટ અથવા તો ૧.૧૦ ટકા જેવા ઉછાળા સાથે ૮૦,૭૧૮.૦૧ પોઇન્ટની ઊંચી સપાટીને સ્પર્શીને અંતે માત્ર ૧૫૦.૩૦ પોઇન્ટ એટલે કે ૦.૧૯ ટકાના સુધારા સાથે ૮૦,૭૧૮.૦૧ પોઇન્ટની સપાટીએ, જ્યારે નિફ્ટી સત્ર દરમિયાન ૨૬૫.૭૦ પોઇન્ટ અથવા તો ૧.૦૭ ટકાના ઉછાળા સાથે ૨૪,૯૮૦.૭૫ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ફક્ત ૧૯.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૦૮ ટકાના સુધારે ૨૪,૭૩૪.૩૦ની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં એમએન્ડએમ શરૂઆતમાં આઠેક ટકા ઊછળ્યા બાદ અંતે ૫.૯૬ ટકાના સુધારા સાથે ટોપ ગેઇનર રહ્યો હતો. અન્ય ગેઇનર્સમાં બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, ટ્રેન્ટ, આઇટીસી અને એચડીએફસી બેન્કનો સમાવેશ હતો. જ્યારે સૌથી વધુ ઘટનારા શેરોમાં મારુતી સુઝુકી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એચસીએલ ટેક, એનટીપીસી, પાવરગ્રીડ, ઇન્ફોસિસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ હતો.

સ્ટોક-સ્પેસિફિક કામકાજમાં, જીએસટી ટેક્સમાં ભારે ઘટાડા બાદ બ્રિટાનિયા, બાટા ઇન્ડિયા, મહિન્દ્રા મહિન્દ્રા, આઇશર મોટર્સ, ટીવીએસ મોટરના શેર એકથી છ ટકા સુધી વધ્યા હતા. જીએસટી ૧૨ ટકાથી ઘટાડાથી પાંચ ટકા સુધી ઘટાડાથી બિકાજી, પ્રતાપ સ્નેક્સના શેર ત્રણ ટકા સુધી વધ્યા હતા.

બીએસઈ પર લગભગ ૧૪૦ શેરોએ તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો હતો, જેમાં એમએન્ડએમ, ઝાયડસ વેલનેસ, મહારાષ્ટ્ર સ્કૂટર્સ, મુથૂટ ફાઇનાન્સ, નુવોકો વિસ્ટાસ, કમિન્સ ઇન્ડિયા, આઇશર મોટર્સ, નાયકા, ટીવીએસ મોટર, લેમન ટ્રી હોટેલ્સ, મેરિકો, એલએન્ડટી ફાઇનાન્સ, ડાલમિયા ભારત, એમઆરએફ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઇન્ડિયા સિમેન્ટ્સ, મારુતિ સુઝુકી, પેટીએમ વગેરેનો સમાવેશ થાય છે.

પ્રાઇમરી માર્કેટમાં ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ પ્રોવઇડર દેવ એક્સલરેટર લિમિટેડ રૂ. ૧૪૩ કરોડના જાહેર ભરણાં સાથે ૧૦મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરે છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૬થી રૂ. ૬૧ છે. અપરએન્ડને આધારે કંપનીનું માર્કેટ વેલ્યુએશન રૂ. ૫૫૦ કરોડ જેવું થાય છે. મિનિમમ શેર લોટ ૨૩૫નો છે. ભરણું ૧૨મી સપ્ટેમ્બરે બંધ થશે અને લિસ્ટિંગ ૧૭ સપ્ટેમ્બરે થવાની શક્યતા છે.

નિસસ ફાઇનાન્સ સર્વિસિસ કંપની લિમિટેડની પેટાકંપની, નિસસ ફાઇનાન્સ પ્રોજેક્ટ્સ એલએલપી દ્વારા ન્યૂ કોન્સોલિડેટેડ કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડમાં બહુમતી હિસ્સો હસ્તગત કરવામાં આવ્યો છે. સંપાદનના ભાગ રૂપે, નિસસે પ્રાઈમરી ગ્રોથ કેપિટલ તરીકે એન્સીસિએલમાં રૂ. ૭૦ કરોડનું રોકાણ કર્યું છે. ટેક્સ ૨૮ ટકાથી વધારીને ૪૦ ટકા કરવામાં આવતા ડેલ્ટા કોર્પના શેરમાં આઠ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

તહેવારોની મોસમ પહેલા વપરાશ વધારવા અને અમેરિકામાં ભારે ટેરિફના દબાણને દૂર કરવા માટે સરકારે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં વિવિધ વસ્તુઓ પરના વેરા ઘટાડ્યા બાદ ભારતીય બેન્ચમાર્ક શેરઆંકોમાં પ્રારંભિક સત્રમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૬૦૦ પોઇન્ટના ઊંચા ગેપ સાથે ખૂલ્યા બાદ લગભગ ૯૦૦ પોઇન્ટ સુધી આગળ વધ્યો હતો. જ્યારે નિફ્ટીએ ૨૫,૦૦૦નું સ્તર ફરી અંકે કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સત્રના અંત સુધીમાં મોટાભાગનો સુધારો ધોવાઇ ગયો હતો.

રોટલી, પરાઠાથી લઈને વાળના તેલ, આઈસ્ક્રીમ અને ટીવી સુધીની સામાન્ય ઉપયોગની વસ્તુઓની કિંમત ઓછી થશે, જ્યારે વ્યક્તિગત સ્વાસ્થ્ય અને જીવન વીમા પર કરનો દર શૂન્ય કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા ભારતના જીએસટી ૨.૦ સુધારામાં ઓટો, એફએમસીજી, સિમેન્ટ, વીમા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એપેરલ, ફૂટવેર, હોટેલ્સ, એનબીએફસી, ફર્ટિલાઇઝર અને કાપડ પર કર ઘટાડાનો સમાવેશ થાય છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, હીરો મોટો અને અન્ય ઓટો શેરોમાં આઠેક ટકા સુધીનો ઉછાળો આવ્યો હતો. ઓટો અને એફએમસીજી ક્ષેત્રોમાં છથી બાર મહિનામાં મજબૂત વિકાસની અપેક્ષા છે. વીમા અને વ્યવસાય-કેન્દ્રિત હોસ્પિટાલિટીને ફાયદો થવાની ધારણાં છે.

જીએસટી દરના ઘટાડાને કારણે ખાસ કરીને ઓટો, એફએમસીજી અને ફાઇનાન્શિયલ સ્ટોક્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે ઊર્જા, ધાતુઓ અને તેલ અને ગેસ શેર નબળા રહ્યા હતા.

ઓટો અને કોમ્પોનન્ટ્સ ક્ષેત્રે ૩૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હીલર, નાની કાર અને ઓટો પાર્ટ્સ માટે જીએસટી ઘટાડીને ૧૮ ટકા થવાથી હીરો મોટોકોર્પ, બજાજ ઓટો, એમએન્ડએમ, મારુતિ, ટાટા મોટર્સ, એન્ડ્યુરન્સ ટેક, યુનો મિન્ડા, એક્સાઇડ, મધરસનને ફાયદો થશે.

એફએમસીજી, એપેરલ, ફૂટવેર, સિમેન્ટ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં જીએસટી ઘટાડાથી આઇટીસી, બ્રિટાનિયા, એચયુએલ, નેસ્લે, બાટા, રિલેક્સો, અલ્ટ્રાટેક, અંબુજા, વોલ્ટાસ, હેવેલ્સને લાભ થશે. વીમા, એફએમસીજી, હોટલ, ખાતર અને કાપડ ક્ષેત્રોને લાભ થશે.

એક વિશ્લેષકે જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટના રોજ કરવેરા કાપની જાહેરાત થઈ ત્યારથી જ બજારમાં આ નિર્ણયની અસરો ડિસ્કાઉન્ટ થવા માંડી હતી. એફઆઇઆઇની એકધારી અને મોટી વેચવાલીને કારણે પણ બજારને નુકસાન થયું હતું. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૬૬૬.૪૬ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ ૨,૪૯૫.૩૩ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ડીઆઇઆઇએ પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇક્વિટી ખરીદ્યા છે, જે ગયા વર્ષના સર્વકાલીન ઉચ્ચ સ્તરની નજીક છે. વિદેશી રોકાણકારોએ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતીય બજારોમાંથી ૧.૩ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપાડી લીધી છે.


**શ્રદ્ધાંજલિ**



**આશકરણભાઈ શાંતિલાલ શાહ (અશોકભાઈ)**

**પ્યારા પપ્પા**

અમે તમને ખોયા છે એ મનાતુ નથી. એવુ લાગે છે કે અમે છત્ર છાયા વગરના થઈ ગયા છે, અમારી માટે તમે ભગવાન સમાન રેહશો. તમારૂ પવિત્ર સ્વરૂપ નુ વર્ણન કરવાની અમારી કોઈ લાયકાત નથી. જીવન જીવવાનો હેતુ ચાલ્યો ગયો છે.
તમારા વગર એક એક ક્ષણ પસાર કરવી અમારી માટે બેહદ મુશ્કિલ થશે તમારા દેખાડેલા માર્ગે ચાલવુ એજ તમારા પ્રતિ શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ

**જય, રૂચિતા, ધિયાન અને ધ્રિવા**

**પ્યારા પપ્પા**

પપ્પા, આપ અમારી માટે માત્ર પિતા જ નહીં, પણ એક મિત્ર, માર્ગદર્શક અને શંકર સ્વરૂપ દેવ હતા. આપની સાથે વિતાવેલી હરેક પળ અમારી માટે અવિસ્મરણીય છે.
આપ પાસે બેસી કલાકો આપના બાળપણ અને ધંધાકીય જીવનની વાતો સાંભળવી! ક્યારેક નાની કે મોટી તકલીફો આવતી, તો આપ આપની સૂઝબૂઝથી અમને નીકળવાનો સરળ રસ્તો બતાવતા.
બનીને માર્ગદર્શક, આપ ફરી આવશો ને? મને આંગળી પકડી રાહ દેખાડશો ને? ખોટ રે પડી તમારી! કેમ રે કરી? તમે સિંચેલા સંસ્કારોનું ઋણ અમે ચૂકવી શકીએ એ જ પ્રભુને પ્રાર્થના!

**ફાલ્ગુની હેમંત શાહ અને સેજલ દીપેશ ખંધાર**

**પરમ પૂજ્ય શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ**

આપે સદાય સૌ કુટુંબીજનો પ્રતિ અતિ પ્રેમાળ ભાવના રાખી અને જીવનમાં પરોપકારી ભાવ અમને શીખવ્યો. આપના અવસાન થી અમારા કુટુંબે અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. આપ ઉમદા વ્યક્તિ જ નહીં પણ ઉત્તમ વાતાવરણ હતા. આપ જ્યાં હો ત્યાં પ્રેમ થી છવાઈ જતા હતા. આપની અનુપસ્થિતિ થી અમને કદી ન પૂરાય એવી ખોટ પડી છે. આપના અતિ ઊંડા આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે એ જ અમારા સૌની પ્રાર્થના છે અને રહેશે.

**યશોમતી પ્રમોદ શાહ**
**નીતિન પ્રમોદ શાહ** — **દેવાંગ પ્રમોદ શાહ**
**તૃપ્તિ નીતિન શાહ** — **પૂજા દેવાંગ શાહ**
**અંકિત, રાજ** — **કનય, દ્રિતિ**

**પ્યારા ભાઈ**

કોઈ શબ્દમાં વર્ણવી ન શકીએ તમારી અણધારી આકસ્મિક વિદાયથી અમને બધાને બહુ ખોટ પડી છે.
તમે પરિવારના આધારસ્તંભ હતા. તમે આખા પરિવારને એક તાંતણે બાંધીને રાખતા હતા. ભાઈ-બહેનનો પવિત્ર અને નિસ્વાર્થ પ્રેમ છે અને તમારો પ્રેમ અમને ક્યારે પણ પપ્પાની ખોટ થવા દીધી નથી. તમારા પવિત્ર આત્માને ચીર શાંતિ મળે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

**અ. સૌ. અરૂણાબેન પ્રવીણભાઈ કપાસી**
**સ્વ. સુધાબહેન ચંદુભાઈ પંડ્યા**
**અ. સૌ. રશ્મિબહેન વિક્રમભાઈ બેન્કર**
**અ. સૌ. નીતાબહેન સુભાષભાઈ શાહ**
**અ. સૌ. દેવ્યાનીબહેન શશિકાન્તભાઈ પરીખના**
**જય જીનેન્દ્ર**

**આદરણીય અશોકભાઈ**

આપ સાથેના ઘનિષ્ટ સંબંધ અને તે દરમ્યાન આપ નાની ઉંમરથી ખૂબજ ઉદાર. સૌને - પુરા કુટુંબ દરેક સગાઓ માટે અનહદ પ્રેમ અને લાગણી ખૂબજ હતી અને સૌનુ ભલું થાય, તેમની પ્રગતિ થાય તેવુજ તમારૂ વર્તન હતું - તમે સમાજ ની અનેક વ્યક્તિ તથા સંસ્થાઓને ખૂબજ દાન કર્યું - આ બધાજ ગુણોની અમને પ્રતિતી થાય છે. આપના આત્માને, આપના અનેક સત્કર્મોને લિધે પરમકૃપાળુ પ્રભુ ચીર શાંતિ આપશે - આ માટે પ્રભુ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

**રમેશ હિમ્મતલાલ શાહ**
**ઈન્દીરા રમેશ શાહ**
**પારુલ, સોનુ, ચૌલા, રૂપા**
**સંજીવ જયેશભાઈ શાહ**
**જયરાજ જયેશભાઈ શાહ**

**પ્યારા કાકા**

દુઃખના દરિયા ખેડી તમે, સુખસાગરથી ભરિયા અને શૂન્યમાથી સર્જન કરી, બધે સુવાસ ફેલાવી આપે. ગુમાવ્યું છે અમે શિરછત્ર, પણ ચાલશું આપના માર્ગે લઈ શ્રદ્ધા, ભક્તિ અને સંસ્કાર સાથે.

**લી. અમી સુનિલ વોરા**
**દર્શના ગૌરવ ગોપાણી**

**પરમ પૂજ્ય શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ**

આપના અવસાન ના સમાચાર જાણી અમને સૌને બહુ જ દુઃખ થયું છે. આપ બહુ જ પ્રેમાળ અને ઉદાર માનવી હતા.અમે સૌ પરમ કૃપાળુ પરમાત્મા ને આપના દિવંગત આત્મા ને ચિર શાંતિ આપવા માટે પ્રાર્થના કરીશું.

**રવિકિરણ સિરામિક્સ (પ્રા) લી.**
**કણજરી (ગુજરાત)**
**ના સૌ સ્ટાફ અને કર્મચારી ગણ**

**પરમ પૂજ્ય મામા**

''નાના મામા'' આ શબ્દ એ અમારા બધા માટે ફક્ત એક શબ્દ જ નહીં પણ અનેરી લાગણી, પ્રેમ અને નિત નવીન પ્રેરણા સ્ત્રોત નો પર્યાય છે. આપ અમારા સૌના બાળપણથી જ સાચા માર્ગદર્શક હતા. કુટુંબ પ્રત્યેની લાગણી, પ્રેમ અને સમગ્ર પરિવાર ને એક અતૂટ તાંતણે બાંધી રાખવાની ભાવના વાળું આપનું વ્યક્તિત્વ હતું. આપ શ્રીની ભક્તિ, પ્રેમ, આત્મીયતા, સત્યનિષ્ઠા, અને ન્યાય પ્રિયતા એ અમારા સૌ માટે એક પથપ્રદર્શક અને જીવન જીવવા માટે સાચો પ્રેરણા સ્ત્રોત બની રહેશે.
ભગવાન આપના આત્માને મોક્ષગતિ અર્પે એવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ આપના ભાણેજોના વંદન.

**ભાણેજો**

**પ્યારા નાના**

તમારી હાજરી જ અમારી માટે સૌથી મોટા બ્લેસિંગ હતા. તમારા પૌત્ર-પૌત્રી હોવા છતા, આપણી પેઢી વચ્ચેનું અંતર એવી રીતે પૂર્યું કે જાણે અમે અમારા મિત્ર સાથે વાત કરતા હોઈએ. તમારી સાથે વાત કરવી ખૂબ સરળ હતી કારણ કે તમે સમય સાથે ચાલતા હતા. તમારા દૂરંદેશી વિચારોથી, અને તમારી અમારા પ્રત્યેની લાગણીથી તમે અમને એવો સુંદર રસ્તો બતાવ્યો જેના થી આજે અમે અમારા રિસ્પેકટીવે કેરિયર માં બહુ સારી પોઝિશનમાં છીએ. આની માટે અમે જીવન ભર આભારી રહેશું. સાથે સાથે તમે અમને નૈતિકતાથી જીવવાનુ શીખવાડ્યું એ અમારા માટે ઘણી જ મહત્વની વાત છે.

**આદિત્ય, નંદિશ, નતીશા, ધ્રિશિત**

Bijal Ads


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

# સરકારના આશ્વાસન બાદ ઓબીસી આંદોલન પાછું ખેંચાયું

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના પ્રધાન અતુલ સાવેએ મુલાકાત લઈને ખાતરી આપી કે મરાઠા ક્વોટા અંગેના નિર્ણયથી તેમના અનામતને કોઈ અસર થશે નહીં, ત્યાર બાદ ઓબીસી સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતી એક સંસ્થાએ ગુરુવારે છ દિવસ જૂનું આંદોલન સમાપ્ત કર્યું હતું, એવી માહિતી મળી છે.

'સરકાર ઓબીસી સમુદાયના હાલના અનામતનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે,' એમ સાવેએ નાગપુરમાં આંદોલનકારીઓને કહ્યું હોવાનું તેમની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને બંને નાયબ મુખ્યપ્રધાનો વતી સાવે આંદોલન સ્થળે પહોંચ્યા હતા.

મરાઠા અનામતની માગણી માટે કાર્યકર્તા મનોજ જરાંગેએ મુંબઈના આઝાદ મેદાનમાં બેમુદત ભૂખ હડતાળ શરૂ કર્યાના એક દિવસ પછી, રાષ્ટ્રીય ઓબીસી મહાસંઘે ૩૦ ઓગસ્ટથી નાગપુરના સંવિધાન ચોક ખાતે સાંકળી ભૂખ હડતાળ શરૂ કરી (જુઓ પાનું ૪) ▶▶


## પાત્ર મરાઠાને જ તેમનો અધિકાર મળશેઃ ફડણવીસ

મુંબઈઃ મરાઠા અનામત સંબંધે રાજ્ય સરકારે હૈદરાબાદ ગેઝેટ સ્વીકારવા અને તેને લાગુ કરવા માટે બહાર પાડેલા સરકારી આદેશ (જીઆર)ને પગલે કેટલાક ઓબીસી નેતાઓ અને સંગઠનોએ વિરોધ કર્યો છે. રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન અને ઓબીસી સમાજના નેતા છગન ભુજબળે પણ આ જીઆર સામે વાંધો ઉઠાવ્યો છે. ભુજબળે સ્પષ્ટ કહ્યું છે કે તેઓ આ જીઆર સામે કોર્ટમાં જશે. આ દરમિયાન, એવી ચર્ચા છે કે જ્યારે રાજ્ય (જુઓ પાનું ૪) ▶▶

## ...તો ચૂંટણીમાં ધૂળ ચાટતા કરી દઈશું: જરાંગે

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠા અનામતની લડતના નેતા મનોજ જરાંગેએ ગુરુવારે ચેતવણી આપી હતી કે જો અનામતના મામલે મરાઠાઓ સાથે વિશ્વાસઘાત થશે તો તેઓ ચૂંટણીમાં તેમને (શાસક પક્ષોને) ધૂળ ચાટતા કરી દેશે અને જણાવ્યું હતું કે સમુદાયના તમામ સભ્યોને ઓબીસી કેટેગરીમાં સામેલ કરવામાં આવશે. અનામત આંદોલનના (જુઓ પાનું ૪) ▶▶


Vietnam
11 DAYS



DEP DATES: 06th NOV | 20th NOV | 11th DEC | 25th DEC | 03rd JAN | 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR

PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



કુલીન કુમાર હોલીડેઝ - એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

દક્ષિણ આફ્રિકા
એટલે કુલીન કુમાર સાથે જ
૧૨ રાત્રી / ૧૩ દિવસ



ટૂરના સ્થળો
✦ કેપટાઉન ✦ હરમાનુસ ✦ ગાર્ડન રૂટ ✦ સનસીટી ✦ સફારી ✦ જોહાનિસબર્ગ

ટૂર ની વિશેષતા
▶▶ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા બનાવેલ શુધ્ધ શાકાહારી બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▶▶ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▶▶ ભરપુર સાઇટ સીઈંગનો સમાવેશ
▶▶ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▶▶ કોઈપણ છુપા ખર્ચ વગર
▶▶ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર

ખાસ આકર્ષણઃ Walk with Lion

TTOS RECOGNIZED QUICK & EASY VISA

પ્રસ્થાનઃ ઓક્ટોઃ ૦૧, ૧૮, ૨૧, ૨૪, ૩૦ ▸ નવેઃ ૦૨, ૦૫, ૧૧, ૧૭ ▸ ડિસેં: ૧૦, ૨૨ ▸ જાન્યુ: ૦૪, ૧૬ 4/5★ હોટલો

SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
નવી ઓફિસ શુભારંભ: Plaza Panchshil, Hughes Road, Tel.: +91-22-4355 5555
Opera House Office - Tel.: +91-22-2382 3333
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500
Follow us on @kulinkumarholidays for live tour moments!



IndianSteel ASSOCIATION
Steel Shaping the Future

DEPARTMENT FOR PROMOTION OF INDUSTRY AND INTERNAL TRADE
MINISTRY OF COMMERCE & INDUSTRY
GOVERNMENT OF INDIA

Indian Steel,
Powering MSME Growth.



The **Steel Industry** plays a strategic role in India's growth. MSME are pivotal to India's Manufacturing and Engineering Export.

As the World's **Second-Largest Steel Producer**, India's Steel Sector has continuously supported MSME to rise to global standards.

The Indian Steel Association (ISA), representing the nation's leading steelmakers, is committed to empowering MSME with direct access to quality steel tailored to their specific needs.

To support this initiative, six member companies have offered to supply steel to MSMEs at Member Company-Specific Export Parity Prices in addition to supply of steel at domestic prices.

To avail these offerings, visit the respective member company websites/ nearest sales offices and access the portals directly.

These platforms offer:
- Timely Supplies
- Assured Quality that meets global standards
- Wide Product Range
- Trusted Partnership

**Whether you're building for India or exporting to the world, your success starts with the right steel.**

To register, log on to the websites:

www.amns.in/msmeconnect | https://shop.jindalpanther.com/msme-registration.html | www.jswsteelformsme.in | www.sail-steel.com/cust_enq/MsmeObsLogin.jsp | https://digeca.tatasteel.com/about-digeca | https://esuvidha.vizagsteel.com/rinlesuvidha/index.jsp

Source Smarter. Build Better With Indian Steel.